સાદર રજુ,

સુરત મહાનગરપાલિકા "શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫" ની ઉજવણીના ભાગરૂપે સુરત સુધરાઈના ૧૫૪માં સ્થાપનાદિન નિમિત્તે તા. ૧૫–૦૫–૨૦૦૫ ના રોજથી ઈ–મેગેઝીન શરૂ કરેલ છે. તેમાં પ્રસિધ્ધ કરવા માટે જનસંપર્ક ખાતામાં મળેલ અગત્યની પ્રેસનોટની નકલ આ સાથે સામેલ છે. જે સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ પર પ્રસિધ્ધ થનાર ઈ–મેગેઝીનના અંકમાં પ્રસિધ્ધ કરવા આસી.એકઝીકયુટીવશ્રી આઈ.એસ.ડી. વિભાગમાં મોકલવા મંજૂરી મળવા વિનંતી. **(તા.૩૦/૦૭/૨૦૧૮ થી તા.૨૮/૦૮/૨૦૧૮ સુધી)**

**પ્રેસનોટ નંબર– ૩૦૫ થી ૪૦૬ (આ સાથે સોફટ કોપી સામેલ છે.)**

તૈયાર કરનાર

સેકશન ઓફિસર

જનસંપર્ક અધિકારીશ્રી

આસી.મ્યુ.કમિશનરશ્રી

## સુરત મહાનગર પાલિકા
## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
## અખબારી યાદી

# ડ્રાય ડે

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૨૮/૦૭/૨૦૧૮** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

સેન્ટ્રલ ઝોનમાં પ્રણામી મંદિર, સૈયદપુરા,પખાલીવાડ, ઢીંગલી ફળીયું, ચોકબજર, લકકડ કોટ, સાગર હોટલ, રેશમવાડ સલાબતપુરા, બેગમપુરા જેવા વિસ્તારોમાં,રાંદેર ઝોનમાં ઈશિતા પાર્ક રો હાઉસ, સુભાષ નગર, સાંઈ રચના,શાંતિ સાગર,દિનદયાળ સોસાયટી,દિપાંજલી સોસાયટી.,સંત તુકારામ વિભાગ–૬,સાઈટ એન્ડ સર્વિસ ઝુંપડપટ્ટી જેવા વિસ્તારોમાં, ઉધનાઝોનમાંખત્રીનગર,આશાપુરી–૨,એચ૧૫આવાસ,ગણપતનગર,ઈશ્વરનગર,ગભેણી,જગન્નાથનગર,ગુરૂકૃપાનગરજેવાવિસ્તારોમાં,લિંબાયતઝોનમાંશાહપુરા,હળપતીવાસ,રામનગર,જવાહરનગર,ગાંધીનગર,રામદેવનગર,મહાદેવનગર ૩ અને ૪,પાંડેનગર, ડિંડોલી,બજરંગનગર,ગુ.હાઉસીંગ બોડ, સહજાનંદ સોસા,સંતોષનગર જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં શંભુજી મહોલ્લો,તળાવ પાસે, ઉમરાગામ ,યુ.પી.નગર, સીટીલાઈટ વિસ્તાર,ડો.હેગડેવારનગર, મુકતાનંદ નગર,સર્વોદય વસાહત,સરથાણા ગામ,નવી વસાહત ટેલીફોન એકચેન્જ મેઈન રોડજેવા વિસ્તારોમાં,કતારગામ ઝોનમાં લંકા વીજય ઝુંપડપટ્ટી , જનતાનગર, રહેમતનગર, ગૌતમનગર, ઉત્કલનગર, ઈન્દીરાનગર, મિલીન્દનગર, શાંતિનગર, કાલી બસ્તી, અંગ્રેજી મહોલ્લો, ઉત્રાણ ગામતળ, કોસાડ આવાસ એચ–૨ જેવા વિસ્તારોમાં,વરાછા ઝોનમાં P.M. આવાસ, અમેઝીયા બાંધકામ, વસંતભીખાની વાડી, અશોકનગર, એકતાનગર, દેવજીનગર, મોદી મહોલ્લો, અટલજીનગર, ખોડીયારનગર, સંતલાલ સો., મહાદેવનગર, વિહળનગર, બોતેર કોલોની, આહિર ફળિયું, સિધ્ધેશ્વર સો.આંબેડકર આવાસ, સરથાણા ગામતળ, દિવાળીબા સો., માન સરોવર સો–૧,૨,૩,૪, જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 155787 | 382987 | 1902 | 4434 | 1789 | 6722 | 548 | 105700 | 127 | 153789 | 24515 |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# ગાર્ડન ખાતુ
# સુરત મહાનગરપાલિકા
## ગુજરાત સરકારના સામાજીક વનીકરણ વિભાગના સંયુકત ઉપક્રમે
## ૬૯ માં વન મહોત્સવની ઉજવણી

**૬૯ માં સુરત શહેર કક્ષાના વન મહોત્સવની તા.૨૯/૦૭/૨૦૧૮ ના રોજ** શહેરીજનો અને સ્કુલ/ કોલેજના વિદ્યાર્થીઓની હાજરીમાં વેસ્ટ ઝોનમાં ટી.પી.એસ.નં.૪૪ (જહાંગીરાબાદ),એફ.પી.૭૧, અંકુર હાઈટસ પાસેના વિકાસ પામી રહેલ ગાર્ડનના ખુલ્લા પ્લોટમાં મા.ડે.મેયરશ્રી નિરવ સુરેશચંદ્ર શાહના અધ્યક્ષતામાં શુભારંભ સાથે તમામ ઝોનમાં પણ તા.૩૦/૦૭/૧૮ થી તા.૦૩/૦૮/૧૮ સુધી દૈનિક ૧ (એક) વોર્ડ વિસ્તારમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ જે તે વોર્ડ વિસ્તારના મા.મ્યુ.સભ્યશ્રીઓ સાથે સંકલન કરી નિયત સ્થળે કરવાનું આયોજન પરિશિષ્ટ–અ માં જણાવેલ વિગત મુજબ કરવામાં આવેલ છે.

**<u>પરિશિષ્ટ–અ</u>**

| તારીખ | સેન્ટ્રલ | નોર્થ | વેસ્ટ | સાઉથ વેસ્ટ | સાઉથ | સાઉથ ઈસ્ટ | ઈસ્ટ–અ | ઈસ્ટ–બ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૦/૦૭/૧૮ | ૧૧ | ૨ | ૧ | ૨૦ | ૧૮,૧૯ | ૧૭ | ૩ | ૪ |
| ૩૧/૦૭/૧૮ | ૧૨ | ૬ | ૯ | ૨૧ | ૨૩ | ૧૮ | ૫ | ૧૩ |
| ૦૧/૦૮/૧૮ | ૧૯ | ૭ | ૧૦ | ૨૨ | ૨૭ | ૨૪ | – | ૧૪ |
| ૦૨/૦૮/૧૮ | ૨૦ | ૮ | – | – | ૨૮ | ૨૫ | – | ૧૫ |
| ૦૩/૦૮/૧૮ | – | – | – | – | ૨૯ | ૨૬ | – | ૧૬ |

૬૯ માં વનમહોત્સવની ઉજવણીમાં શહેર હદ વિસ્તારના મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનોની હાજરીમાં બોરસલ્લી, સપ્તપર્ણી, ફાયકસ, એરીકા પામ, વિગેરે જાતના કુલ – ૫૭૦ નંગ વૃક્ષોના રોપાનું પ્લાન્ટેશન ગુરૂકૃપા સ્કુલ, એમ. વી. વિદ્યાપીઠ તેમજ અન્ય શાળાનાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ સાથે તા.૨૯/૦૭/૧૮ નાં રોજ કરવામાં આવેલ હતું. તેમજ હાજર મ્યુ.પદાધિકારીશ્રીઓ અને મ્યુ.સભ્યશ્રીઓ, સુ.મ.પા.ના અધિકારીશ્રીઓ અને સામાજીક વનીકરણ વિભાગના અધિકારીશ્રીઓના વરદ હસ્તે તુલસીના કુલ – ૩૪૦ સહિત જાસુદ, આસોપાલવ, કરણ, ટેકોમા, હેમેલીયા, એકેલીફા, ગરમાળો, સ્પેથોડીયા વિગેરે વિવિધ પ્રકારના રોપાઓનું શાળાના વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ અને નગરજનોને સ્થળ પરથી કુલ ૧૫૨૦ રોપાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ હતું.

વધુમાં ૬૯ માં વન મહોત્સવ ઉજવણી દરમ્યાન જે તે ઝોનમાં નગરજનોને જરૂરી રોપા સરળતાથી મળી રહે તે માટે પરિશિષ્ટ–બ માં જણાવ્યા મુજબ **તા.૩૦/૦૭/૧૮ થી તા.૦૩/૦૮/૧૮** દરમ્યાન વિનામૂલ્યે રોપા મળી રહે તે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

**પરિશિષ્ટ – બ**

| ઝોન | સ્થળ |
|---|---|
| ઈસ્ટ | મહારાણા પ્રતાપ ઉધાન – નાના વરાછા, |
| | શહીદ વીર ભગતસિંહ ઉધાન – ત્રિકમ નગર |
| | મોટા વરાછા લેક ગાર્ડન |
| નોર્થ | ડૉ. શ્યામા પ્રસાદ મુખરજી લેક ગાર્ડન, કાંસાનગર |
| વેસ્ટ | જયોતિન્દ્ર દવે ઉધાન, જોગાણી નગર, |
| | સુભાષ ગાર્ડન , મોરાભાગળ |
| સાઉથ વેસ્ટ | લેકવ્યુ ગાર્ડન, પીપલોદ, |
| | જવાહરલાલ નહેરૂ ઉધાન, અઠવાલાઈન્સ |
| સાઉથ | ઝાંસી કી રાણી ઉધાન, મીરાનગર, |
| | શેઠશ્રી નવિનચંદ્ર મફતલાલ ઉધાન, ભેસ્તાન |
| સાઉથ ઈસ્ટ | લિંબાયત ઝોન ઓફિસ, ડુંભાલ |
| | મહર્ષિ આસ્તિક ઋષિ લેક ગાર્ડન, ગોડાદરા |
| સેન્ટ્રલ | ગાંધીબાગ, ચોક |

# પ્રેસનોટ

મા. કમિશ્નરશ્રીની સુચના અન્વયે આજે તા. ૩૦–૦૭–૨૦૧૮ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં જુદા જુદા ઝોનવિસ્તારમાં જાહેર સ્થળો પર ઢોરને ખવડાવવામાં માટે ઘાસ વેચતા સ્થળોનું આકસ્મિક ચેકીંગ હાથ ધરી જાહેર સ્થળ પર ગંદકી કરતા ઈસમો સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

૧. જાહેર સ્થળ પર ઢોર માટે ઘાસનું વેચાણ કરતા સ્થળોની સંખ્યા – ૪૮

૨. વસુલ કરવામાં આવેલ વહીવટી ખર્ચ – રૂા. ૩૭૦૦/–

૩. ઈસમોની સંખ્યા – ૪૬

૪. ગંદકી કરતા ઈસમોને પાઠવેલ નોટીસની સંખ્યા – ૩૫

સદર ઝુંબેશ આગામી દિવસોમાં ચાલુ રાખવામાં આવશે.

# પ્રેસનોટ

મા. કમિશ્નરશ્રીની સુચના અન્વયે તા. ૨૮–૦૭–૨૦૧૮ થી ૩૦–૦૭–૨૦૧૮ નાં દરમ્યાનસુરત મહાનગરપાલિકાનાં જુદા જુદા ઝોનવિસ્તારમાં પાણીપુરીનું વેચાણ કરતી લારીઓ, સંસ્થાઓ વિગેરેનું આકસ્મિક ચેકીંગ હાથ ધરી ગંદકી કરતી સંસ્થાઓ તથા લારીઓ સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવેલ છે. જેની વિગતઆ સાથે સામેલ છે.

| અ.નં. | ઝોનનું નામ | ચેક કરેલપાણીપુરીની લારી | ઈસમની સંખ્યા | વસુલ કરેલવહીવટીખર્ચ | અખાધનો નાશ (કી.ગ્રા.) | જપ્ત કરેલપાણીપુરીનું પાણી (લીટરમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ | ૧૩૩ | ૧૧૫ | ૧૮૫૦૦ | ૧૩૫ | ૪૨૨ |
| ૨ | વરાછા | ૨૮૩ | ૧૯૧ | ૨૯૩૦૦ | ૪૯૦ | ૮૮૮ |
| ૩ | રાંદેર | ૧૩૦ | ૧૩૦ | ૯૨૦૦૦ | ૧૩૧ | ૯૦૪ |
| ૪ | કતારગામ | ૩૧૪ | ૨૪૫ | ૨૪૭૦૦ | ૮૭ | ૩૫૯ |
| ૫ | ઉધના | ૨૪૪ | ૧૭૬ | ૨૪૮૦૦ | ૨૨૨ | ૫૯૦ |
| ૬ | અઠવા | ૧૭૦ | ૯૮ | ૪૦૫૦૦ | ૧૧૦ | ૧૭૭ |
| ૭ | લિંબાયત | ૧૨૧ | ૨૯૭ | ૭૯૦૦ | ૯૩ | ૨૫૫ |
| | **કુલ** | **૧૩૯૫** | **૧૨૫૨** | **૨૩૭૭૦૦** | **૧૨૬૭.૨૦૦** | **૩૫૯૪.૫** |

# <u>પ્રેસનોટ</u>
# પૂર્વ ઝોન (વરાછા)
# સુરત મહાનગરપાલિકા

પૂર્વઝોન(વરાછા), આરોગ્ય વિભાગ દ્વારા તમામ વોર્ડ ઓફિસના વિસ્તારમાં તા.૩૧/૦૭/૧૮ ના રોજ પુણા ગામ વિસ્તારમાં સઘન પ્લાસ્ટિક ઝુંબેશ કરવામાં આવેલ. જેમાં મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક, મદદનીશ આરોગ્ય નિરીક્ષકો એ પોતાના વોર્ડ વિસ્તારમાં સઘન કામગીરી કરાવેલ. જેમા પાનના ગલ્લા તથા પ્લાસ્ટિક વેચાણ કરતી સંસ્થાઓ પાસેથી પ્રતિબંધીત પ્લાસ્ટિક , ખાસ કરીને માવાના પ્લાસ્ટિકનુ વેચાણ કરતી ૬૦ સંસ્થાઓ પાસેથી ૭૬૫.૩ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્ત કરી રૂા. ૨૬૦૦૦/– વહીવટી પરચુરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ.

વધુમાં સદર ચેકીંગ દરમયાન માવામાં વપરાતા પ્લાસ્ટિકનો વપરાશ કરતા સુર્યનગર સોસાયટી પુણાગામ પાસેના **" વન મેન અ–સ્પેશ્યલ કોટેડ પેપર પ્રોડકટ ઓફ પિનાક ટોબેકો હાઉસ"** ના વિક્રેતા પાસેથી કુલ રૂા.૧૫૦૦૦/– (અંકે પંદર હજાર પૂરા) વહિવટી પરચુરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. તથા કુલ **૭૫૦ કિ.ગ્રા.** પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ છે. તેમજ જપ્ત કરેલ પ્લાસ્ટિકનો જથ્થો સુરત મહાનગરપાલિકા દ્વારા નિયુકત કરેલ ઈજારદારને આપવામાં આવશે.

# <u>પ્રેસનોટ</u>

**સરકારશ્રીનાં જીવલેણ એવા શીતળા નાબુદી રસીકરણ અભિયાનના ભાગરૂપે સને ૧૯૭૯ થી આ શીતળાનો રોગ સંપૂર્ણ નાબુદ થયેલો છે. જેનાં આપ વાલી/વડીલો/શિક્ષકો–સાક્ષી છો. જયારે આવા જ પોલીયો નાબુદી અભિયાનમાં પણ આપ વાલી/વડીલોશ્રીના સહયોગથી જ ભારત દેશને ૨૦૧૬ થી પોલીયો મુકત જાહેર કરવામાં આવેલ છે.**

આ મીઝલ્સ–રૂબેલા રસીકરણ કેમ્પેઈન પણ આ જ દિશામાં સને ૨૦૨૦ સુધીમાં મીઝલ્સ નાબુદી અને રૂબેલા નિયંત્રણના ધ્યેયના ભાગરૂપે તા.૧૬/૦૭/૨૦૧૮ થી તા.૧૯/૦૮/૨૦૧૮ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે. જેનાં **પ્રથમ ચૌદ દિવસ**માં શહેરની કુલ ૧૩૫૪ પ્રતિષ્ઠિત ખાનગી / સરકારી શાળાઓમાં તાલીમબધ્ધ મેડીકલ ઓફીસરની નિગરાની હેઠળ રસીકરણની કામગીરી હાથ ધરી **કુલ ૫૩૫૭ સેશનમાં <u>૬,૧૩,૪૭૨</u> બાળકોને આ મીઝલ્સ–રૂબેલાની રસી આપી સુરક્ષિત કરવામાં આવેલ છે. આમ, કુલ છ<u> લાખ તેર હજારથી વધુ બાળકોને</u> આ ચૌદ દિવસ દરમ્યાન રસી આપ્યા બાદ કોઈપણ બાળકને આડ અસર થયેલ નથી. જેથી, આ રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે.**

ઉપરોકત કામગીરી જોતાં શહેરના જાગૃત વાલીઓ તથા શાળાના શિક્ષકગણ દ્વારા સારો પ્રતિસાદ મળી રહયો છે. વધુમાં, આ રસી સંદર્ભે કોઈ **<u>ખોટી અફવા / ભ્રામક વોટસએપ મેસેજ/સમાચારથી ગેરમાર્ગે ન દોરવાઈ જઈ</u>** આપના બાળકને આ રસી અપાવી સરકારશ્રીનાં મીઝલ્સ–રૂબેલા રસીકરણ અભિયાનમાં શિક્ષકો/વાલીઓ બહોળી સંખ્યામાં જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમુલ્ય યોગદાન આપે તે માટે સુરત મહાનગરપાલિકા તરફથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આ અભિયાન દરમ્યાન ૯ માસથી ૧૫ વર્ષ સુધીનાં તમામ અંદાજે ૧૩,૧૫,૫૦૦ જેટલાં બાળકોને તા.૧૯/૦૮/૨૦૧૮ સુધી આ રસી આપવામાં આવનાર છે. જેમાં શરૂઆતનાં ૧૫ દિવસમાં તમામ શાળાઓ આવરી લેવામાં આવશે. ત્યાર બાદ વિસ્તારમાં નકકી કરવામાં આવેલા સ્થળઓએ સેશન યોજી શાળામાં બાકી રહેલા અને શાળાએ ન જતા બાળકોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત શહેરની હંગામી મજૂર વસાહતો,પેરી અર્બન એરીયા,સ્લમ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર,કન્સ્ટ્રકશન સાઈડ,કડીયા નાકા,ધાર્મિક સ્થળો, ઓવર બ્રિજ નીચે તથા નદી કિનારા વિગેરે સ્થળોએ મોબાઈલ ટીમો મારફતે કામગીરી કરવામાં આવશે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ કુલ ૪૮ શહેરી આરોગ્ય કેન્દ્રો પરથી પણ દરરોજ આ રસીકરણ કાર્યરત છે.

**<u>નોંધ</u> :– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના બાળકને અગાઉ " મીઝલ્સ–રૂબેલા " ની રસી અપાવી હોય તો પણ આ અભિયાન દરમ્યાન આ રસી જરૂરથી અપાવી રક્ષિત કરશો.**

**ચાલો આપણે સૌ સાથે મળી**

**મીઝલ્સને નાબુદ અને રૂબેલાને નિયંત્રીત કરીએ.....**

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત શહેરના શહેરીજનો માટે અનેક લોકોપયોગી યોજનાઓ થકી વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. જેના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા પરફોર્મિંગ આર્ટ સેન્ટર ખાતે નવોદિત કલાકારો માટે પ્રથમ વખત રાહત દરે વિવિધ એકટીવીટી કલાસ તા.૦૧/૦૫/૨૦૧૮ થી ત્રણ માસ માટે શરૂ કરવામાં આવેલ. જે એકટીવીટી કલાસમાં પ્રથમ તબકકામાં...

- ડાન્સ કલાસ
- એરોબીકસ કલાસ
- મ્યુઝિક કલાસ ફોર ગિટાર
- મ્યુઝિક કલાસ ફોર વોકલ
- ડ્રોઈંગ કલાસ ફોર પ્રોફેશનલ તેમજ
- હેન્ડ રાઈટીંગ કલાસ શરૂ કરવામાં આવેલ.

સદર વર્ગોમાં સુરત શહેરના કુલ–૨૯૧ જેટલા નવોદિત કલાકારોએ સક્રિય રીતે ભાગ લઈ વિવિધ વર્ગોનો લાભ લીધેલ હતો. આ વર્ગોનો આજરોજ અંતિમ દિવસ હોય, ભાગ લેનાર નવોદિત કલાકારોએ જે તે વર્ગોમાં ત્રણ માસ દરમ્યાન જે કઈ તાલીમ મેળવેલ તે તાલીમ અન્વયે સ્ટેજ પરફોર્મન્સ થકી પોતાનામાં રહેલી કુશળતા દર્શાવવા અંગે એક શોનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમના આરંભે પરફોર્મિંગ આર્ટ સેન્ટરના મેનેજરશ્રી ધવલ ગાંધી ધ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ. તથા દિપપ્રાગટય ગણેશવંદના કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ. ત્યારબાદ માન.મેયરશ્રી ધ્વારા ઉદ્દબોધન કરવામાં આવેલ. માન.મેયરશ્રીએ પોતાના ઉદ્દબોધનમાં સુરત મહાનગરપાલિકા સુરત શહેરના શહેરીજનોને પાણી, રોડ–રસ્તા, લાઈટ વિગેરે જેવી પ્રાથમિક સુવિધાઓની સાથે સાથે કલા ક્ષેત્રે પણ વિવિધ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં અવ્વલ છે. જો કલાને રાજયાશ્રય મળે તો આવી પ્રવૃતિઓ આગવી રીતે વિકાસ પામે છે જે સુરત શહેરમાં વિકાસ પામેલ છે, અને તે સુરત મહાનગરપાલિકાને આભારી છે.વધુમાં તેમણે આજના કાયક્રમમાં ભાગ લેનાર તમામ કલાકારોનો તથા હાજર રહેલ શહેરીજનોનો આભાર વ્યકત કરેલ.

આ પ્રસંગે માન.ડે.મેયરશ્રી નિરવભાઈ શાહ, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી અનીલભાઈ ગોપલાણી, માન.દંડક, શાસકપક્ષ શ્રીમતી દક્ષાબેન જરીવાલા, વિવિધ સમિતિના માન.અધ્યક્ષશ્રીઓ, માન.મ્યુ.સદસ્યશ્રીઓ તથા શહેરીજનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.









# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીૠતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે. જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭ થી દર વર્ષે જુદા–જુદા ઝોન વિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આમ ૨૦૦૭ થી ૨૦૧૭ દરમ્યાન કુલ ૧૪૮ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૮ નાં ૩ (ત્રણ) મેડીકલ કેમ્પ મળી કુલ ૧૫૧ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં જાહેરજનતા તરફથી સારો એવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૮ માં તા.૦૪/૦૮/૨૦૧૮ને શનિવારનાં રોજ લીબાયત શહેરી આરોગ્ય કેન્દ્ર, મારૂતિ નગર ચાર રસ્તા, લિંબાયત સુરત ખાતે ચોથો વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે. જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશે તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગોદ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારાઆરોગ્ય શિક્ષણ તેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્ય વિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૦૧/૦૮/૧૮ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ કામગીરી કરવામાં આવેલ છે.

સા–ઈસ્ટ ઝોનના પર્વત ગોડાદરા યુનિટ દ્વારા તા.૦૧/૦૮/૨૦૧૮ ના રોજ EWS આવાસ પ્રિયંક સીટી લાઈટ પાસે પર્વત ગામ માં બાંધકામ માં બ્રિડીગ મળતા ૫૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે,EWS આવાસ વ્રજભુમિ સોસા પાસે પર્વત ગામ બ્રિડીગ મળતા ૫૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે,ઋષીકેશ એન્કલ્વ ગોડાદરામાં બ્રિડીગ મળતા ૨૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે,લિંબાયત યુનિટ દ્વારા રતનજીનગર પ્લોટ નં–૨૫, ૨૬ નાં બાંધકામ માં ૧૮૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# <u>પ્રેસનોટ</u>

**સરકારશ્રીનાં જીવલેણ એવા શીતળા નાબુદી રસીકરણ અભિયાનના ભાગરૂપે સને ૧૯૭૯ થી આ શીતળાનો રોગ સંપૂર્ણ નાબુદ થયેલો છે. જેનાં આપ વાલી/વડીલો/શિક્ષકો–સાક્ષી છો. જયારે આવા જ પોલીયો નાબુદી અભિયાનમાં પણ આપ વાલી/વડીલોશ્રીના સહયોગથી જ ભારત દેશને ૨૦૧૬ થી પોલીયો મુકત જાહેર કરવામાં આવેલ છે.**

આ મીઝલ્સ–રૂબેલા રસીકરણ કેમ્પેઈન પણ આ જ દિશામાં સને ૨૦૨૦ સુધીમાં મીઝલ્સ નાબુદી અને રૂબેલા નિયંત્રણના ધ્યેયના ભાગરૂપે તા.૧૬/૦૭/૨૦૧૮ થી તા.૧૯/૦૮/૨૦૧૮ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે. જેનાં **પ્રથમ પંદર દિવસ**માં શહેરની કુલ ૧૩૯૮ પ્રતિષ્ઠિત ખાનગી / સરકારી શાળાઓમાં તાલીમબધ્ધ મેડીકલ ઓફીસરની નિગરાની હેઠળ રસીકરણની કામગીરી હાથ ધરી **કુલ ૫૭૦૭ સેશનમાં <u>૬,૪૨,૩૪૩</u> બાળકોને આ મીઝલ્સ–રૂબેલાની રસી આપી સુરક્ષિત કરવામાં આવેલ છે. આમ, કુલ છ<u> લાખ બેંતાલીસ હજારથી વધુ બાળકોને</u> આ પંદર દિવસ દરમ્યાન રસી આપ્યા બાદ કોઈપણ બાળકને આડ અસર થયેલ નથી. જેથી, આ રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે.**

ઉપરોકત કામગીરી જોતાં શહેરના જાગૃત વાલીઓ તથા શાળાના શિક્ષકગણ દ્વારા સારો પ્રતિસાદ મળી રહયો છે. વધુમાં, આ રસી સંદર્ભે કોઈ **<u>ખોટી અફવા / ભ્રામક વોટસએપ મેસેજ/સમાચારથી ગેરમાર્ગે ન દોરવાઈ જઈ</u>** આપના બાળકને આ રસી અપાવી સરકારશ્રીનાં મીઝલ્સ–રૂબેલા રસીકરણ અભિયાનમાં શિક્ષકો/વાલીઓ બહોળી સંખ્યામાં જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમુલ્ય યોગદાન આપે તે માટે સુરત મહાનગરપાલિકા તરફથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આ અભિયાન દરમ્યાન ૯ માસથી ૧૫ વર્ષ સુધીનાં તમામ અંદાજે ૧૩,૧૫,૫૦૦ જેટલાં બાળકોને તા.૧૯/૦૮/૨૦૧૮ સુધી આ રસી આપવામાં આવનાર છે. જેમાં શરૂઆતનાં ૧૫ દિવસમાં તમામ શાળાઓ આવરી લેવામાં આવશે. ત્યાર બાદ વિસ્તારમાં નકકી કરવામાં આવેલા સ્થળઓએ સેશન યોજી શાળામાં બાકી રહેલા અને શાળાએ ન જતા બાળકોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત શહેરની હંગામી મજૂર વસાહતો,પેરી અર્બન એરીયા,સ્લમ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર,કન્સ્ટ્રકશન સાઈડ,કડીયા નાકા,ધાર્મિક સ્થળો, ઓવર બ્રિજ નીચે તથા નદી કિનારા વિગેરે સ્થળોએ મોબાઈલ ટીમો મારફતે કામગીરી કરવામાં આવશે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ કુલ ૪૮ શહેરી આરોગ્ય કેન્દ્રો પરથી પણ દરરોજ આ રસીકરણ કાર્યરત છે.

**<u>નોંધ</u> :– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના બાળકને અગાઉ " મીઝલ્સ–રૂબેલા " ની રસી અપાવી હોય તો પણ આ અભિયાન દરમ્યાન આ રસી જરૂરથી અપાવી રક્ષિત કરશો.**

**ચાલો આપણે સૌ સાથે મળી**

**મીઝલ્સને નાબુદ અને રૂબેલાને નિયંત્રીત કરીએ.....**

# પ્રેસનોટ

મા. કમિશ્નરશ્રીની સુચના અન્વયે તા. ૦૧–૦૮–૨૦૧૮ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં જુદા જુદા ઝોનવિસ્તારમાં પાણીપુરીનું વેચાણ કરતી લારીઓ, સંસ્થાઓ વિગેરેનું આકસ્મિક ચેકીંગ હાથ ધરી ગંદકી કરતી સંસ્થાઓ તથા લારીઓ સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવેલ છે. જેની વિગતઆ સાથે સામેલ છે. સદર ઝુંબેશ આગામી દિવસોમાં ચાલુ રાખવામાં આવશે.

| અ.નં. | ઝોનનું નામ | ચેક કરેલપાણીપુરીની લારી | ઈસમની સંખ્યા | વસુલ કરેલવહીવટીખર્ચ | અખાધનો નાશ (કી.ગ્રા.) | જપ્ત કરેલપાણીપુરીનું પાણી (લીટરમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ | ૧૯ | ૧૧ | ૨૨૦૦ | ૨૭.૦૦૦ | ૫૯.૦૦ |
| ૨ | વરાછા | ૬૩ | ૪૦ | ૬૪૫૦ | ૨૧.૦૦૦ | ૮૯.૦૦ |
| ૩ | રાંદેર | ૪૮ | ૪૮ | ૩૮૦૦ | ૨૪.૬૦૦ | ૪૪.૦૦ |
| ૪ | કતારગામ | ૮૯ | ૪૮ | ૫૫૦૦ | ૨૭.૦૦૦ | ૩૬.૫૦ |
| ૫ | ઉધના | ૯ | ૩ | ૧૧૦૦ | ૫.૦૦૦ | ૪.૦૦ |
| ૬ | અઠવા | ૩૪ | ૧૫ | ૨૧૦૦ | ૭.૩૫૦ | ૧૪.૦૦ |
| ૭ | લિંબાયત | ૨૪ | ૧૦ | ૧૩૦૦ | ૧૯.૨૦૦ | ૨૩.૦૦ |
| **કુલ** | | **૨૮૬** | **૧૭૫** | **૨૨૪૫૦** | **૧૩૧.૧૫૦** | **૨૬૯.૫૦** |

# પ્રેસનોટ

## " મે.કમિશનરશ્રી,સુરત મહાનગરપાલિકાની સુચના અનુસાર
## વી.બી.ડી.સી.વિભાગ,સેન્ટ્રલઝોન દ્વારા કરવામાં આવેલ ઝુંબેશરૂપે કામગીરી "

મે.કમિશનરશ્રી,સુરત મહાનગરપાલિકાની સુચના અનુસાર વી.બી.ડી.સી. વિભાગ, સેન્ટ્રલ ઝોન દ્વારા હાલમાં ચોમાસાની ઋતુ દરમ્યાન ખાતાકીય તમામ કામગીરી ઝુંબેશરૂપે કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોન, વી.બી.ડી.સી. વિભાગ દ્વારા મેલેરીયા જુલાઈ માસમાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ – ૧૭૫૬૪૦ ઘરો સર્વે કરી જેમાંથી ૨૨૨૯ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે તેમજ સર્વે દરમ્યાન મળેલ બ્રિડીંગ માટે જવાબદાર એવા કુલ–૧૧૩૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ હતી.જેમાંથી કુલ–૨૪ ઈસમો સામે કોર્ટ કેસની કાર્યવાહી કરવામાં આવેલ છે અને સર્વે દરમ્યાન બીન વપરાશી એવા કુલ–૩૯૨૭ કન્ટેનરો જપ્ત કરવામાં આવેલ છે.

પેરાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ – ૧૦૫૦ બાંધકામો સર્વે કરી જેમાંથી ૫૬૬ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે અને ક્ષતિ જણાયેલ ઈસમો જેવા કે ધી ઈમ્પીરીયા ડેવલોપમેન્ટ , રીંગરોડ બાંધકામમાંથી રૂપિયા ૨૫૦૦૦/–,એસ.એમ.સી.મુખ્ય કચેરી સામે,મુગલીસરા બાંધકામ માંથી રૂપિયા ૮૦૦૦/– અને ૪૦૦૦/–,ઈન્દરપુરા,ચલમવાડ બાંધકામમાંથી રૂપિયા ૨૦૦૦/–, દક્ષિણી મહોલ્લા બાંધકામમાંથી રૂપિયા –૨૦૦૦/–, નાણાવટ મ.રોડ બાંધકામમાંથી રૂપિયા ૧૫૦૦/–, શેત્રુંજીવાડ બાંધકામમાંથી રૂપિયા ૨૦૦૦, ૩/૨૬૯૭ મોમનાવાડ બાંધકામમાંથી રૂપિયા ૨૦૦૦, તાડવાડી શેરી બાંધકામમાંથી રૂપિયા ૧૫૦૦, રામલાલ આહીરના બાંધકામમાંથી રૂપિયા ૨૫૦૦/– મોટીબેગમવાડી બાંધકામમાંથી રૂપિયા ૨૦૦૦/– સગરામપુરા મે.રોડ બાંધકામમાંથી રૂપિયા ૨૦૦૦/– , લાલભાઈ કોન્ટ્રકટર બિલ્ડીંગ નાનપુરા બાંધકામમાંથી રૂપિયા ૨૦૦૦/– તાડવાડી શેરી બાંધકામમાંથી રૂપિયા ૨૦૦૦/–,એમ કુલ રૂપિયા ૫૬૦૦૦/– નો વહિવટી પરચુરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. તેમજ અન્ય ન્યુસન્સ કરતા ઈસમો પાસેથી રૂપિયા ૫૨૯૦૦/– વહિવટી પરચુરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

સમગ્ર સેન્ટ્રલ ઝોનમાં આવેલા કુલ ૮૩ ખુલ્લા પ્લોટોનું સર્વે કરીને તમામને આપવા જોગ આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ આપવામાં આવેલ છે. વધુમાં, કુલ – ૧૬ પ્લોટો એવા છે કે જેમાં પાણી ભરાવાની શકયતા છે, જેમાંથી કુલ – ૦૭ પ્લોટોમાં માટી પુરાણ કરેલ છે, કુલ – ૦૬ પ્લોટોમાં નીક પાડેલ છે તેમજ કુલ – ૦૩ પ્લોટોમાંથી ૩૫૦૦/– વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે.

વધુમાં ગોપીપુરા તેમજ બેગમપુરા વિસ્તારમાંના શિક્ષકો તેમજ વિધાર્થીઓ સાથે ડ્રાય ડે ની કામગીરી દરમ્યાન મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે.તેમજ કુલ–૨૮ શાળાઓના કુલ–૧૦૪૪૨ વિધાર્થીઓને ડેન્ગ્યુ કાર્ડનું વિતરણ કરી તેમના દ્વારા મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે.

૩૧૮

# પ્રેસ નોટ

## વિજ્ઞાન મેળો – ૨૦૧૮

સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૦૩ અને ૦૪ ઓગષ્ટ, ૨૦૧૮ના રોજ સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૪:૦૦ કલાક સુધી સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરીના ભોંયતળીયે ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે "Swachh Surat, Green Surat" / ''સ્વચ્છ સુરત, હરિયાળુ સુરત'' વિષય આધારિત ''વિજ્ઞાન મેળા''નું આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેરને સ્વચ્છ અને હરિયાળુ શહેર કેવી રીતે બનાવી શકાય તેના સંદર્ભમાં સુરત શહેરની ૨૭ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ સંશોધનાત્મક વિચારો સહિતના ૩૨ પ્રોજેકટસ પ્રદર્શિત કરવામાં આવનાર છે. ''વિજ્ઞાન મેળા''નું ઉદ્દઘાટન મા. મેયરશ્રીના શુભ હસ્તે તા. ૦૩/૦૮/૨૦૧૮ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. આ વિજ્ઞાન મેળો તા. ૦૩ અને ૦૪ ઓગષ્ટ, ૨૦૧૮ ના સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૪:૦૦ કલાક સુધી ખુલ્લો રહેશે, જેનો લાભ જાહેર જનતા લઈ શકશે.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

**સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરી એક જ અઠવાડીયામાં તમામ બાંધકામો ,ખુલ્લા પ્લોટો અને ૮૦ % કરતાં વધારે રહેણાંક મકાનોમાં ૨૫૩૦૦૮૨ ઉત્પતિસ્થાનો માંથી ૧૧૧૫૦ મચ્છરોનાં બ્રીડીંગોનો નાશ કર્યો. આ કામગીરીમાં વીબીડીસી વિભાગનાં ૧૭૦૦ જેટલા કર્મચારીઓ ઉપરાંત ૯૭ શાળાઓના ૬૮૧૨ બાળકોએ પણ શાળાની આજુબાજુ તથા પોતાના ઘરોમાં મચ્છરોની તપાસ કરી મહાનગરપાલિકાની ઝુંબેશમાં ભાગીદાર બન્યા તા.૨૪/૦૭/૧૮ થી તા.૩૧/૦૭/૧૮ ગત વીક દરમ્યાન રોજ જુદા–જુદા ઝોનોમાં મચ્છર જન્ય રોગ અટકાયત માટે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ હતી.**

જુલાઈ માસ દરમિયાન સળંગ વીસ દીવસ જેટલો વરસાદ પડવાનાં કારણે વી.બી.ડી.સી વિભાગની કામગીરી સતત વરસાદનાં કારણે અસરકારક રીતે થઈ શકેલ નહી ત્યારબાદ વરસાદે વિરામ લેતાં મ્યુ. કમિશ્નરશ્રી ધ્વારા વી.બી.ડી.સી વિભાગની કામગીરી ને અસરકારક બનાવી સમગ્ર સુરત શહેરને એક અઠવાડીયામાં કવર કરવા અને શકય તેટલા મચ્છરોનાં ઉત્પતિ સ્થાનો ચેક કરી નાશ કરવા સુચના આપવામાં આવેલ અને જરૂર જણાયે વધારોનો મેન પાવર રોકવા તથા હાલમાં જે મેન પાવર ઉપલબ્ધ છે તેમની પાસેથી સવાર અને સાંજ બન્ને પાળીમાં જરૂર જણાયે વધારાનાં કલાકો કામગીરી કરાવી શહેરીજનોનું આરોગ્ય જળવાઈ રહે તે માટે ઘનિષ્ઠ ઝુંબેશરૂપે કામગીરી કરવા જણાવેલ. જેના અનુસંધાને વધારાનાં ૧૬૦ સર્વલન્સ વર્કરો તેમજ ૪(ચાર)કલાક માટે વધારાનાં ૨૭૦ ફીલ્ડ વર્કરો રોકી ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ.

ગત અઠવાડીયા દરમ્યાન વરસાદનું પાણી ભરાયેલ તેવા ૨૬૩૮ ખુલ્લા પ્લોટો પૈકી ૧૦૦% વિસ્તાર કવર કરવામાં આવેલ છે. જેમાં ૮ પ્લોટોમાં ડીવોટરિંગની કામગીરી કરાવામાંઆવી, ૨૬૮ પ્લોટોમાં JCB

થી તેમજ ૯૩૯ પ્લોટોમાં મેન્યુઅલી નીક પાડવામાં આવી હતી. ૧૧૯ પ્લોટોમાં પોરાભક્ષક માછલીઓ મુકવામાં આવી હતી અને ૧૩૦૪ પ્લોટોમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

ગત અઠવાડીયા દરમ્યાન શહેરનાં બાંધકામોમાં સર્વ કરવામાં આવેલ જે દરમ્યાન ૨૧૪૭ બાંધકામોમાં ૮૩૦૨૪ સ્પોટ ચેક કરતાં ૧૨૯૦ બ્રિડીંગ મળી આવેલ જેમાં જતુંનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે. બાંધકામોમાં મજૂરોને મચ્છરદાનીમાં સુવા માટે જણાવવામાં આવેલ.

કુલ અંદાજે ૧૨,૦૦૦૦૦ જેટલી રહેણાંક પ્રીમાઈસીસો પૈકી **૧૦૫૪૦૨૩** રહેણાંક ઘરો સર્વે કરી **૮૦%** વિસ્તાર વધારાનો મેન પાવર ફાળવી એક અઠવાડીયામાં કવર કરવામાં આવેલ છે. જેમાં અગાઉનાં વીકમાં **૫૩૫૨૦૪** ઘરો સામે ગત વીકમાં **૧૦૫૪૦૪૩** ઘરો સર્વે કરવામાં આવ્યા હતા. જે દરમ્યાન કુલ **૬૦૮૬** ની સામે **૧૦૭૪૮** બ્રિડીંગો ઘરોમાં સર્વે દરમ્યાન શોધી કાઢી જંતુનાશક દવા વડે નાશ કરવામાં આવ્યો હતો. તેમજ **૩૦૫૩** નોટીશો બજવવામાં આવી હતી અને **૫,૦૭,૭૦૦રૂા.** વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.આ કામગીરીમાં ૯૭ શાળાઓના ૬૮૧૨ બાળકો દ્વારા પણ શાળાની આજુબાજુ તથા પોતાના ઘરો તેમજ આસપાસના અંદાજે ૩૦,૦૦૦ ઘરો સર્વે કરી ૧૬૨ બ્રિડીંગોનો નાશ કરેલ હતો તથા લોકોને આરોગ્યલક્ષી શિક્ષણ આપી મહાનગરપાલિકાની ઝુંબેશમાં ભાગીદાર બન્યા હતા.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**


JCB
















S.M.C


S M C



**"મહિલા સશકિતકરણ પખવાડિયા" અંતર્ગત તા.૦૨/૦૮/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકાના આરોગ્યવિભાગધ્વારાઆયોજિત"બેટી બચાવો–બેટી પઢાઓ " સેમીનાર**

## પ્રેસનોટ

ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રીશ્રીની મહિલા સશકિતકરણની કટીબધ્ધતાને ભાગરૂપે તા.૦૧/૦૮/૨૦૧૮ થી તા.૧૪/૦૮/૨૦૧૮ સુધી 'મહિલા સશકિતકરણ પખવાડિયા' નું આયોજન કરવાનું નકકી કરવામાં આવેલા છે.જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારાતા.૦૨/૦૮/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકાના પર્ફોમીંગ આર્ટ સેન્ટર,એલ.પી.સવાણી રોડ,સુરત ખાતે સવારના ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન " બેટી બચાવો – બેટી પઢાઓ " અંતર્ગત એક સેમીનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં મેયરશ્રી ડો.જગદીશભાઈ પટેલ,ડે.મેયરશ્રીનિરવભાઈ શાહ,હેલ્થ કમિટિ ચેરમેનશ્રી–દિગવિજયસિંહ બારડ, કાયદા સમિતી અધ્યક્ષ શ્રીમતિ હેમલતાબેન રાણા, ટ્રાન્સપોર્ટ સમિતિ અધ્યક્ષ શ્રીમતિ હેમાલીબેન બોઘાવાલા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતિરશ્મીકાબેન પટેલ, દંડક શ્રીમતિ દક્ષાબેન જરીવાલા, સુરત મહાનગરપાલિકાનાં કોર્પોરેટર સભ્યશ્રીમતિઅસ્મિતાબેન શીરોયા, કુ. હિનાબેન ચૌધરી, શ્રીમતિ મીતાબેન પટેલ, શ્રીમતિ રમીલાબેન પટેલ, શ્રીમતિ રસીલાબેન પાનસુરીયા, શ્રી આર.કે.પટેલ, ડો.વિકાસબેન દેસાઈ, ડો.સંધ્યાબેન છાસટીયા, ઈ.ચા.આરોગ્યઅધિકારીશ્રી ડો.પ્રદિપ ઉમરીગર, મેડીકલ ઓફિસર(વર્ગ–૧) કુ.ક.બ્યુરો ડો. ફેનીલ પટેલ, ઈ.ચા. નાયબ આરોગ્યઅધિકારી(વેકસીનેશન બ્રાંચ) ડો. ચેતન ચોકસી, મેડીકલ ઓફિસર(એન.યુ.એચ.એમ.) ડો. કેતન ગરાસીયા, મેડીકલ ઓફિસર(આર.સી.એચ.) ડો. અલ્પનારાની દત્તા હાજર રહયા હતાં.

ઉપરોકત પરિસંવાદમાં " દિકરીયોજના "(૧ દિકરી/૨દિકરીઓ બાદ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવેલ દંપતિ)ના લાભાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવો ધ્વારા પ્રશસ્તિ પત્ર આપી સન્માનીત કરવામા આવેલ.કાર્યક્રમના પ્રારંભે મા.મેયર ડો. જગદીશભાઈ પટેલએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં "બેટી બચાવો – બેટી પઢાઓ " અભિયાન અંતર્ગત સમાજમાં બેટીના મહત્વ અને નેતૃત્વ કરવાની ક્ષમતા વિશે સંદેશ આપેલ હતો. ડો.વિકાસબેન દેસાઈ ધ્વારાસમાજમાં દિકરીઓના યોગદાન અંગે માર્ગદર્શન અને સવિસ્તાર સમજુતી આપવામાં આવી હતી.ડો. સંધ્યાબેન છાસટીયા ધ્વારાપી.સી.પી.એન.ડી.ટી. એકટ/ગર્ભપાત બાબતે વિસ્તZત સમજણ આપી હતી. સ્મીમેર પી.એસ.એમ. ડીપાર્ટમેન્ટનાં આસી. પ્રોફેસર ડો. પ્રકાશ પટેલએ દીકરા તથા દીકરીનાં સેકસ રેસીયો વિશેની સમજણ આપી. જે સુધારવા માટે જરૂરી પગલાં માટે જણાવ્યું હતું.શ્રી વૈભવકુમાર અને તેમની ટીમ સાથે ડ્રામાંના સભ્યોધ્વારા "બેટી બચાવો – બેટી પઢાઓ " વિષય અંતર્ગત લઘુ નાટીકા પ્રસ્તુત કરી ઉપસ્થિત તમામ મહિલા તથા પુરુષોને દિકરીના સપનાઓ તથા સમાજમાં દિકરીનામહત્વવિશે સુંદર સંદેશ આપેલ હતો.સમારંભના અંતમાં ઉપસ્થિત સૌએ "સ્ત્રી–ભ્રૂણ હત્યા ન કરવા " માટે સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી.





# પ્રેસનોટ

## સેન્ટ્રલ ઝોન

## સુરત મહાનગરપાલિકા

આથી જણાવવાનું કે, તા.૦૨/૦૮/૧૮ ના રોજ મા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ) ની મળેલ સુચના મુજબ સેન્ટ્રલ ઝોનના રેલ્વે સ્ટેશન, સીટી બસ સ્ટેન્ડ થી દિલ્હીગેટ સુધીના વિસ્તારમાં આરોગ્યલક્ષી ચકાસણી માટે સ્કવોર્ડ બનાવી ચેકીંગ કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ચેક કરવામાં આવેલ સંસ્થાની સંખ્યા :– ૧૩

(૨) આપવામાં આવેલ નોટીસ/ચેતવણીની સંખ્યા :– ૧૨

(૩) ખુલ્લો અખાદ્ય પદાર્થનો નાશ :– ૪૧ કિલો

(૪) ગંદકી બદલ બંધ કરાવેલ સંસ્થા :– ૦૩

(૫) વસુલ કરેલ વહીવટી ખર્ચ રૂા.૧૧,૭૦૦/–

(૬) ઈસમની સંખ્યા :– ૧૦

ઉપરોકત સ્કવોર્ડની કામગીરી દરમ્યાન ૦૩(ત્રણ) સંસ્થાઓ અનુક્રમે (૧) વૈભવ ટી એન્ડ નાસ્તાગૃહ (૨) શંકર ભુવન (૩) વૃંદાવન નાસ્તાગૃહ સફાઈનો અભાવ તેમજ ગંદકી જણાતા ત્રણેય સંસ્થાઓ બંધ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

મા. કમિશ્નરશ્રીની સુચના અન્વયે તા. ૦૨–૦૮–૨૦૧૮ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં જુદા જુદા ઝોનવિસ્તારમાં પાણીપુરીનું વેચાણ કરતી લારીઓ, સંસ્થાઓ વિગેરેનું આકસ્મિક ચેકીંગ હાથ ધરી ગંદકી કરતી સંસ્થાઓ તથા લારીઓ સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવેલ છે. જેની વિગતઆ સાથે સામેલ છે. સદર ઝુંબેશ આગામી દિવસોમાં ચાલુ રાખવામાં આવશે.

| અ.નં. | ઝોનનું નામ | ચેક કરેલપાણીપુરીની લારી | ઈસમની સંખ્યા | વસુલ કરેલવહીવટીખર્ચ | અખાધનો નાશ (કી.ગ્રા.) | જપ્ત કરેલપાણીપુરીનુંપાણી (લીટરમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ | ૧૭ | ૩ | ૫૪૦૦ | ૯.૦૦૦ | ૧૧૬.૦૦ |
| ૨ | વરાછા | ૫૯ | ૪૫ | ૭૭૫૦ | ૨૯.૦૦૦ | ૧૨૫.૦૦ |
| ૩ | રાંદેર | ૪૩ | ૪૩ | ૪૩૫૦ | ૮.૩૦૦ | ૧૬.૫૦ |
| ૪ | કતારગામ | ૮૪ | ૪૧ | ૪૬૦૦ | ૧૯.૫૦૦ | ૫૬.૦૦ |
| ૫ | ઉધના | ૨૩ | ૧૫ | ૧૯૦૦૦ | ૨૪.૦૦૦ | ૭૦.૦૦ |
| ૬ | અઠવા | ૩૧ | ૧૪ | ૧૪૦૦ | ૪.૫૦૦ | ૯.૫૦ |
| ૭ | લિંબાયત | ૩૭ | ૨૦ | ૧૬૦૦ | ૨૯.૭૦૦ | ૭૦.૦૦ |
| **કુલ** | | **૨૯૪** | **૧૮૧** | **૪૪૧૦૦** | **૧૨૪.૦૦૦** | **૪૬૩** |

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ**<br>**પ્રેસનોટ** | |

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ તેમના ઠરાવ નં.૧૩૨૭/૨૦૧૪, તા. ૩૦/૦૭/૨૦૧૪ થી દર વર્ષે શ્રાવણ માસના દર સોમવારેએટલે કે, ચાલુ વર્ષ ૨૦૧૮ ની તા.૧૩/૦૮/૨૦૧૮, તા.૨૦/૦૮/૨૦૧૮, તા.૨૭/૦૮/૨૦૧૮ અને તા.૦૩/૦૯/૨૦૧૮ ના દિવસો દરમ્યાન સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ કતલખાનાઓ બંધ રાખવાનું ઠરાવેલ છે. જેની નોંધ આ ધંધા સાથે સંકળાયેલ તમામ ઇસમોએ લેવી. આપેલ સુચનાનો ભંગ કરવા બદલ જે તે ઇસમો સામે ધી બી.પી.એમ.સી. અને બોમ્બે પોલીસ એકટની વિવિધ જોગવાઇઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે માર્કેટ ખાતાના વડાએ એક યાદીમાં જણાવ્યુ છે.

# પ્રેસનોટ

## સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગીય વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે ''મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા'' રોગ અટકાયત અભિયાન અંર્તગત આદરેલી સઘન ઝુંબેશમાં બાંધકામો તેમજ સંસ્થાઓ માંથી ક્ષતિઓ મળી આવતાં કુલઃ–૨૨ ઈસમો પાસે રૂા.૧,૪૦,૫૦૦/– (એક લાખ ચાલીસ હજાર પાંચસો)વસુલ લેવમાં આવેલ વહીવટી ખર્ચ બાબતની અખબારી યાદી :

હાલમાં ચોમાસાની ઋતુને ધ્યાને રાખી સુરત શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન છેલ્લા ત્રણ દિવસથી મચ્છર જન્ય પરિસ્થિતિના અટકાયતના ભાગરૂપે ઝોનનાં વી.બી.ડી.સી.વિભાગ દ્વારા જુદ જુદા વિસ્તારોમાં **બાંધકામો, ખુલ્લા પ્લોટ અને સોસાયટીઓમાં** ઘનિષ્ઠ સર્વે દરમ્યાન મચ્છરની ઉત્પતિ / મચ્છરની ઉત્પતિ થવાની સંભાવનાં જોવા મળેલ હતી, તેવા સ્થળોએ જંતુનાશક દવા છંટકાવ કરાવવામાં આવેલ તેમજ અટકાયતીના ભાગરૂપી ઝુંબેશ હાથધરી સર્વેલન્સની કામગીરી માં **૧૯,૦૮૬** ઘરોમાં સર્વે કરી, **૧૪૩** જેટલા બ્રિડીંગ શોધી કાઢી નાશ કરાવવામાં આવેલ તેમજ ક્ષતિઓ મળી આવેલ સ્થળો પર **૪૯** જેટલી નોટીસ આપવામાં આવેલ, અને **૫૫૨** વ્યકિતઓનાં લોહીનાં નમૂના લેવામાં આવેલ. અઠવા ઝોન વિસતારમાં મળી આવેલ ક્ષતિઓ બાબતે કુલઃ–૨૨ ઈસમો પાસેથી કુલઃ– **૧,૪૦,૫૦૦/–** (એક લાખ ચાલીસ હજાર પાંચસો) રૂપિયા જેટલો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન થાય અને સંપૂર્ણ સહકાર આપવા માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વઘુમાં વઘુ કડક હાથે કાર્યવાહી હાથ ઘરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

# પ્રેસ નોટ

## વિજ્ઞાન મેળો

સુરત મહાનગરપાલિકા આર્ટ ગેલેરી, સાયન્સ સેન્ટર સુરત ખાતે તા.૦૩ અને ૦૪ ઓગષ્ટ ૨૦૧૮થી 'Swacch Surat, Green Surat / સ્વચ્છ સુરત, હરિયાળુ સુરત' વિષય આધારીત ''વિજ્ઞાન મેળા'નુ આયોજન કરવામાં આવેલ, જેનું ઉદ્દઘાટન આજરોજ મા.મેયરશ્રી ડો.જગદીશ પટેલના વરદ હસ્તે કરવામાં આવેલ જેમાં ડે.મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેનશ્રી, શાસકપક્ષ નેતા, સાંસ્કૃતિક સમિતી અધ્યક્ષા, વિવિધ સમીતીના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીઓ, શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓના અને શિક્ષકો તેમજ નગરજનો ઉપસ્થિત રહયા હતા. આ વિજ્ઞાન મેળામાં સુરત શહેરની ૩૨ શાળાના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ૩૫ પ્રોજેકટસ ડિસ્પ્લે કરવામાં આવેલ. આ વિજ્ઞાન મેળામાં સ્વચ્છ સુરત, હરિયાળુ સુરત' ના વિષય આધારિત **પ્રદુષણ નિયમન, રોગચારો નિયમન, જળ સંચય, કચરામાંથી ઊર્જાનું ઉત્પાદન, જળ બચાવો** જેવા વિષયો આવરી લેવામાં આવેલ છે. આ વિજ્ઞાન મેળો તા.૦૩ તથા ૦૪ ઓગષ્ટ ૨૦૧૮ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૦૪:૦૦ કલાક સુધી જાહેર જનતા માટે ખુલ્લો રહેશે.



વિજ્ઞાન મેળો નિહાળતા મા.મેયરશ્રી, પદાધીકારીશ્રી, મ્યુ.કમિશનરશ્રી, તેમજ વિવિધ સમીતીના ચેરમેનશ્રીઓ

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૭/૦૭/૨૦૧૮ થી તા.૦૨/૦૮/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૩૬૫ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૧૦ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૦૪ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૪ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૫ |

# પ્રેસનોટ

## સેન્ટ્રલ ઝોન

## સુરત મહાનગરપાલિકા

આથી જણાવવાનું કે, તા.૦૩/૦૮/૧૮ ના રોજ મા.એડી.સીટી ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ની મળેલ સુચના મુજબ સેન્ટ્રલ ઝોનના નવી સીવીલ હોસ્પિટલ ના ગેટ પાસે ફુટપાથ પર બેસી ધંધો કરતા ઈસમો વિરૂધ્ધ આરોગ્યલક્ષી બાબતોએ તપાસ કરી સ્કવોર્ડની કામગીરી કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ચેક કરવામાં આવેલ સંસ્થાની સંખ્યા :– ૧૬

(૨) ખુલ્લો અખાદ્ય પદાર્થનો નાશ :– ૧૫ કિલો

(૩) વસુલ કરેલ વહીવટી ખર્ચ રૂા.૪,૩૦૦/–

(૪) ઈસમની સંખ્યા :– ૧૬

(૫) જપ્ત કરેલ પ્લાસ્ટીક :– ૯ કિલો

(૬) જપ્ત કરેલ ચ્હાના કપ :– ૪૦૦ નંગ

આ ઉપરાંત ભાગળ સ્થિત શાકમાર્કેટ તથા આજુબાજુના કોમર્શીયલ તેમજ માર્કેટ વિસ્તારમાં તેમજ કૈલાશ નગર, મજુરાગેટ, સેન્ટર પોઈન્ટ, રીંગરોડ, કિન્નેરી સીનેમા રોડ, ઉધના દરવાજા, સબજેલ વિગેરે વિસ્તારમાં આરોગ્યલક્ષી બાબતે સ્કવોર્ડની કામગીરી કરાવવામાં આવેલ છે.

(૧) ચેક કરવામાં આવેલ સંસ્થાની સંખ્યા :– ૮૬

(૨) ખુલ્લો અખાદ્ય પદાર્થનો નાશ :– ૧૮ કિલો

(૩) વસુલ કરેલ વહીવટી ખર્ચ રૂા.૧૪,૧૫૦/–

(૪) ઈસમની સંખ્યા :– ૨૮

(૫) જપ્ત કરેલ પ્લાસ્ટીક :– ૭૨.૮૭૦ કિલો

(૬) જપ્ત કરેલ ચ્હાના કપ :– ૨૫૦ નંગ

(૭) નાશ કરવામાં આવેલ પાણી :– ૧૧ લીટર

(૮) નાશ કરેલ પાણીપુરી :– ૩૦૦ નંગ

આમ સેન્ટ્રલ ઝોનનો સમગ્ર વિસ્તારમાં સ્કવોર્ડની કામગીરી અંતર્ગત કુલ ચેક કરેલ સંસ્થા :– ૧૦૨, અખાદ્ય પદાર્થનો નાશ :– ૩૩ કિલો, વસુલ કરેલ વહીવટી ખર્ચ રૂા.૧૮,૪૫૦/–, ઈસમની સંખ્યા :– ૪૪, જપ્ત કરેલ પ્લાસ્ટીક, :– ૮૧.૮૭૦ કિલો, જપ્ત કરેલ ચ્હાના કપ :– ૬૫૦ નંગ, નાશ કરવામાં આવેલ પાણી ૧૧ લીટર, નાશ કરવામાં આવેલ પાણીપુરી :– ૩૦૦ નંગ ચેકીંગ કરવામાં આવેલ છે.

# પ્રે સ નો ટ

સવિનય, વિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૦૩/૦૮/૨૦૧૮ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી સંસ્થાઓમાંથી કુલ–૦૬ નમુના લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

| અ.નં. | સંસ્થાનુ નામ | સરનામુ | નમુનાની વિગત |
|---|---|---|---|
| ૧. | ધનહર પ્રોડકટ એલ.એલ.પી. | ફુલપાડા, એ.કે. રોડ, સુરત | ધનહર શિંગોળા આટા |
| ૨. | ધનહર પ્રોડકટ એલ.એલ.પી. | ફુલપાડા, એ.કે. રોડ, સુરત | ધનહર રાજગરા આટા |
| ૩. | વનમાળીદાસ ભગવાનજી | કાંસકીવાડ, સુરત | શિંગોળા આટા |
| ૪. | વનમાળીદાસ ભગવાનજી | કાંસકીવાડ, સુરત | રાજગરા આટા |
| ૫. | શ્રી સ્વામી નારાયણ ટ્રેડીંગ | પ્રભુનગર–૨, કતારગામ, સુરત | સ્વામીનારાયણ સ્પે. ફરાળી લોટ |
| ૬. | અમરત નરસિંહ | સલાબતપુરા, સુરત | ફરાળી લોટ (લુઝ) |

# પ્રેસનોટ

મા. કમિશ્નરશ્રીની સુચના અન્વયે તા. ૦૩–૦૮–૨૦૧૮ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં જુદા જુદા ઝોનવિસ્તારમાં પાણીપુરીનું વેચાણ કરતી લારીઓ, સંસ્થાઓ વિગેરેનું આકસ્મિક ચેકીંગ હાથ ધરી ગંદકી કરતી સંસ્થાઓ તથા લારીઓ સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવેલ છે. જેની વિગતઆ સાથે સામેલ છે. સદર ઝુંબેશ આગામી દિવસોમાં ચાલુ રાખવામાં આવશે.

| અ.નં. | ઝોનનું નામ | ચેક કરેલપાણીપુરીની લારી | ઈસમની સંખ્યા | વસુલ કરેલવહીવટીખર્ચ | અખાધનો નાશ (કી.ગ્રા.) | જપ્ત કરેલપાણીપુરીનુંપાણી (લીટરમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ | ૩૯ | ૧૪ | ૩૦૦૦ | ૩૧.૦૦૦ | ૬૩ |
| ૨ | વરાછા | ૭૫ | ૪૫ | ૫૫૦૦ | ૨૭.૦૦૦ | ૧૨૦ |
| ૩ | રાંદેર | ૫૧ | ૫૧ | ૨૮૦૦ | ૧૩.૨૦૦ | ૨૭ |
| ૪ | કતારગામ | ૮૦ | ૪૧ | ૩૧૫૦ | ૨૦.૦૦૦ | ૪૧ |
| ૫ | ઉધના | ૨૫ | ૨૧ | ૨૨૦૦ | ૩૫.૦૦૦ | ૯૦ |
| ૬ | અઠવા | ૨૬ | ૮ | ૧૦૦૦ | ૫.૦૦૦ | ૭ |
| ૭ | લિંબાયત | ૧૦૫ | ૧૧ | ૨૫૦૦ | ૧૧૦.૦૦૦ | ૯૦ |
| કુલ | | **૨૯૪** | **૪૦૧** | **૧૯૧** | **૨૦૧૫૦** | **૨૪૧.૨૦૦** |

# <u>પ્રેસનોટ</u>

**સરકારશ્રીનાં જીવલેણ એવા શીતળા નાબુદી રસીકરણ અભિયાનના ભાગરૂપે સને ૧૯૭૯ થી આ શીતળાનો રોગ સંપૂર્ણ નાબુદ થયેલો છે. જેનાં આપ વાલી/વડીલો/શિક્ષકો–સાક્ષી છો. જયારે આવા જ પોલીયો નાબુદી અભિયાનમાં પણ આપ વાલી/વડીલોશ્રીના સહયોગથી જ ભારત દેશને ૨૦૧૬ થી પોલીયો મુકત જાહેર કરવામાં આવેલ છે.**

આ મીઝલ્સ–રૂબેલા રસીકરણ કેમ્પેઈન પણ આ જ દિશામાં સને ૨૦૨૦ સુધીમાં મીઝલ્સ નાબુદી અને રૂબેલા નિયંત્રણના ધ્યેયના ભાગરૂપે તા.૧૬/૦૭/૨૦૧૮ થી તા.૧૯/૦૮/૨૦૧૮ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે. જેનાં **પ્રથમ સત્તર દિવસ**માં શહેરની કુલ ૧૪૮૩ પ્રતિષ્ઠિત ખાનગી / સરકારી શાળાઓમાં તાલીમબધ્ધ મેડીકલ ઓફીસરની નિગરાની હેઠળ રસીકરણની કામગીરી હાથ ધરી **કુલ ૬૪૧૩ સેશનમાં <u>૬,૯૬,૯૫૯</u> બાળકોને આ મીઝલ્સ–રૂબેલાની રસી આપી સુરક્ષિત કરવામાં આવેલ છે. આમ, કુલ <u>છ લાખ છન્નુ હજારથી વધુ બાળકોને</u> આ સત્તર દિવસ દરમ્યાન રસી આપ્યા બાદ કોઈપણ બાળકને આડ અસર થયેલ નથી. જેથી, આ રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે.**

ઉપરોકત કામગીરી જોતાં શહેરના જાગૃત વાલીઓ તથા શાળાના શિક્ષકગણ દ્વારા સારો પ્રતિસાદ મળી રહયો છે. વધુમાં, આ રસી સંદર્ભે કોઈ **<u>ખોટી અફવા / ભ્રામક વોટસએપ મેસેજ/સમાચારથી ગેરમાર્ગે ન દોરવાઈ જઈ</u>** આપના બાળકને આ રસી અપાવી સરકારશ્રીનાં મીઝલ્સ–રૂબેલા રસીકરણ અભિયાનમાં શિક્ષકો/વાલીઓ બહોળી સંખ્યામાં જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમુલ્ય યોગદાન આપે તે માટે સુરત મહાનગરપાલિકા તરફથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આ અભિયાન દરમ્યાન ૯ માસથી ૧૫ વર્ષ સુધીનાં તમામ અંદાજે ૧૩,૧૫,૫૦૦ જેટલાં બાળકોને તા.૧૯/૦૮/૨૦૧૮ સુધી આ રસી આપવામાં આવનાર છે. જેમાં શરૂઆતનાં ૧૫ દિવસમાં તમામ શાળાઓ આવરી લેવામાં આવશે. ત્યાર બાદ વિસ્તારમાં નકકી કરવામાં આવેલા સ્થળઓએ સેશન યોજી શાળામાં બાકી રહેલા અને શાળાએ ન જતા બાળકોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત શહેરની હંગામી મજૂર વસાહતો,પેરી અર્બન એરીયા,સ્લમ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર,કન્સ્ટ્રકશન સાઈડ,કડીયા નાકા,ધાર્મિક સ્થળો, ઓવર બ્રિજ નીચે તથા નદી કિનારા વિગેરે સ્થળોએ મોબાઈલ ટીમો મારફતે કામગીરી કરવામાં આવશે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ કુલ ૪૮ શહેરી આરોગ્ય કેન્દ્રો પરથી પણ દરરોજ આ રસીકરણ કાર્યરત છે.

**<u>નોંધ</u> :– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના બાળકને અગાઉ " મીઝલ્સ–રૂબેલા " ની રસી અપાવી હોય તો પણ આ અભિયાન દરમ્યાન આ રસી જરૂરથી અપાવી રક્ષિત કરશો.**

**ચાલો આપણે સૌ સાથે મળી**

**મીઝલ્સને નાબુદ અને રૂબેલાને નિયંત્રીત કરીએ.....**

## સુરત મહાનગર પાલિકા

## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી

## અખબારી યાદી

# ડ્રાય ડે

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૦૪/૦૮/૨૦૧૮** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

સેન્ટ્રલ ઝોનમાં કુંભારશેરી, કડીયા શેરી ગલેમંડી ,મહેતા ગ્રાઉન્ડ ઝૂંપડપટી, ગધેવાન ટેકરો, ખંડેરાવપુરા, જમાલશા મહોલ્લો, ખંડેરાવપુરા મેઈન રોડ, કાદરશાની નાળનો વિસ્તાર,બારડોલી પીઠું સલાબતપુરા, ફાલસાવાડી પોલીસ લાઈનજેવા વિસ્તારોમાં,રાંદેર ઝોનમાં પરમ રો હાઉસ અને સુલતાનીયા જીમખાના ,પાલગામ,ગોપાલકૃષ્ણ સોસાયટી તથા પ્રથમ રો,સંધ્યાવંદન સોસાયટી કલ્યાણનગર તથા ભરવાડ વસાહત જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં ભીમનગર,શ્રીરામકુટીર ,પ્રિયંકાગ્રીનપાર્ક,શાંતાનગર,જીલાનીનગર,રાહતસોસાયટી,આર્શીવાદનગરજેવાવિસ્તારોમાં,લિંબાયતઝોનમાંમદનપુરા,શિવાજીનગર,શીવકૃપાસોસા,રાજીવનગર,સોનીયાનગર,ઓમનગર,માકૃપારેસી,મણીનગર,ચેતનનગર,જયેશનગર,રામીપાર્ક,સાંઈદર્શનસોસા,યોગેશ્વરનગરચંદ્રલોકસોસા,ગંગાસાગર સોસા અને એપા.જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં પીપલોદ પોલીસ લાઈન,પનાસગામ, ગણેશકૃપા ઈ.ડ.એસ.,ઈ.કબ્લ્યુ.એસ.આવાસ, પાણીની ટાંકી પાસેસુમન આવાસ,સુમન આવાસ,એસ.એમ.સી કવાર્ટસ, અલથાણ,રણછોડરત્ન નગર સોસા..જેવા વિસ્તારોમાં,કતારગામ ઝોનમાં આંબાતલાવડી,હળપતિવાસ,ત્રિલોક સોસા,નવી જી.આઈ.ડી.સી.,નિલકંઠ,પંચવટી, મધુવન,કોસાડ આવાસ એચ–૨જેવા વિસ્તારોમાં,વરાછા ઝોનમાં P.M. આવાસ, અમેઝીયા બાંધકામ, ઉધરસ ભૈયાની ચાલ,પાટીચાલ,અશોકનગર, એકતાનગર,ખોડીયારનગર, ટાંકીપાળ ઝું., વૈધનાથનો ટેકરો,પુષ્પક સોસા., અટલજી નગર, કોહીનુર સોસા.,શ્રીરામનગર, કૃષ્ણનગર, દિનદયાળનગર, બરોડા પ્રિસ્ટેજ,શ્રીનાથજી સોસા, પ્રભુકૃપા સોસા, માન સરોવર સો–૧,૨,૩,૪, વનમાળી સોસા.,ગોદાવરી પાર્ક વિભાગ–૧,ધર્મરાજ સોસા.જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **128106** | **272938** | **986** | **3598** | **1328** | **4271** | **284** | **94500** | **80** | **91311** | **21214** |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# –: પ્રેસ નોટ :–

**<u>સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ</u>**

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૪/૦૮/૨૦૧૮ ના રોજ લીંબાયત શહેરી આરોગ્ય કેન્દ્ર, મારૂતિ નગર ચાર રસ્તા,લીંબાયત સુરત ખાતે દિપ પ્રાગટય કરી કેમ્પનો આરંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગમા માન.મેયર ડો.જગદીશ પટેલ, શાસક પક્ષ નેતાશ્રી ગિરજાશંકર મિશ્રા,આરોગ્ય સમિતિ અધ્યક્ષશ્રી દીગ્વીજયસિંહ બારડ, ડે.કમિશ્નર શ્રી એન.બી.ઉપાધ્યાય ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.આશિષ નાયક, મેડીકલ ઓફિસર (ફેમીલી પ્લાનીગ વર્ગ–૧) ડો.ફેનીલ પટેલ, મ્યુ.સદસ્યા શ્રીમતિ અર્ચનાબેન પાટીલ, શ્રીમતિ જયશ્રીબેન પરાટે લીંબાયત શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા આરોગ્ય ખાતાના અધિકારી /કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.મેડીકલ કેમ્પમાં લિબાયત શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૧૬૧૩ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં ફિઝીશીયન દ્વારા ૧૦૮, સર્જન દ્વારા ૯૩, બાળરોગ નિષ્ણાંત દ્વારા ૨૨૫, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૭૨, ચામડીના નિષ્ણાંત દ્વારા ૬૪૩, આંખના નિષ્ણાંત દ્વારા ૨૮૪, દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૩૧ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૧૧૨ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.૧૧૩ દર્દીઓને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા સરકારશ્રીની જુદી–જુદી આરોગ્ય લક્ષી યોજનાઓની જાણકારી આપી હતી. જુદા–જુદા રોગ અંગેની ૧૩૫૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૨૧, ઓરલ પીલ્સ ૫ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૧૨૦૦ ટેબ્લેટ, કલોરીન ટેબ્લેટ ૨૫૦ નું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૨ બાળકોને પોલીયો રસી,૨ બાળકોને પેન્ટાવેલેન્ટ, ૨ બાળકો ને આઈ પી વીની રસી, ૪૬ બાળકો ને એમઆરની રસી,૪૬ બાળકોને વિટામીન એ આપવામાં આવેલ હતુ.

**<u>નોંધ :–</u>** આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન **તા.૧૫/૦૮/૧૮** ના રોજ **જળક્રાંતિ મેદાન,ક્રાંસાનગર તળાવ, કતારગામ ઝોન** ખાતે રાખવામાં આવેલ છે.તો આ વિસ્તારની જાહેર જનતાને મહત્તમ લાભ લેવા વિનંતી છે.



તા.૦૪/૦૮/૧૮શનિવારના રોજ લિંબાયત શહેરી આરોગ્ય કેન્દ્ર, મારુતિનગર ચાર રસ્તા,લિંબાયત ખાતે દિપ પ્રાગટ્ય કરી વિના મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો શુભારંભ કરતા માન.મેયર ડો.જગદીશ પટેલ, શાસક પક્ષ નેતાશ્રી ગિરજાશંકર મિશ્રા,આરોગ્ય સમિતિ અધ્યક્ષશ્રી દીગવિજયસિંહ બારડ, ડે.કમિશ્નર એન બી ઉપાધ્યાય ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.આશિષ નાયક, મ્યુ.સદસ્ય. શ્રીમતિ અર્ચનાબેન પાટીલ, શ્રીમતિ જયશ્રીબેન પરાટે દશ્યમાન છે.

# અખબાર યાદી

## ગાર્ડન ખાતુ

## સુરત મહાનગરપાલિકા

## અને

## ગુજરાત સરકારના સામાજીક વનીકરણ વિભાગના સંયુકત ઉપક્રમે

## ૬૯ માં વન મહોત્સવની ઉજવણી

**૬૯ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે** સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના જે તે ઝોનમાં આવેલ **તમામ ૨૯ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં** મ્યુ.સભ્યશ્રી અને નગરજનો સાથે વધુ વૃક્ષો વાવી આપણું સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતુસર **તા.૨૯/૦૭/૧૮ થી તા.૦૪/૦૮/૧૮ સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજન** કરવામાં આવેલ.

તા.૩૦/૦૭/૧૮ ના રોજ થી જે તે ઝોનનાં ઈલેકશન વોર્ડ વિસ્તારમાં સંબંધિત મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનો સાથે વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ. દિવસ દરમ્યાન વિવિધ વોર્ડ વિસ્તારમાં થયેલ **૮૪૨૧** રોપાના ટ્રી પ્લાન્ટેશન અને વિનામૂલ્યે વૃક્ષોના રોપા વિતરણ કેન્દ્રો મારફત **૧૫૧૯૦** નંગ વિવિધ વૃક્ષોના રોપાઓના વિતરણ સહિત કુલ– **૨૩૬૧૧** રોપાઓનું શહેરમાં પ્લાન્ટેશન કરવામાં આવેલ.

## સુરત મહાનગરપાલિકા
## યુ.સી.ડી. વિભાગ
## અખબારી યાદી
### યુ.સી.ડી.વિભાગ, સુરત મહાનગરપાલિકા ધ્વારા ''મહિલા નેતૃત્વ દિવસ''ની ઉજવણી કરવામાં આવી.

રાજય સરકાર દ્વારા મહિલા ઉથ્થાનને વેગવંતા બનાવવા મહિલા નેતૃત્વ વિકાસ, સ્વાવલંબન, સ્વચ્છતા, આરોગ્ય જેવા વિવિધ વિષયોને આવરી લઈ તા.૦૧/૦૮/૨૦૧૮ થી તા. ૧૪/૦૮/૨૦૧૮ સુધી ''મહિલા સશકિતકરણ પખવાડિયા''ની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિભાગોને સાંકળી કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવેલ.

યુસીડી, સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૪/૦૮/૨૦૧૮ ના રોજ બપોરે ૦૩.૩૦ કલાકે સરદારખંડ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા ખાતે ''મહિલા નેતૃત્વ દિવસ''ની ઉજણવી કરવામાં આવી. જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપપ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા મા. મેયરશ્રી ડો. જગદિશ પટેલે જણાવ્યુ જતુ કે કોઈ પણ શહેરના વિકાસના માપદંડો તપાસવા હોય તો તેના આંતરમાળખાકિય વિકાસને તપાસવાના બદલે તે શહેરની મહિલાઓને પ્રાપ્ત થયેલ સન્માનથી તપાસવાથી પ્રાપ્ત થઈ શકે. સુરત મહાનગરપાલિકા માત્ર એક દિવસ ન ઉજવીને કાયમ શહેરની મહિલાઓને સન્માન પ્રાપ્ત થાય તે માટે હંમેશા પ્રયત્નશીલ રહી છે. વધુમાં મા. મેયરશ્રીએ તમામ મહિલા કોર્પોરેટર્સને વધુ પાંચ બહેનોને સશકત બનાવવા આહવાન કર્યુ હતુ.

કાર્યક્રમમાં મોટીવેશનલ સ્પીકર ડો. રીટાબેન ફુલવાલાએ ભારતના ઈતિહાસમાં મહિલાઓના સ્થાન તથા આ મહિલાઓની સિધ્ધિમાંથી કેમ પ્રેરણા લઈ સફળ લીડર બનવાની દિશામાં આગળ વધવા સમજણ આપી હતી. સાંસ્કૃતિક સમિતિના ચેરમેનશ્રી રશ્મિકાબેન પટેલે આવકાર પ્રવચન કરતા યુસીડી વિભાગ, સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી રાખીમેળા, નવરાત્રીમેળા, પીંકઓટો પ્રોજેકટ વગેરે દ્વારા મહિલાઓના આજિવિકા સર્જન અંગેના પ્રયાસ અંગે વિસ્તૃત ચિતાર આપ્યો હતો.આ કાર્યક્રમમાં વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મહિલા મ્યુ. સદસ્યશ્રીઓ તથા સખીમંડળના બહેનો હાજર રહયા હતા.



# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં મે.કમિશનરશ્રીની સુચના અન્વયે જાહેર રસ્તા પર થતા પાર્કિંગ દૂર કરવા ઝુંબેશ હાથ ધરી નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૮(રૂંઢ–વેસુ), ફા.પ્લોટ નં.૨૦ ''રાહુલરાજ મોલ''વાળી મિલ્કતમાં અત્રેની સ્થળ તપાસ દરમ્યાન બિલ્ડીંગનું પાર્કિંગ ખુલ્લું જણાયેલ તેમ છતાં બિલ્ડીંગની બહાર કરવામાં આવેલ પાર્કિંગ ટ્રાફિક પોલીસ વિભાગની મદદથી દૂર કરાવી, તેઓ દ્વારા દંડ વસુલવામાં આવેલ છે.
- સેન્ટ ઝેવિયર્સ સ્કુલ, એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ સ્કુલ, એસ.ડી.જૈન મોર્ડન સ્કુલ, લાન્સર આર્મી સ્કુલ, રેડીયન્ટ ઈંગ્લીશ એકેડમી, શારદાયતન સ્કુલ, ઉમરીગર સ્કુલ, લુર્ડઝ કોન્વેન્ટ સ્કુલનો સર્વે કરી જાહેર રસ્તા પર કરવામાં આવતું પાર્કિંગ બંધ કરવા નોટીસ આપવામાં આવેલ છે.
- ટી.પી.સ્કીમ નં.૫(અઠવા–ઉમરા), ફા.પ્લોટ નં.૧૧૪, ૧૧૫, ૧૧૯ પૈકી ''રીજેન્ટ મોલ'' વાળી મિલ્કતનાં ફ્રન્ટ માર્જીનને લાગુ(સી.ઓ.પી.)પાર્કિંગવાળા ભાગમાં કરવામાં આવેલ આડસ દૂર કરાવી પાર્કિંગ માટે ખુલ્લું કરવામાં આવેલ છે તથા સાઈનેજીસ લગાડવા માટે બાંહેધરી લેવામાં આવેલ છે તેમજ દંડ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.
- ટી.પી.સ્કીમ નં.૫(અઠવા–ઉમરા), ફા.પ્લોટ નં. પૈકી ''આભૂષણ એપાર્ટમેન્ટ''વાળી મિલ્કતમાં ફ્રન્ટ માર્જીનવાળ ભાગમાં બનાવવામાં આવેલ ઓટા તોડી સરળતાથી પાર્કિંગ થઈ શકે તે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે તથા સાઈનેજીસ લગાડવા માટે સુચના આપવામાં આવેલ છે.
- ટી.પી.સ્કીમ નં.૫(અઠવા–ઉમરા), ફા.પ્લોટ નં.૧૩૮ ''કેનોપસ કોમ્પલેક્ષ''વાળી મિલ્કતમાં ફ્રન્ટ માર્જીનને લાગુ (સી.ઓ.પી.)પાર્કિંગવાળા ભાગમાં કરવામાં આવેલ આડસ દૂર કરાવી પાર્કિંગ માટે ખુલ્લું કરવામાં આવેલ છેતેમજ દંડ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

- ટી.પી.સ્કીમ નં.૧(વેસુ), ફા.પ્લોટ નં.૨૩ તથા ૧૮૫ "એસ.ડી.જૈન મોર્ડન સ્કુલ"વાળી મિલ્કતમાં બહારના જાહેર રસ્તાઓ ઉપર પાર્કીગ ન થાય તે સુનિશ્ચિત કરવા બાબતે અત્રેથી નોટીસ આપી, જાહેર રસ્તા પર થતું પાર્કિંગ ખુલ્લું કરાવી, દંડ પેટે રૂા.૧૫,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.
- ટી.પી.સ્કીમ નં.૬(પીપલોદ), ફા.પ્લોટ નં.૯૮"લાન્સર આર્મી સ્કુલ"વાળી મિલ્કતમાં બહારના જાહેર રસ્તાઓ ઉપર પાર્કીગ ન થાય તે સુનિશ્ચિત કરવા બાબતે અત્રેથી નોટીસ આપી, જાહેર રસ્તા પર થતું પાર્કિંગ ખુલ્લું કરાવી, દંડ પેટે રૂા.૧૫,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ, દબાણ સ્ટાફ તથા ટ્રાફિક પોલીસ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

"સુરત મહાનગરપાલિકા આયોજીત રંગપુરણી હરિફાઈ અને દેશભકિત ગીત સ્પર્ધા"

વિષય : ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્ય દિનઃ૧૫મી ઓગષ્ટ–૨૦૧૮ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭/૦૮/૨૦૧૮ના રોજ સીંગણપોર મલ્ટી પર્પઝ હોલ ખાતે યોજાનાર રંગપુરણી હરિફાઈ અને દેશભકિત ગીત સ્પર્ધા.

ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિન : ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૮ની કતારગામ ઝોન વિસ્તારમાં થનાર ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ શાળાના વિદ્યાર્થીઓની તા.૦૭/૦૮/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ધો.૧ થી ૪ની રંગપુરણી હરિફાઈ, બપોરે ૧૨.૦૦ કલાકે ધો.૫ થી ૧૨ની દેશભકિત ગીત સ્પર્ધા તથા બપોરે ૩.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્કુટિનીનું આયોજન સીંગણપોર મલ્ટી પર્પઝ હોલ, સીંગણપોર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધાઓમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી.

# પ્રેસ નોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

એડી.સીટી ઈજનેરની સીધી સુચનાથી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ સ્ટાફ મારફત નોર્થ ઝોન (કતારગામ) ખાતે પાર્કિંગ ખુલ્લા કરવાના આદેશ મુજબ આજરોજના તા.૦૪/૦૮/૨૦૧૮ ના કોઝવે મેઘમાયા સર્કલ પાસે ટી.પી.સ્કીમ નં.૨૫(સિંગણપોર–ટુંકી) માં આવેલ તાપી એવન્યુ એપાર્ટમેન્ટ નાં માર્જીન માં આવેલ ઉચા ઓટલા કરી દબાણ કરી લારી / તેમજ ચા–નાસ્તા નું વેચાણ તેમજ અન્ય ખાણી–પીણી નો ધંધો કરતાં હોવાથી તમામ ઓટલાઓ તોડી નાંખવામાં આવેલ છે. અને ફુટપાથ લેવલે કરવામાં આવેલ છે. જે ૪૫૦૦.૦૦ ચો.ફુટ નું દબાણ દુર કરવામાં આવેલ છે.

ત્યારબાદ તેની સામે આવેલ તાપી સ્કેવર બિલ્ડીંગમાં તેમ ભોંયતળિયે આવેલ દુકાનોનાં ઓટલા તોડી ફુટપાથ લેવલે કરેલ છે. જેની ૪૦૦૦.૦૦ ચો.ફુટ દબાણ તોડી પાડવામાં આવેલ છે.

<u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ. અને સીટીબસની સુવિધા પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઇ રહેલ છે. બી.આર.ટી.એસ. ના કુલ ૯ કોરીડોર મળીને આશરે દૈનિક ૧,૦૫,૦૦૦ થી વધુ પેસેન્જરો તેમજ સીટીબસ ના કુલ ૩૦ રૂટ ઉપર આશરે દૈનિક ૯૫,૦૦૦ પેસેન્જરો મળી કુલ ૨,૦૦,૦૦૦ જેટલા નાગરિકો જાહેરપરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા આપવામાં આવતા સૂચનો/માંગણીને ધ્યાને લઇ આ સેવા વધુ સારી રીતે આપી શકાય અને કનેક્ટિવિટી અસરકારક રીતે વધારી શકાય તે હેતુ થી હાલ કાર્યરત રૂટમાં સુધારાવધારા કરવામાં આવે છે. તે મુજબ આજથી નીચે જણાવેલ રૂટ ને લંબાવવામાં આવેલ છે.

૧.હાલમાં કાર્યરત સીટીબસ રૂટ નં-૧૧૨ રેલ્વે સ્ટેશન થી કોસાડ ગામ ને ભરથાણા ગામ (કોસાડ) સુધી લંબાવામાં આવેલ છે. આ રૂટમાં હાલમાં કુલ ૧૧ બસ પીક કલાકોમાં કુલ ૨૦ મિનીટ ની ફ્રિકવન્સી પર ભરથાણા ગામ (કોસાડ) સુધી મળશે. જેને કારણે ભરથાણા ગામ નાં રહેવાસીઓ ને સુરત રેલ્વે સ્ટેશન સુધી કનેક્ટિવિટી પ્રાપ્ત થશે.

૨. હાલમાં કાર્યરત સીટીબસ રૂટ નં ૧૦૮ રેલ્વે સ્ટેશન થી ઓલપાડ ને ઓલપાડ કોલેજ સુધી કોલેજ/ઓફિસ સમય દરમ્યાન લંબાવવામાં આવેલ છે. આ રૂટમાં કુલ ૯ બસ પીક કલાકોમાં કુલ ૧૫ મિનીટ ની ફ્રિકવન્સી પર પ્રાપ્ત થશે. જેને કારણે ઓલપાડ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ તથા ઓલપાડ કોર્ટ/મામલતદાર કચેરી/ITI માં આવતા નાગરિકોને સુરત રેલ્વે સ્ટેશન સુધી કનેક્ટિવિટી પ્રાપ્ત થશે.

૩. હાલમાં કાર્યરત સીટીબસ રૂટ નં ૪૦૨ પરવત પાટીયા થી માનસરોવર સર્કલ ને ઉતરાણ સ્ટેશન લંબાવવામાં આવેલ છે. આ રૂટમાં ૧૦ બસ પીક કલાકોમાં કુલ ૧૦ મિનીટ ની ફ્રિકવન્સી પર પ્રાપ્ત થશે. જેને કારણે અમરોલી ગામ નાં રહેવાસીઓ અને જે ઝેડ શાહ અને એચ પી દેસાઈ કોમર્સ કોલેજ તથા કે એન્ડ એમ પી શાળા નાં વિદ્યાર્થી ઓને સુરત રેલ્વે સ્ટેશન સુધી કનેક્ટિવિટી પ્રાપ્ત થશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 338
તા. ૦૬/૦૮/૨૦૧૮

# પ્રેસ નોટ :

તા.૦૬–૦૮–૨૦૧૮ નાં રોજ સ્મીમેર ખાતે **માન.મેયરશ્રીની અધ્યક્ષતામાં મળેલ એકઝીકયુટીવ કમિટીની મીટીંગમાં ડે.મેયરશ્રી, અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ, કમિશ્નરશ્રી, શાસક પક્ષનાં નેતાશ્રી, અધ્યક્ષશ્રી (હોસ્પિટલ કમિટી), અધ્યક્ષશ્રી (આરોગ્ય કમિટી), મેડીકલ એક્ષ્પર્ટસશ્રીઓ વિગેરેની** હાજરીમાં મળેલ મીટીંગમાં સ્મીમેર હોસ્પિટલ ખાતે સ્મીમેરનાં ''ડી '' બ્લોક ગ્રાઉન્ડ ફ્લોર ખાતે નવી તૈયાર કરવામાં આવેલ કેન્ટીનનાં H1 ઈજારદાર 'મયુર ભજીયા એન્ડ રેસ્ટોરન્ટ' ને બે વર્ષ માટે પ્રથમ વર્ષે રૂા.૧૭,૮૪,૧૬૦/– વાર્ષિક ભાડું વત્તા બીજા વર્ષે રૂા.૧૮,૭૩,૩૬૮/– મળી કુલ રૂા.૩૬,૫૭,૫૨૮/– ની થતી કુલ ગ્રોસ ભાડાંની રકમથી કામગીરી સોંપવાનું તથા સ્મીમેર હોસ્પિટલનાં સર્જરી વિભાગમાં પિત્તનળી અને સ્વાદપિંડની નળીનાં રોગોનાં નિદાન અને શકય સારવાર માટે Flexible Side Vewing Duodeno Scope and ERCP incuding upper GI - Endosope and accessories આશરે રૂા.૩૪,૧૨,૨૮૨.૦૦ તથા મોટા અને કોમ્પલીકેટેડ સર્જરીમાં લોહીની નસોને કંટ્રોલ કરવા માટે ઉપયોગી સાધન Vessel sealing system with in built ESU with probes નંગ–૨ આશરે રૂા.૮,૯૬,૦૦૦/– ના ખર્ચે મળી આશરે કુલ રૂા.૪૩,૦૮,૨૮૨/– નાં ખર્ચે ખરીદવાની ભલામણ કરવામાં આવી.

# પ્રેસ નોટ

## વિજ્ઞાન મેળો – ૨૦૧૮

સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૦૩ અને ૦૪ ઓગષ્ટ, ૨૦૧૮ના રોજ સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૪:૦૦ કલાક સુધી સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરીના ભોંયતળીયે ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે "Swachh Surat, Green Surat" / ''સ્વચ્છ સુરત, હરિયાળુ સુરત'' વિષય આધારિત ''વિજ્ઞાન મેળા''નું આયોજન કરવામાં આવેલ, જેનું ઉદ્દઘાટન મા. મેયરશ્રીના શુભ હસ્તે તા. ૦૩/૦૮/૨૦૧૮ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કરવામાં આવેલ. આ ''વિજ્ઞાન મેળા''માં સુરત શહેરને સ્વચ્છ અને હરિયાળુ શહેર કેવી રીતે બનાવી શકાય તેના સંદર્ભમાં સુરત શહેરની ૩૧ શાળાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ સંશોધનાત્મક વિચારો સહિતના ૩૫ પ્રોજેકટસ પ્રદર્શિત કરવામાં આવેલ. આ વિજ્ઞાન મેળામાં વિવિધ પેટા વિષય પર નીચે મુજબના પ્રોજેકટ પ્રદર્શિત કરવામાં આવેલ હતા :

૧. 'પ્રદૂષણ નિયમન' – ૧૭ પ્રોજેકટઃ શહેરમાં પ્રદુષણ કઈ રીતે ઓછુ કરી શકાય તે માટેના ઉપાયો જણાવવામાં આવેલ હતા, જે પૈકી 'Ultra Mini e-bike' પ્રોજેકટમાં બેટરીથી ચાલતી સાઈકલ પ્રદર્શિત કરવામાં આવેલ, જેના ઉપયોગથી પ્રદૂષણની સમસ્યા નિવારી શકાય. તે ઉપરાંત પ્લાસ્ટર ઓફ પેરીસ (POP)થી બનેલ દશામા, ગણેશ વિગેરેની મૂર્તિઓનું પ્રદૂષણરહિત વિર્સજન કરવાની રીત પણ દર્શાવવામાં આવેલ.

૨. 'રોગચાળો નિયંત્રણ' – ૦૪ પ્રોજેકટઃ શહેરને રોગચાળોમુકત બનાવવાના ઉપાયો પર પ્રોજેકટ પ્રદર્શિત કરવામાં આવેલ, જેમ કે ઘર વપરાશના મસાલાઓનો ઔષધ તરીકે ઉપયોગ કરી રોગચાળો નિયીત્રત કરવો.

૩. 'જળ સંચય' – ૦૫ પ્રોજેકટઃ શહેરની પાણીની અછત દુર કરવાના ઉપાયો દર્શાવવામાં આવેલ, જેમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ તથા જળ સંચયની અન્ય રીતો આધારિત પ્રોજેકટ પ્રદર્શિત કરવામાં આવેલ.

૪. 'કચરામાંથી ઊર્જાનું ઉત્પાદન' – ૦૪ પ્રોજેકટઃ ઘન કચરાના યોગ્ય નિકાલ તેમજ તેમાંથી ઊર્જાનું ઉત્પાદન પર પ્રોજેકટ પ્રદર્શિત કરવામાં આવેલ જેમાં નકામા પ્લાસ્ટીકમાંથી ડીઝલનું ઉત્પાદન જેવા રસપ્રદ પ્રોજેકટ પણ પ્રદર્શિત થયેલ હતા.

૫. 'જળ બચાવો' – ૦૫ પ્રોજેકટઃ પાણીની કટોકટી નિવારવા માટે પાણી બચાવવું ખૂબ જરૂરી છે, જે ધ્યાને લઈ પાણી બચાવવાના ઉપાયો દર્શાવતા પ્રોજેકટ જેમ કે ખેતરમાં પાણીનો યોગ્ય ઉપયોગ અને ઘરવપરાશમાં પાણીનો યોગ્ય ઉપયોગનો સમાવેશ થાય છે.

વિજ્ઞાન મેળો તા. ૦૩ અને ૦૪ ઓગષ્ટ, ૨૦૧૮ ના સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૪:૦૦ કલાક સુધી જાહેર જનતા માટે ખુલ્લો રાખવામાં આવેલ, જેનો લાભ કુલ ૫૧૪ મુલાકાતીઓ દ્વારા લેવામાં આવેલ.

તા. ૦૪/૦૮/૨૦૧૮ના રોજ સુરત મહાનગરપાલિકાની સાંસ્કૃતિક સમિતીના અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, સાંસ્કૃતિક સમિતી સભ્યશ્રી અને કોર્પોરેટરશ્રીના હસ્તે વિજ્ઞાન મેળામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સર્ટીફીકેટ તથા ભાગ લેનાર તમામ શાળાઓને મોમેન્ટો આપવામાં આવેલ.

# સુરત મહાનગરપાલિકા

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

## અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં મે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે જાહેર રસ્તા પર થતા પાર્કિંગ દૂર કરવા ઝુંબેશ હાથ ધરી નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

➢ સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨(વેસુ–ભરથાણા–વેસુ), ફા.પ્લોટ નં.૧૬, સબ પ્લોટ નં.૨ "સોમેશ્વર આર્કેડ"વાળી મિલ્કતમાં મંજુર થયેલ પ્લાનમાં દર્શાવેલ બેઝમેન્ટના પાર્કિંગવાળી જગ્યામાં અંદાજે ૩૦૦ ચો.ફુટનું મેઈન્ટેનન્સ ઓફિસનું ગ્લાસ/પાર્ટીશન સહિતનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે તેમજ ગ્રાઉન્ડ ફ્લોર પર શોપીંગની વચ્ચેના ભાગમાં મંજુર પ્લાનમાં દર્શાવેલ પાર્કિંગવાળી જગ્યામાં કરવામાં આવેલ એમ્યુઝમેન્ટ પાર્કની વિવિધ રમત ગમતની રાઈડોનું દબાણ દૂર કરી ૫૫૦૦ ચો.ફુટ પાર્કિંગ એરીયા ખુલ્લો કરવામાં આવેલ છે. તેમજ આ ખુલ્લા કરવામાં આવેલ પાર્કિંગ એરીયામાં પાર્કિંગના સાઈનેજીસ લગાવવાની તેમજ પાર્કિંગના પટ્ટા મારવાની કામગીરી સંચાલકો મારફતે કરાવવામાં આવેલ છે. તેમજ ઉપરોકત પાર્કિંગના દબાણો દૂર કરવા સંબંધે રૂ.૬૦,૦૦૦/– દંડ વસુલ કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમના પ્રથમ માળ ખાતે તા.૦૯–૮–૨૦૧૮ થી તા.૧૯–૮–૨૦૧૮ દરમ્યાન ધ્વજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં ધ્વજનો ઉદ્દભવ અને ઈતિહાસ, ભારતના રાષ્ટ્ર ધ્વજની ક્રમાનુસાર વિકાસગાથા, ભારતના રાષ્ટ્રીય પ્રતિકોની ફોટોગ્રાફસ દ્વારા વિસ્તૃત માહિતી દર્શાવી છે.

સદર પ્રદર્શન જાહેર જનતા તથા શાળાના વિદ્યાર્થીઓ માટે તા.૦૯,૧૦,૧૪અને ૧૬ ઓગષ્ટ, ૨૦૧૮ દરમ્યાન સવારે ૯–૩૦ થી સાંજે ૪–૩૦ કલાક તેમજ તા. ૧૧,૧૨,૧૭,૧૮, અને ૧૯ દરમ્યાન સવારે ૧૧–૩૦ થી સાંજે ૬–૩૦ કલાક સુધી સાયન્સ સેન્ટરના મુલાકાતીઓ નિહાળી શકશે. તા.૧૩–૦૮–૧૮ના રોજ સોમવારની અઠવાડીક રજા હોવાથી તથા હોવાથી તથા તા.૧૫–૦૮–૧૮ ના રોજ સ્વાતંત્ર દિવસ હોવાથી સાયન્સ સેન્ટર બંધ રહેશે.

# પ્રેસનોટ

## '' મે.કમિશ્નરશ્રી,સુરત મહાનગરપાલિકાની સુચના અનુસાર વી.બી.ડી.સી.વિભાગ,સેન્ટ્રલઝોન દ્વારા કરવામાં આવેલ ઝુંબેશરૂપે કામગીરી ''

મે.કમિશ્નરશ્રી,સુરત મહાનગરપાલિકાની સુચના અનુસાર વી.બી.ડી.સી. વિભાગ, સેન્ટ્રલ ઝોન દ્વારા હાલમાં ચોમાસાની ૠતુ દરમ્યાન ખાતાકીય તમામ કામગીરી ઝુંબેશરૂપે કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોન, વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ગત અઠવાડીયામાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ – ૬૨૫૭૧ ઘરો સર્વે કરી જેમાંથી ૪૮૭ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે તેમજ સર્વે દરમ્યાન મળેલ બ્રિડીંગ માટે જવાબદાર એવા કુલ–૨૭૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ હતી.જેમાંથી કુલ–૨૦ ઈસમો સામે કોર્ટ કેસની કાર્યવાહી કરવામાં આવેલ છે અને સર્વે દરમ્યાન બીન વપરાશી એવા કુલ–૭૮૮ કન્ટેનરો જપ્ત કરવામાં આવેલ છે.

પેરાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ – ૨૫૯ બાંધકામો સર્વે કરી જેમાંથી ૧૪૩ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે.વધુમાં મચ્છરજન્ય પરિસ્થિતિ માટે જવાબદાર કુલ–૫૦ ન્યુસન્સ કરતા ઈસમો જેવા કે સિધ્ધિ બાંધકામમાંથી રૂપિયા ૧૦૦૦૦, ટેક્ષટાઈલ માર્કેટમાંથી રૂપિયા ૧૧૦૦૦, નાગરદાસશેરી બાંધકામમાંથી રૂપિયા ૧૦૦૦૦, કરવા રોડ બાંધકામમાંથી રૂપિયા ૫૦૦૦, મલ્ટી લેવલ પાર્કિગ ગોપીતળાવમાંથી રૂપિયા ૨૫૦૦, ૨/૫૦૮૩ નાં બાંધકામમંથી રૂપિયા ૩૦૦૦, સગરામપુરા બાંધકામમાંથી રૂપિયા ૨૦૦૦, હીરામાણેક મહોલ્લો નાનપુરા બાંધકામમાંથી રૂપિયા ૨૦૦૦, ગોપીપુરા બાંધકામમાંથી રૂપિયા ૫૦૦૦, બોમ્બે કોલોની અને કાલાપેશી મહોલ્લાના બાંધકામમાંથી રૂપિયા ૩૦૦૦, લાલ દરવાજા હને કતાગામ દરવાજાનાં બાંધકામમાંથી રૂપિયા ૩૦૦૦, હોડીબંગલાના બાંધકામમાંથી રૂપિયા ૨૫૦૦, રેલ્વે સ્ટેશનનાં બાંધકામમાંથી રૂપિયા ૩૦૦૦, અશકતાઆશ્રમનાં બાંધકામમાંથી રૂપિયા ૨૦૦૦, ઊનાપાણી રોડનાં બાંધકામમાંથી રૂપિયા ૧૦૦૦, હનુમાન પોળમાંથી બાંધકામમાંથી રૂપિયા ૧૦૦૦, પીપડાશેરી બાંધકામમાંથી રૂપિયા ૧૦૦૦, એમ કુલ રૂપિયા ૬૭૦૦૦/– નો વહિવટી પરચુરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ છે અને અન્ય પાસેથી મળીને કુલ રૂપિયા ૧૦૬૧૦૦/– વહીવટી પરચુરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં ગલેમંડી રોડ, ખંડેરાવપુરા મેઈન રોડ તેમજ તૈયબી મહોલ્લો ઝાંપાબજાર વિસ્તારમાંના શિક્ષકો તેમજ વિધાર્થીઓ સાથે ડ્રાય ડે ની કામગીરી દરમ્યાન મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે.તેમજ કુલ–૧૩ શાળાઓના કુલ–૫૩૬૭ વિધાર્થીઓને ડેન્ગ્યુ કાર્ડનું વિતરણ કરી તેમના દ્વારા મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

## ''સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ રંગપુરણી હરિફાઈ અને દેશભકિત ગીત સ્પર્ધા''

વિષય : ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્ય દિનઃ૧૫મી ઓગષ્ટ–૨૦૧૮ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭/૦૮/૨૦૧૮ના રોજ સીંગણપોર મલ્ટી પર્પઝ હોલ ખાતે યોજાયેલ રંગપુરણી હરિફાઈ અને દેશભકિત ગીત સ્પર્ધા.

ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિન : ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૮ની કતારગામ ઝોન વિસ્તારમાં થનાર ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ શાળાના વિદ્યાર્થીઓની તા.૦૭/૦૮/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ધો.૧ થી ૪ની રંગપુરણી હરિફાઈ, બપોરે ૧૨.૦૦ કલાકે ધો.૫ થી ૧૨ની દેશભકિત ગીત સ્પર્ધા તથા બપોરે ૩.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્કુટિનીનું આયોજન સીંગણપોર મલ્ટી પર્પઝ હોલ, સીંગણપોર રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ ન.પ્રા.શિ.સમિતિ અને ખાનગી શાળાના ૧ થી ૪ ધોરણના ૨૦૦ બાળકોએ આપેલ ચિત્રમાં પોતાની કલ્પના મુજબ રંગોની પુરણી કરી હતી. જયારે દેશભકિત ગીત સ્પર્ધામાં કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ ૨૫ ન.પ્રા.શિ.સમિતિ અને ખાનગી શાળાઓના સંગીતવૃંદએ દેશ ભકિતના ગીતો ગાઈ દેશપ્રેમના રંગમાં રંગાયા હતાં. સ્પર્ધાને અંતે નીચે મુજબનું પરિણામ જાહેર થયું હતું.

| વિજેતા ક્રમ | રંગપુરણી સ્પર્ધા (ધો.૧ થી ૪) | | દેશભકિત ગીત સ્પર્ધા (ધો.૫ થી ૧૨) |
|---|---|---|---|
| | **નામ** | **શાળા** | **વિજેતા શાળા** |
| **પ્રથમ** | મુલાની હિત મેહુલભાઈ | શ્રી સ્વામી નારાયણ ગુરૂકુળ પ્રાથમિક શાળા (અં.મા.) | માધવબાગ વિદ્યાભવન (ગુજરાતી માધ્યમ) |
| **દ્વિતીય** | લાઠિયા અક્ષ રાકેશભાઈ | વી.એન.ગોધાણી ઈંગ્લિશ શાળા | શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ પ્રા.શાળા (ગુજરાતી માધ્યમ) |
| **તૃતીય** | શુભ ડી. રાજોડીયા | શ્રી સ્વામી નારાયણ ગુરૂકુળ પ્રાથમિક શાળા (અં.મા.) | એસ.એચ.ગજેરા માધ્યમિક વિદ્યાભવન |

દેશભકિત ગીત અને રંગપુરણી હરિફાઈના તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. બન્ને સ્પર્ધાના વિજેતાઓને તા.૧૫/૦૮/૨૦૧૮ના રોજ સવારે માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલના વરદ હસ્તે કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ, ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જી લેક ગાર્ડનની બાજુમાં, ગજેરા સર્કલ, કતારગામ, સુરત (૧૫મી ઓગષ્ટ,૨૦૧૮ની ઉજવણીના ધ્વજવંદન સ્થળ) ખાતે પુરસ્કૃત કરવામાં આવનાર હોય, વિજેતા સ્પર્ધકોએ તેઓના સ્કુલ યુનિફોર્મમાં સવારે ૮.૩૦ કલાકે અચૂક ઉપસ્થિત રહેવા ખાસ નોંધ લેવી.





| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૦૮/૦૮/૧૮ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથઝોનનાં બમરોલીયુનિટમાં આવતા ટી.પી.–૫૬ બ્લોક નં–૧૭૧ ઓલમ્પિયા શોપીંગ કોમ્પલેક્ષ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૧૦,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.બમરોલીયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતા પ્લોટ નં–૩૩૬ સુખીનગર–૧ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.ભેસ્તાનયુનિટનાં આવતા સુડાઆવાસ પાસે ટી.પી.–૧૮ અંજલી શોપીંગ સેન્ટરનાં બાંધકામમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૫૦૦૦/– વહીવટી ખર્ચ,રૂપાડાઈંગ પેઈન્ટીંગ જી.આઈ.ડી.સીમાં નકામા ભંગારમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૨૫૦૦/– વહીવટી ખર્ચ , સુંદરમ રેસી.ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૨૫૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.ભેસ્તાનયુનિટનાં આવતી શ્રીજી પેઈન્ટીંગ જી.આઈ.ડી.સીમાં નકામા ભંગારમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૨૫૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.ભેસ્તાનયુનિટમાં આવતા એસ.એમ.સી. શોપીંગ સેન્ટરના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૨૫૦૦/– વહીવટી ખર્ચ,પવન સીનેમા પાછળ ભંગારવાળા પાસે ભંગારમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૫૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. ઉધનાયુનિટમાં આવતા બી.આર.સી. કમ્પાઉન્ડમાં કુલ ૬ પ્લોટોમાં પાણી ભરાવો જોવા મળતા પોરાભક્ષક માછલી છોડવાની કામગીરી કરવામાં આવેલ છે.પાંડેસરાયુનિટમાં આવતા ભેદવાડ પાંડેસરા જી.આઈ.ડી.સી પાસે ભરૂચા એન્ડ સન્સમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૨૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.પાંડેસરાયુનિટમાં આવતી મારૂતી ઈન્ડ. હોન્ડાઈ શો રૂમ ના સર્વિસ સેન્ટરમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

સા–ઈસ્ટ ઝોનના લિંબાયત યુનિટ દ્વારા તા.૦૮/૦૮/૨૦૧૮ નારોજ બુધ્ધ સોસાયટી માં બાંધકામ માં ૪૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત. તેમજ ગોવિંદનગર ના બાંધકામ ૨૦૦૦/– તેમજ ઉમરવાડા યુનિટ દ્વારા મચ્છર ના બ્રિડીગ મળતા ૪ ઈસમો પાસે ૨૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# પ્રેસ નોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

એડી.સીટી ઈજનેરની સીધી સુચનાથી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ સ્ટાફ મારફત નોર્થ ઝોન (કતારગામ) ખાતે પાર્કિંગ ખુલ્લા કરવાના આદેશ મુજબ આજરોજના તા.૦૮/૦૮/૨૦૧૮ ના રોજ ટી.પી.સ્કીમ નં. ૭૩(ઉત્રાણ), બ્લોક નં. ૧૦૯, ઓ.પી. નં. ૫૧ માં આવેલ ૧૬ જેટલી દુકાનો / સ્ટોલ ને સીલ કરી આશરે ૧૦૦૦૦.૦૦ ચો.ફુટ જેટલી પાર્કિંગ ની જગ્યા ખુલ્લી કરેલ છે. તેમજ સદર કામગીરી અંગે વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/– તથા ડીપોઝીટ પેટે રૂા.૫૦,૦૦૦/– વસુલ લીધેલ છે.

તથા ટી.પી.સ્કીમ નં. ૭૦(છાપરાભાઠા–અમરોલી– કોસાડ–ઉત્રાણ), ફા.પ્લોટ નં. ૨૨૮ ,બ્લોક નં. ૨૧ માં આવેલ જ્ઞાનદીપ વિદ્યાલયના ટ્રસ્ટી પાસે સ્કુલના ગેરકાયદેસર પાર્કિંગ બાબતે દંડ પેટે રૂા.૧,૦૦,૦૦૦/– વસુલ લીધેલ છે.

તેમજ ટી.પી.સ્કીમ નં. ૭૦(છાપરાભાઠા–અમરોલી– કોસાડ–ઉત્રાણ) અમરોલી ચાર રસ્તાથી સાયણ તરફ જતાં ૪૫.૦૦ મી.ના ટી.પી. રસ્તા ઉપર બ્લોક નં. ૨૧ માં આવેલ કોમર્શીયલ શોપીંગ સેન્ટરમાં માર્જીન કવર કરી બનાવવામાં આવેલ પતરાના શેડ, વિગેરે દુર કરી આશરે ૨૦૦૦૦.૦૦ ચો.ફુટ જેટલો પાર્કિંગ એરીયા ખુલ્લો કરાવવામાં આવેલ છે.

આમ આશરે કુલ્લે ૩૦૦૦૦.૦૦ ચો.ફુટ દબાણ દુર કરી તેમજ ગેરકાયદેસર પાર્કિંગ બાબતે રૂા.૨,૦૦,૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ લીધેલ છે.

વધુમાં, નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારનાં (૧) અમરોલી સાયણ મેઈન રોડ, માન સરોવર સર્કલ પાસે, (૨) કાપોદ્રા ઉત્રાણ બીજથી વી.આઈ.પી. સર્કલ થઈ મનીષ ગરનાળા સુધીનાં બી.આર.ટી.એસ. રૂટ, (૩) અમરોલી સાયણ મેઈન રોડ, બી.કે. હોમ્સ પાસે, (૪) કાપોદ્રા ઉત્રાણ બ્રીજથી વી.આઈ.પી.સર્કલ સુધીનાં બી.આર.ટી.એસ. રૂટના રસ્તાઓ તેમજ (૫) વી.આઈ.પી. સર્કલ પાસે ટી.પી.સ્કીમ નં. ૭૩(ઉત્રાણ), બ્લોક નં. ૧૦૯ માં આવેલ ફુડ બાજાર માંથી કુલ ૨૧–ખુલ્લી લારી, ૧૬–બંધ લારી, ૦૨–કેબીન, ૦૬–કાઉન્ટર, ૭૦–પાથરણાં, ૦૨–હોર્ડિંગ્સ, ૪૫–પોસ્ટર બેનર, ૦૫–અન્ય તથા ૭૫૦ કિલો શાકભાજી જપ્ત કરી લારી–ગલ્લા / ફેરીયાઓનું દબાણ દુર કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

........................

## માહે જુલાઈ ૨૦૧૮ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુલાઈ **૨૦૧૮** દરમ્યાન **૬૨૯૩** ઈન્ડોર તથા **૬૦૬૬૪** આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. **૪૦૮૨** નાના તથા **૮૧૦** મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૫૧૧૪** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૧૯૪૩** અને જુના **૧૯૯૮** દર્દીઓ સહીત કુલ **૩૯૪૧** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ **૧૫૮૬** દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૨૨૬** તથા આંખ વિભાગમાં **૩૦૪૧** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૨૪૦૪૮** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

## :: પ્રેસનોટ ::

## ''સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ,સુરત ના સંયુકત ઉપક્રમે આયોજીત ત્રિરંગા યાત્રા–'યાદ કરો કુરબાની' કાર્યક્રમ

**વિષય : સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ, સુરતના સંયુકત ઉપક્રમે તા.૧૪/૦૮/૨૦૧૮ના રોજ આયોજીત ત્રિરંગા યાત્રા–'યાદ કરો કુરબાની' કાર્યક્રમ**

ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિન : ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૮ની ઉજવણીની પૂર્વ સંધ્યાએ સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ, સુરતના સંયુકત ઉપક્રમે ત્રિરંગા યાત્રા–'યાદ કરો કુરબાની' કાર્યક્રમ અંતર્ગત ત્રિરંગા સાથેની બાઈકરોની યાત્રા તેમજ 'યાદ કરો કુરબાની' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ૭૨માં સ્વાતંત્ર્ય દિવસની પૂર્વસંધ્યા તા.૧૪/૦૮/૨૦૧૮ના રોજ સાંજે ૫.૦૦ કલાકે ત્રિરંગા યાત્રા ઉધના મગદલ્લા રોડ બ્રેડ લાઈનર સર્કલથી નીકળી સાંજે ૬:૩૦ કલાકે પોલીસ કોમ્યુનિટી હોલ, પોલીસ હેડકવાર્ટસ, અઠવાલાઈન્સ ખાતે સમાપન થશે. માન.મેયરશ્રી, સાંસદશ્રી, ધારાસભ્યશ્રી, સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ ઉધના મગદલ્લા રોડ બ્રેડ લાઈનર સર્કલ ખાતેથી પોલીસ જવાનો, શાળા કોલેજના વિદ્યાર્થીઓ, નગરજનોના ત્રિરંગા સાથે બાઈકરોને સાંજે ૫.૦૦ કલાકે ફલેગ ઓફ આપશે. જે ત્રિરંગા યાત્રાનું સાંજે ૬:૩૦ કલાકે પોલીસ કોમ્યુનિટી હોલ, પોલીસ હેડકવાર્ટસ, અઠવાલાઈન્સ ખાતે સમાપન થશે. સમાપન સ્થળ પોલીસ કોમ્યુનિટી હોલ ખાતે મહાનુભવો દ્વારા મશાલ પ્રજવલન કરી મશાલ સમક્ષ દેશ પ્રત્યે પ્રતિજ્ઞા / સમર્પણનો સંકલ્પ લેવડાવ્યા બાદ સ્થાનિક કલાકારોનો દેશભકિતના ગીતોનો કાર્યક્રમ યોજાશે. દેશભરમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન અને સમર્પણની ભાવના પેદા થાય તે માટે યોજાનાર આ ત્રિરંગા યાત્રા–'યાદ કરો કુરબાની' કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રિત કરે છે.

# :: પ્રેસનોટ ::

"સુરત મહાનગરપાલિકા આયોજીત સુ.મ.પા.ની ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાની સ્કુટિની"

**વિષય : સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાના નાટકોની સ્કુટિની બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર છેલ્લા સાડા ચાર દાયકાથી નાટ્ય સ્પર્ધા યોજવામાં આવે છે. ચાલુ વર્ષે આગામી સપ્ટેમ્બર–ઓકટોબર માસમાં યોજાનાર સુ.મ.પા.ની ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં ૨૧ સંસ્થાઓએ ભાગ લીધેલ છે. મા.મેયરશ્રીની અધ્યક્ષતામાં મળેલ નાટ્ય સ્પર્ધા નિર્ણાયક સમિતિની મીટીંગમાં નકકી થયા મુજબ આ નાટ્ય સ્પર્ધા તા.૨૫/૦૯/૨૦૧૮થી સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે યોજાશે. સુરત મહાનગરપાલિકા આયોજીત સદર નાટ્ય સ્પર્ધામાં ભાગ લેનાર નાટ્ય સંસ્થાઓના નાટકની સ્કુટિનીનું આયોજન તા.૨૩/૦૮/૨૦૧૮ થી તા.૨૫/૦૮/૨૦૧૮ દરમ્યાન પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી– ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૨૩/૦૮/૨૦૧૮ના રોજ સાંજે ૪.૦૦ કલાકથી તથા તા.૨૪ અને ૨૫/૦૮/૨૦૧૮ના રોજ સવારે ૯.૦૦ કલાકથી નાટ્ય સ્પર્ધાની સ્કુટિની યોજાશે. નાટ્ય સંસ્થાઓની સ્કુટિનીમાં ભાગ લેનાર તમામ કલાકારોની યાદી તા.૧૮/૦૮/૨૦૧૮ સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં જમા કરાવવાની રહેશે. નાટ્ય સંસ્થાની સંમતિ હોય તો જ નાટકની સ્કૂટિનીની રજુઆત/ ભજવણી દરમ્યાન અન્ય નાટ્ય સંસ્થાના કલાકારોને પરફોર્મિંગ આર્ટ સેન્ટર ઓડિટોરીમમાં પ્રવેશ આપવામાં આવશે. આ નાટ્ય સ્પર્ધામાં ભાગ લેનાર નાટ્ય સંસ્થાઓને પરફોર્મિંગ આર્ટ સેન્ટર ખાતે જણાવેલ તારીખ અને સમયે બિનચૂક ઉપસ્થિત રહેવા સ્પષ્ટ નોંધ લેવી.

**સુરત મહાનગરપાલિકા આયોજીત૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનો સ્કુટિની કાર્યક્રમ**

| ક્રમ | સંસ્થાનું નામ | નાટકનું નામ | સંચાલક નામ | દિગદર્શકનું નામ | લેખકનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | કૃ | છેદ વિચ્છેદ | કેતન રાઠોડ | કેતન રાઠોડ | ડૉ.રઈસ મનીઆર |
| ૨ | રાજગ્રુપ થિયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટસ | બાલ ભગવાન | રાજેશ પાન્ડેય | રાજેશ પાન્ડેય | સ્વદેશ દીપક |
| ૩ | સેવેન પ્રોડકશન | અધૂરો ઓરડો | ઉર્જીતા કિનારીવાળા | ઉર્જીતા કિનારીવાળા | જીગર રાણા |
| ૪ | એક્ષપ્રેશન ગ્રુપ | કારાગાર | મિહિર પાઠક | મિહિર પાઠક | નીરજ કંસારા |
| ૫ | કે.ડી.એન્ટરટેઈનર્સ | શિરચ્છેદ | ડેનિશ પુણીવાળા | જાવિદ કાઝી | ઉત્તમ ગડા |
| ૬ | થર્ડ બેલ થિયેટર | સુર્ય કી અંતિમ કિરણ સે સુર્ય કી પહેલી કિરણ તક | પ્રતિક એ. શુકલ | પ્રતિક એ.શુકલ | સુરેન્દ્ર વર્મા |
| ૭ | પરમ | મનુ દામજી | ડૉ. પન્નેશ પંડિત | ડૉ. પન્નેશ પંડિત | ડૉ. પન્નેશ પંડિત |
| ૮ | સંભવ ગ્રુપ | અમારા જેવા કોઈ નહિ | વિશાલ જરીવાલા | વિશાલ જરીવાલા | પ્રવિણ સોલંકી |
| ૯ | વંશાલી ગ્રુપ | વિષ તૃષા | સેજલ પટેલ | ચેતન પટેલ | યોગેશ મહેતા |
| ૧૦ | સ્કોપા કોલેજ | કૌમુદી | શીખા સોમૈયા | આદિત્ય ઠાકુર | અભિષેક મજમુદાર |
| ૧૧ | આર્ટીઝમ થિયેટર | એક આત્મા શુધ્ધ ગૌતમ બુધ્ધ | ગીરીશ સોલંકી | ગીરીશ સોલંકી | ગીરીશ સોલંકી |
| ૧૨ | ઑફ બીટ થિયેટર | કુક્કૂ ડાર્લિંગ | અજય મારડિયા | અજય મારડિયા | રમાશંકર નિરોરા |
| ૧૩ | ધ્વનિ પ્રિયાંશી પરફોર્મિંગ આર્ટસ | સંભવ અસંભવ | મનોજ પાનપાટીલ | કૃણાલ પારેખ | શૈલેષ દવે |
| ૧૪ | આશિયાના પરિવાર | એક સપનાનું ઘર | કશ્યપ જોષી | કશ્યપ જોષી | ધ્વનિલ પારેખ |
| ૧૫ | દિપ આર્ટસ્ | આખરી દાવ | જય દિ. દીક્ષિત | જય દિ. દીક્ષિત | જય દિ. દીક્ષિત |
| ૧૬ | ફોરમ આર્ટસ એન્ડ પ્રોડકશન | લિખિતંગ લાવણ્યા | વૈભવ દેસાઈ | વૈભવ દેસાઈ | ડૉ.રઈસ મનીઆર |
| ૧૭ | સ્વરમ્ એન્ટરટેઈનર | ડાર્ક સિક્રેટ | ચેતન સી.કણિયા | પંકજ પાઠકજી | વિલોપન દેસાઈ |
| ૧૮ | સીલ્યુએટ થીએટર્સ | ચલો એકબાર ફીરસે | દેવાંગ જાગીરદાર | દેવાંગ જાગીરદાર | મકરંદ મુસળે |
| ૧૯ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | ઋણાનુબંધ | મેહુલ બી. શર્મા | સ્વપ્નીલ પાઠક | વિલોપન દેસાઈ |
| ૨૦ | શૈલ થિયેટર | એક હતું જંગલ | શૈલેન્દ્ર વડનેરે | શૈલેન્દ્ર વડનેરે | શૈલેન્દ્ર વડનેરે |
| ૨૧ | યુવા આર્ટસ્ | આતમના ઉતારા | યશ ઉપાધ્યાય | યશ ઉપાધ્યાય | વિલોપન દેસાઈ |

# **પ્રેસનોટ**

## **"મીઝલ્સ–રૂબેલા કેમ્પેઈન " માં આંશિક/ અંશતઃ સહકાર મળ્યો હોય તેવી શાળાઓના ટ્રસ્ટી તથા પ્રિન્સીપાલની મીટીંગ મળ્યા બાબત**

**સને ૨૦૨૦ સુધીમાં મીઝલ્સ નાબુદી અને રૂબેલા નિયંત્રણના ધ્યેયના ભાગરૂપે ભારત સરકારશ્રીના** આદેશાનુસાર સમગ્ર ગુજરાત રાજયમાં મીઝલ્સ–રૂબેલા વેકસીનેશન કેમ્પેઇન આગામી ૧૬/૦૭/૧૮ થી શરૂ કરવામાં આવ્યો છે.જેમાં ગાઇડલાઇન મુજબ પ્રથમ ૨ અઠવાડીયામાં ગ્રાન્ટેડ / નોનગ્રાન્ટેડ શાળાઓ, પ્લેગૃપ, નર્સરી, બાલવાડી, ઘોડીયાઘર તથા મદ્રેસા આવરી લેવાના હતી. પ્રથમ ૩ અઠવાડિયામાં શાળાઓમાં રસીકરણ કર્યા બાદ પણ જે શાળામાંથી આંશિક / અંશતઃ સહકાર મળ્યો હોય તેવી શાળાઓના ટ્રસ્ટી તથા પ્રિન્સીપાલની મીટીંગ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી યુ.એન.રાઠોડ ની અધ્યક્ષતામાં આજે તા.૦૯/૦૮/૧૮ ના રોજ બપોરે ૧:૦૦ કલાકે, ટી.એન્ડ ટી.વી.શાળામાં રાખવામાં આવી હતી.જેમાં ડબ્લ્યુ.એચ.ઓ.ના એસ.એમ.ઓ.ડૉ.ચિરાગ વાલીયા, ડૉ.ઈરફાન મોમીન એસોસીએટ પ્રોફેસર નવી સીવીલ હોસ્પિટલ, ડૉ.દિનેશ પટેલ મેડીકલ ઓફીસર,વેકસીન બ્રાંચ,સુરત રૂરલના નોડલ ઓફીસર એમ.આર.કેમ્પેઈન ડૉ.હિમાંશુ ગામીત, ડૉ.જૈનુલ ગગન પીડીયાટ્રીશીયન,યુનીસેફના પ્રતિનિધી નલીન કુમાર આનંદ, એડવોકેટ આરીફ અન્સારી, તથા સેન્ટ્રલ ઝોનના લાઈઝન ઓફીસર તથા મેડીકલ ઓફીસર હાજર રહયા હતા.

સદર મીટીંગમાં કાર્યક્રમ સંબંધી પ્રાથમિક માહિતી તથા હાલ સુધીમાં થયેલ કામગીરી અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.જીલ્લા શિક્ષણાધિકારીશ્રી શ્રી યુ.એન.રાઠોડએ શાળા દ્વારા વાલી પાસેથી કોઈ પણ પ્રકારની સંમતિ લેવાની જરૂર નથી તે બાબતે ખાસ ભાર મુકયો હતો તથા જયાં સુધી શાળામાં ૧૦૦ ટકા બાળકોને આ રસીથી સુરક્ષિત ન કરવામાં આવે ત્યાં સુધી પ્રયત્નો ચાલુ રાખવા ટ્રસ્ટી તથા પ્રિન્સીપાલને જણાવ્યુ હતુ.

આ ઉપરાંત હાજર રહેલા તબીબી નિષ્ણાંત ડૉ.ઈરફાન મોમીન અને ડૉ.જૈનુલ ગગન તથા અન્ય તમામ મહાનુભાવોએ આ રસી સંદર્ભે કોઈ ખોટી અફવા / ભ્રામક વોટસએપ મેસેજ / સમાચારથી ગેરમાર્ગે ન દોરવાઈ જઈ શાળાના તમામ બાળકને આ રસી અપાવી જ જોઈએ તેવુ ભારપુર્વક જણાવ્યુ હતુ.અંતમાં હાજર રહેલા ટ્રસ્ટી તથા પ્રિન્સીપાલના પ્રશ્નો તથા મુંઝવણ બાબતે ચર્ચા કરી નિરાકરણ લાવવામાં આવ્યુ હતુ તથા હવે પછી ૧૦૦ ટકા કામગીરી થાય તે માટે પધ્ધતિસરનું આયોજન કરવા જણાવવામાં આવ્યુ હતુ.

**ચાલો આપણે સૌ સાથે મળી**

**મીઝલ્સને નાબુદ અને રૂબેલાને નિયંત્રીત કરીએ.....**

# <u>પ્રેસનોટ</u>

**સરકારશ્રીનાં જીવલેણ એવા શીતળા નાબુદી રસીકરણ અભિયાનના ભાગરૂપે સને ૧૯૭૯ થી આ શીતળાનો રોગ સંપૂર્ણ નાબુદ થયેલો છે. જેનાં આપ વાલી/વડીલો/શિક્ષકો–સાક્ષી છો. જયારે આવા જ પોલીયો નાબુદી અભિયાનમાં પણ આપ વાલી/વડીલોશ્રીના સહયોગથી જ ભારત દેશને ૨૦૧૬ થી પોલીયો મુકત જાહેર કરવામાં આવેલ છે.**

આ મીઝલ્સ–રૂબેલા રસીકરણ કેમ્પેઈન પણ આ જ દિશામાં સને ૨૦૨૦ સુધીમાં મીઝલ્સ નાબુદી અને રૂબેલા નિયંત્રણના ધ્યેયના ભાગરૂપે તા.૧૬/૦૭/૨૦૧૮ થી તા.૧૯/૦૮/૨૦૧૮ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે. જેનાં **પ્રથમ બાવીસ દિવસ**માં શહેરની કુલ ૧૫૩૧ પ્રતિષ્ઠિત ખાનગી / સરકારી શાળાઓમાં તાલીમબધ્ધ મેડીકલ ઓફીસરની નિગરાની હેઠળ રસીકરણની કામગીરી હાથ ધરી **કુલ ૭૮૩૭ સેશનમાં <u>૭,૭૪,૮૦૧</u> બાળકોને આ મીઝલ્સ–રૂબેલાની રસી આપી સુરક્ષિત કરવામાં આવેલ છે. આમ, કુલ <u>સાત લાખ ચુમોતેર હજારથી વધુ બાળકોને</u> આ બાવીસ દિવસ દરમ્યાન રસી આપ્યા બાદ કોઈપણ બાળકને આડ અસર થયેલ નથી. જેથી, આ રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે.**

ઉપરોકત કામગીરી જોતાં શહેરના જાગૃત વાલીઓ તથા શાળાના શિક્ષકગણ દ્વારા સારો પ્રતિસાદ મળી રહયો છે. વધુમાં, આ રસી સંદર્ભે કોઈ **<u>ખોટી અફવા / ભ્રામક વોટસએપ મેસેજ/સમાચારથી ગેરમાર્ગે ન દોરવાઈ જઈ</u>** આપના બાળકને આ રસી અપાવી સરકારશ્રીનાં મીઝલ્સ–રૂબેલા રસીકરણ અભિયાનમાં શિક્ષકો/વાલીઓ બહોળી સંખ્યામાં જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમુલ્ય યોગદાન આપે તે માટે સુરત મહાનગરપાલિકા તરફથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આ અભિયાન દરમ્યાન ૯ માસથી ૧૫ વર્ષ સુધીનાં તમામ અંદાજે ૧૩,૧૫,૫૦૦ જેટલાં બાળકોને તા.૧૯/૦૮/૨૦૧૮ સુધી આ રસી આપવામાં આવનાર છે. જેમાં શરૂઆતનાં ૧૫ દિવસમાં તમામ શાળાઓ આવરી લેવામાં આવશે. ત્યાર બાદ વિસ્તારમાં નકકી કરવામાં આવેલા સ્થળઓએ સેશન યોજી શાળામાં બાકી રહેલા અને શાળાએ ન જતા બાળકોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત શહેરની હંગામી મજૂર વસાહતો,પેરી અર્બન એરીયા,સ્લમ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર,કન્સ્ટ્રકશન સાઈડ,કડીયા નાકા,ધાર્મિક સ્થળો, ઓવર બ્રિજ નીચે તથા નદી કિનારા વિગેરે સ્થળોએ મોબાઈલ ટીમો મારફતે કામગીરી કરવામાં આવશે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ કુલ ૪૮ શહેરી આરોગ્ય કેન્દ્રો પરથી પણ દરરોજ આ રસીકરણ કાર્યરત છે.

<u>નોંધ</u> :– **નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના બાળકને અગાઉ " મીઝલ્સ–રૂબેલા " ની રસી અપાવી હોય તો પણ આ અભિયાન દરમ્યાન આ રસી જરૂરથી અપાવી રક્ષિત કરશો.**

**ચાલો આપણે સૌ સાથે મળી**

**મીઝલ્સને નાબુદ અને રૂબેલાને નિયંત્રીત કરીએ.....**

# પ્રેસનોટ

મહિલા અને બાળકોના સર્વાંગી વિકાસ અને ઉત્થાન માટે આ વર્ષે પણ મહિલા બાળ પોષણ જાગૃતિશિબિરનું તા.૦૧/૦૮/૨૦૧૫ થી તા.૧૪/૦૮/૨૦૧૫ સુધી પખવાડીયાના કાર્યક્રમ ઉજવવાનું નકકી કરેલ છે. જે ને ધ્યાને લઈને સુરત મહાનગરપાલિકા દ્વારા મહિલાલક્ષી વિવિધ કાર્યક્રમનું આયોજન કરેલ છે. આ અભિયાન હેઠળ આજ રોજ તા.૧૦/૦૮/૨૦૧૮ ગાંધી સ્મૃતિ ભવન, નાનપુરા ખાતે મહિલા બાળ પોષણ જાગૃતિશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માનનીય મે.શ્રી જગદીશભાઈ પટેલ સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીરશ્મિકાબેન, શાસકપક્ષના નેતા શ્રીગિરજા શંકર મિશ્રા તથા કોર્પોરેટરશ્રી તેમજ અન્ય મહાનુભાવો હાજર રહયા હતા.

કાર્યક્રમની શરૂઆત આંગણવાડી બહેનો દ્વારા પ્રાથનાથી કરવામાં આવી હતી ત્યારબાદ સ્વાગત પ્રવચન અર્બન ઘટક –૧ ના સી.ડી.પી.ઓ કૈલાસબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત મહાનુભવો દ્વારા દીપ પ્રાગ્ટય કરવામાં આવ્યું અને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો.

શ્રીમતીનયનાબેન એસ.પારગી ઈ.ચા.પ્રોગ્રામ ઓફિસર, આઈ.સી.ડી.એસ.દ્વારા પ્રાંસગિક પ્રવચન આપવામાં આવ્યું. આ પ્રસંગે મેયરશ્રી જગદીશભાઈ પટેલ દ્વારા મહિલા અને બાળ પોષણ માટે માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું. ત્યારબાદ આંગણવાડી કાર્યકરો દ્વારા " બેટી બચાવો અને બેટી વધાવો "વિષય પર નાટક ભજવવામાં આવ્યું તથા " મા કોઈની મરશો નહિ " એકપાત્રીય અભિનય આંગણવાડી વર્કર દ્વારા રજુ કરવામાં આવેલ.

કાર્યક્રમના વકતા પ્રફુલભાઈ બમરોલીયા દ્વારા બાળપોષણની સમસ્યા અને તેના નિવારણ અર્થે સમજ આપી હતી. ડો.વિકાસબેન દેસાઈ દ્વારા " માતાના પોષણનું મહત્વ " અને તેની બાળક ઉપર પડતી અસર વિશે માર્ગદર્શન આપેલ તથા શેઠ પી.ટી.મહિલા કોલેજના પ્રોફેસર શ્રીમતી મીનાક્ષીબેન ત્રિપાઠી દ્વારા બાળકો અને માતાઓનાં પોષણ વિશે માહિતી આપી.

અંતમાં સૌની આભારવિધિ ઘટક –૪ ના સી.ડી.પી.ઓ શ્રીમતી લીલાબેન પટેલએ કરી અને કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.



"પહેલા પોલિયો અને હવે મીઝલ્સ-રૂબેલાનો વારો"

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૧૦/૦૮/૨૦૧૮ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.પાલિકાનાં વીબીડીસી વિભાગ દ્વારા આજરોજ જુદા-જુદા ઝોનોમાં મચ્છર જન્ય રોગ અટકાયત માટે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ હતી.

સા-ઈસ્ટ ઝોનના ગોડાદરા યુનિટ દ્વારા તા.૧૦/૦૮/૨૦૧૮ નારોજ રઘુવીર ટેક્ષટાઈલ માર્કેટ ના બાંધકામ માં ૧૦૦૦૦/- વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણ થી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, મનીપ્લાન્ટ, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. 353
તા. ૧૦-૦૮-૨૦૧૮

## —: પ્રેસનોટ :—

જાહેર રસ્તા ઉપર શાળાઓ દ્વારા થતા પાર્કીંગના કારણે ઉદ્‌ભવતી ટ્રાફિક સમસ્યાના નિવારણ માટેની ઝુંબેશના ભાગરૂપ આજરોજ ટી.પી.૧૨ (અડાજણ), ફા.પ્લોટ નં.૧૭૩/પૈકી (ન્યુ રાંદેર રોડ)માં આવેલ એચ.વી.સ્વામીનારાયણ વિદ્યાલય તથા પ્રેસીડન્સી સ્કુલમાં કાર્યવાહી હાથ ધરવામાં આવેલી. જે પૈકી એચ.વી. સ્વામીનારાયણ વિદ્યાલયમાંમંજુર પાર્કીંગવાળા ભાગમાં ૫૬૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરાવી પાર્કીંગની અમલવારી કરાવવાનું ચાલુ કરાવ્યુ. જયારે પ્રેસીડેન્સી સ્કુલમાં ૩૦૦૦ ચો.ફુટ મંજુર પ્લાનના સી.ઓ.પી. વાળા ભાગમાં ૫૦% એરીયામાં શાળાના વિદ્યાર્થીઓને લાવતી વાનનું લોડીંગ—અનલોડીગ કરાવવાનું ચાલુ કરાવ્યુ. વધુમાં શાળાના વાહનો તથા વિદ્યાર્થી/ વાલીઓના વાહનોનું પાર્કીંગ સ્કુલની પ્રિમાઈસીસમાં જ કરાવવા તા.૦૬/૦૮/૨૦૧૮ ના રોજ ડે.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ સાહેબની અધ્યક્ષતા હેઠળ શાળાના ટ્રસ્ટી / આચાર્યોની બોલાવેલ મીટીંગમાં આપેલ સૂચના મુજબ પાર્કીંગની અમલવારી કરાવવા સૂચના આપવામાં આવેલ. આ કાર્યવાહીથી શાળાની બહારના રસ્તા ઉપર ટ્રાફિકની સમસ્યા હળવી થશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.____________
તારીખ ૯-૮-૨૦ 354

કાર્યપાલક ઈજનેર
પશ્ચિમ ઝોન (રાંદેર)
સુરત મહાનગરપાલિકા

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૩/૦૮/૨૦૧૮ થી તા.૦૯/૦૮/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૩૧૦ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૯૩ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૮૦ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૩૮ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૪ |

# —:: પ્રેસનોટ ::—


તા.૧૦–૦૮–૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં આવેલ કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૨૦ | ૧૯ | ૧૧ | ૧૧ | ૨૨૦૦ |
| વરાછા | ૮૬ | ૭૩ | ૫૭ | ૫૭ | ૧૧૪૦૦ |
| રાંદેર | ૫૯ | ૨૬ | ૧૭ | ૧૭ | ૩૪૦૦ |
| કતારગામ | ૬૯ | ૬૨ | ૩૬ | ૩૬ | ૭૨૦૦ |
| ઉધના | ૧૭૨ | ૧૨ | ૭ | ૭ | ૧૪૦૦ |
| લિંબાયત | ૩૯ | ૬૫ | ૨૦ | ૨૦ | ૪૦૦૦ |
| અઠવા | ૭૭ | ૩૨ | ૧૪ | ૧૪ | ૨૮૦૦ |
| કુલ | ૫૨૨ | ૨૮૯ | ૧૬૨ | ૧૬૨ | ૩૨૪૦૦ |

## –::પ્રેસનોટ::–

ખજોદ શહેરી વિકાસ સત્તામંડળની બીજી બોર્ડ બેઠક ગાંધીનગર મુકામેતા.૦૯/૦૮/૨૦૧૮ નાં રોજ મળેલ. ખજોદ શહેરી વિકાસ સત્તામંડળના ચેરમેન તરીકે પ્રિન્સીપલ સેક્રેટરીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત સરકારનિયુકત થયેલ છે. આ બોર્ડ બેઠકમાં GIDBનાં પ્રતિનિધિશ્રી, જોઈન્ટ સેક્રેટરીશ્રી,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ચીફ ટાઉન પ્લાનરશ્રી, ગુજરાત રાજય તથા મ્યુ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા હાજર રહેલ. બોર્ડ બેઠકમાં ખજોદ ખાતે રાજય સરકારનાં ડ્રીમ પ્રોજેકટ એવા ડ્રીમ સીટી લીમીટેડમાં ઈન્ફ્રાસ્ટ્રકચરની થયેલ તથા થનાર કામગીરીની નોંધ લેવામાં આવેલ.

વધુમાં, ખજોદ વિસ્તારનોવિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરવા બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા થયેલ અને આગામી દિવસોમાં સદર વિસ્તારનોવિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં રજુ કરવા તથા તેને આનુસાંગિક કાર્યવાહી કરવા મુખ્ય કારોબારી અધિકારી તરીકે મ્યુ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સત્તા સુપ્રત કરવાનું નકકી કરવામાં આવેલ છે. ખજોદ શહેરી વિકાસ સત્તામંડળની કુલ ૧૬૩૯ હેકટર જમીન પૈકી ૧૩૬૭ હેકટર જમીન સરકારી માલીકીની છે અને ૨૭૨ હેકટર જેટલી જમીન ખાનગી માલીકીની છે. જે ધ્યાને લઈને આ વિસ્તારનો મુસદ્દો તૈયાર થનાર છે.



:: પ્રેસનોટ ::

"સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ,સુરત ના સંયુકત ઉપક્રમે આયોજીત ત્રિરંગા યાત્રા–'યાદ કરો કુરબાની' કાર્યક્રમ

વિષય : સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ, સુરતના સંયુકત ઉપક્રમે તા.૧૪/૦૮/૨૦૧૮ના રોજ આયોજીત ત્રિરંગા યાત્રા–'યાદ કરો કુરબાની' કાર્યક્રમ

ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિન : ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૮ની ઉજવણીની પૂર્વ સંધ્યાએ સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ, સુરતના સંયુકત ઉપક્રમે ત્રિરંગા યાત્રા–'યાદ કરો કુરબાની' કાર્યક્રમ અંતર્ગત ત્રિરંગા સાથેની બાઈકરોની યાત્રા તેમજ 'યાદ કરો કુરબાની' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ૭૨માં સ્વાતંત્ર્ય દિવસની પૂર્વસંધ્યા તા.૧૪/૦૮/૨૦૧૮ના રોજ સાંજે ૫.૦૦ કલાકે ત્રિરંગા યાત્રા બ્રેડ લાઈનર સર્કલ, ઉધના મગદલ્લા રોડથી નીકળી ફ્લાય ઓવર બ્રીજ થઈ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી થઈ વાય જંકશન, કારગીલ ચોક, એસ.વી.એન.આઈ.ટી. સર્કલથી પારલે પોઈન્ટ ફ્લાય ઓવર થઈ, ચોપાટી સર્કલ, સર્કીટ હાઉસ, પોલીસ કોમ્યુનિટી હોલ, પોલીસ હેડકવાર્ટસ, અઠવાલાઈન્સ ખાતે સાંજે ૬:૦૦ કલાકે સમાપન થશે. માન.મેયરશ્રી, સાંસદશ્રી, ધારાસભ્યશ્રી, સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ ઉધના મગદલ્લા રોડ બ્રેડ લાઈનર સર્કલ ખાતેથી પોલીસ જવાનો, સુરત મહાનગરપાલિકાના ફાયર–સીકયુરીટી જવાનો, શાળા કોલેજના વિદ્યાર્થીઓ અને નગરજનોને ત્રિરંગા અને હેલ્મેટ સાથેના બાઈકરોને સાંજે ૫.૦૦ કલાકે ફ્લેગ ઓફ આપશે. જે ત્રિરંગા યાત્રાનું સાંજે ૬:૦૦ કલાકે પોલીસ કોમ્યુનિટી હોલ, પોલીસ હેડકવાર્ટસ, અઠવાલાઈન્સ ખાતે પહોંચશે. સમાપન સ્થળ પોલીસ કોમ્યુનિટી હોલ ખાતે મહાનુભવો દ્વારા મશાલ પ્રજવલન કરી મશાલ સમક્ષ દેશ પ્રત્યે પ્રતિજ્ઞા / સમર્પણનો સંકલ્પ લેવડાવ્યા બાદ સ્થાનિક કલાકારોનો દેશભકિતના ગીતોનો કાર્યક્રમ યોજાશે. દેશભરમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન અને સમર્પણની ભાવના પેદા થાય તે માટે યોજાનાર આ ત્રિરંગા યાત્રા–'યાદ કરો કુરબાની' કાર્યક્રમમાં જાહેર જનતાને સહભાગી થવા હેલ્મેટ સાથે બાઈકરોને જોડાવા આગ્રહ ભરી અપીલ છે.

:: <u>ત્રિરંગા યાત્રાનો રૂટ</u> ::

**બ્રેડ લાઈનર સર્કલ, ઉધના મગદલ્લા રોડથી નીકળી ફલાય ઓવર બ્રીજ થઈ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી થઈ વાય જંકશન, કારગીલ ચોક, એસ.વી.એન.આઈ.ટી. સર્કલથી પારલે પોઈન્ટ ફલાય ઓવર થઈ, ચોપાટી સર્કલ, સર્કીટ હાઉસ, પોલીસ કોમ્યુનિટી હોલ, પોલીસ હેડકવાર્ટસ, અઠવાલાઈન્સ, સુરત.**

સમાચારયાદી નં. 358 તા. /૦૮/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

15 AUG 2018

:: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત મહિલા યોગ શિબિર

રાજય સરકાર દ્વારા તા.૦૧/૦૮/૨૦૧૮ થી તા.૧૪/૦૮/૨૦૧૮ દરમ્યાન સમગ્ર રાજયમાં મહિલા સશકિતકરણ કાર્યક્રમ ઉજવણી સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા મહિલા સશકિતકરણ પખવાડિક ઉજવણી કાર્યક્રમ અન્વયે ''મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ'' અંતર્ગત ''મહિલા યોગ શિબિર''નું આયોજન તા.૧૪/૦૮/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૭.૦૦ કલાકે કતારગામ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, ગજેરા સર્કલ,કતારગામ, સુરત(૧૫મી ઓગષ્ટ–૨૦૧૮ની ઉજવણીના ધ્વજવંદન સ્થળ) ખાતે કરવામાં આવેલ છે. યોગ એટલે જોડાવું. યોગ્ય માર્ગદર્શનથી યોગ કરવામાં આવે તો બાળક, યુવાન, વૃધ્ધ, રોગી વ્યકિત પણ માનસિક, શારીરિક અને નૈતિક શકિત પ્રાપ્ત કરે છે. યોગના અભ્યાસથી વ્યકિતનું શરીર સ્વસ્થ અને નિરોગી, બુદ્ધિ તેજ બને છે. વ્યકિતનું આયુષ્ય વધે છે. ભારત સરકાર દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૫ના રોજ પ્રથમ ''વિશ્વ યોગ દિન'' અને તા.૨૧/૦૬/૨૦૧૮ના રોજ ચતુર્થ ''વિશ્વ યોગ દિવસ''ની રાષ્ટ્રવ્યાપી ઉજવણી સાથે ભારતીય સંસ્કૃતિના એક અંગ યોગની વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે અને મહિલાઓ રોજીંદા જીવનમાં અપનાવી સ્વસ્થ અને નિરોગી બને તેવા શુભ આશયથી મહિલા યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સુરત મહાનગરપાલિકાના મહિલા મ્યુ.સદસ્યશ્રીઓ, શહેરના વિવિધ મહિલા સંગઠનો, મહિલા મંડળો, આંગણવાડી વર્કર, આશા વર્કર, કિશોરીઓ, વિદ્યાર્થીનીઓ, વિવેકાનંદ મહિલા મંડળો તથા શહેરની હેલ્થ અને યોગપ્રેમી મહિલાઓને સામેલ થવા સુરત મહાનગરપાલિકા આમંત્રિત કરે છે.

:: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત મહિલા યોગ શિબિર

રાજય સરકાર દ્વારા તા.૦૧/૦૮/૨૦૧૮ થી તા.૧૪/૦૮/૨૦૧૮ દરમ્યાન સમગ્ર રાજયમાં મહિલા સશકિતકરણ કાર્યક્રમ ઉજવણી સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા મહિલા સશકિતકરણ પખવાડિક ઉજવણી કાર્યક્રમ અન્વયે ''મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ'' અંતર્ગત ''મહિલા યોગ શિબિર''નું આયોજન તા.૧૪/૦૮/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૭.૦૦ કલાકે કતારગામ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, ગજેરા સર્કલ,કતારગામ, સુરત(૧૫મી ઓગષ્ટ–૨૦૧૮ની ઉજવણીના ધ્વજવંદન સ્થળ) ખાતે કરવામાં આવેલ છે. યોગ એટલે જોડાવું. યોગ્ય માર્ગદર્શનથી યોગ કરવામાં આવે તો બાળક, યુવાન, વૃધ્ધ, રોગી વ્યકિત પણ માનસિક, શારીરિક અને નૈતિક શકિત પ્રાપ્ત કરે છે. યોગના અભ્યાસથી વ્યકિતનું શરીર સ્વસ્થ અને નિરોગી, બુદ્ધિ તેજ બને છે. વ્યકિતનું આયુષ્ય વધે છે. ભારત સરકાર દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૫ના રોજ પ્રથમ ''વિશ્વ યોગ દિન'' અને તા.૨૧/૦૬/૨૦૧૮ના રોજ ચતુર્થ ''વિશ્વ યોગ દિવસ''ની રાષ્ટ્રવ્યાપી ઉજવણી સાથે ભારતીય સંસ્કૃતિના એક અંગ યોગની વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે અને મહિલાઓ રોજીંદા જીવનમાં અપનાવી સ્વસ્થ અને નિરોગી બને તેવા શુભ આશયથી મહિલા યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સુરત મહાનગરપાલિકાના મહિલા મ્યુ.સદસ્યશ્રીઓ, શહેરના વિવિધ મહિલા સંગઠનો, મહિલા મંડળો, આંગણવાડી વર્કર, આશા વર્કર, કિશોરીઓ, વિદ્યાર્થીનીઓ, વિવેકાનંદ મહિલા મંડળો તથા શહેરની હેલ્થ અને યોગપ્રેમી મહિલાઓને સામેલ થવા સુરત મહાનગરપાલિકા આમંત્રિત કરે છે.

## :: પ્રેસનોટ ::

### "સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ ૨૦૧૮ની ઉજવણી"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્ય દિન : ૧૫મી ઓગષ્ટ-૨૦૧૮ નિમિત્તે કતારગામ ઝોનમાં થનાર ઉજવણી બાબત.

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વની ઉજવણી પ્રતિવર્ષ અલગ અલગ ઝોન વિસ્તારમાં કરવામાં આવે છે. જે અન્વયે ચાલુ વર્ષે સ્વાતંત્ર્ય દિનઃ૧૫મી ઓગષ્ટ-૨૦૧૮ની ઉજવણી કતારગામ ઝોન વિસ્તારમાં થનાર છે. ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી અંતર્ગત તા.૧૫/૦૮/૨૦૧૮ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ, ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જી લેક ગાર્ડનની બાજુમાં, ગજેરા સર્કલ, કતારગામ, સુરત ખાતે માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલના વરદહસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાનાર છે. સ્વાતંત્ર્ય પર્વના સવારે ૮.૦૦ કલાકે કતારગામ ઝોન વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓ પ્રભાત ફેરી ટેબ્લોઝ અને દેશભકિતના નારા સાથે ગજેરા સર્કલ ત્રણ રસ્તાથી શરૂ થઈ કાંસાનગરથી યુ-ટર્ન લઈ લેક ગાર્ડન સર્વિસ રોડ થઈ ધ્વજવંદન સમારોહમાં જોડાશે. સુરત મહાનગરપાલિકાના ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના સીક્યુરીટી જવાનોની માર્ચ પાસ્ટ સાથે ત્રિરંગાને સન્માનપૂર્વક સલામી આપવામાં આવશે. ધ્વજવંદન બાદ આ રાષ્ટ્રીય તહેવારની લોકોમાં પોતાનો તહેવાર હોય તેવી લાગણી ઊભી કરવા તથા લોકોમાં દેશભકિતની ભાવના પ્રબળ બને તે માટે તા.૯ ઓગષ્ટ, ૨૦૧૮ના રોજ સીંગણપોર મલ્ટી પર્પઝ હોલ ખાતે યોજાયેલ રંગપૂરણી અને દેશ ભકિતગીત સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર, સુરત મહાનગરપાલિકાના વિશિષ્ટ અને પ્રશંસનીય કામગીરીની ખાતા / ઝોનની ૧૧ ટીમોને પ્રશંસાપત્ર, ૫૬ અધિકારી-કર્મચારીઓને ઈનામ અને પ્રશંસાપત્ર, ફેબ્રુઆરી-૨૦૧૮માં લેવાયેલ એલ.એસ.જી.ડી.પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવનાર પ્રથમ બે કર્મચારીઓ અને ધો.૧૦ અને ધો.૧૨માં પ્રથમ પ્રયત્ને વધુ ગુણ મેળવનાર કર્મચારીઓના ૪ બાળકોને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે.

સ્વાતંત્ર્ય દિનની લોકોના પર્વ તરીકે લોક સહયોગથી ઉજવવા કતારગામ ઝોન વિસ્તારની નગર પ્રાથમિક સમિતિ અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિતને ઉજાગર કરતા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સુરત મહાનગરપાલિકા દ્વારા ધ્વજવંદન સ્થળે સવારે મફત રોગ નિદાન હેલ્થ કેમ્પ રાખવામાં આવેલ છે. રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણી કાર્યક્રમોમાં ભાગીદાર બની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં નગરજનોને જોડાવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

સમાચારયાદી નં. 361,તા.[illegible]/૦૮/૨૦૧૮,જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા
# યુ.સી.ડી. વિભાગ
# અખબારી યાદી
## યુ.સી.ડી.વિભાગ, સુરત મહાનગરપાલિકા ધ્વારા ''મહિલા નેતૃત્વ દિવસ''ની ઉજવણી કરવામાં આવી.

રાજય સરકાર દ્વારા મહિલા ઉથ્થાનને વેગવંતા બનાવવા મહિલા નેતૃત્વ વિકાસ, સ્વાવલંબન, સ્વચ્છતા, આરોગ્ય જેવા વિવિધ વિષયોને આવરી લઈ તા.૦૧/૦૮/૨૦૧૮ થી તા. ૧૪/૦૮/૨૦૧૮ સુધી ''મહિલા સશકિતકરણ પખવાડિયા''ની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિભાગોને સાંકળી કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવેલ.

યુસીડી, સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૪/૦૮/૨૦૧૮ ના રોજ બપોરે ૦૩.૩૦ કલાકે સરદારખંડ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા ખાતે ''મહિલા નેતૃત્વ દિવસ''ની ઉજણવી કરવામાં આવી. જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપપ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા મા. મેયરશ્રી ડો. જગદિશ પટેલે જણાવ્યુ જતુ કે કોઈ પણ શહેરના વિકાસના માપદંડો તપાસવા હોય તો તેના આંતરમાળખાકિય વિકાસને તપાસવાના બદલે તે શહેરની મહિલાઓને પ્રાપ્ત થયેલ સન્માનથી તપાસવાથી પ્રાપ્ત થઈ શકે. સુરત મહાનગરપાલિકા માત્ર એક દિવસ ન ઉજવીને કાયમ શહેરની મહિલાઓને સન્માન પ્રાપ્ત થાય તે માટે હંમેશા પ્રયત્નશીલ રહી છે. વધુમાં મા. મેયરશ્રીએ તમામ મહિલા કોર્પોરેટર્સને વધુ પાંચ બહેનોને સશકત બનાવવા આહવાન કર્યુ હતુ.

કાર્યક્રમમાં મોટીવેશનલ સ્પીકર ડો. રીટાબેન ફુલવાલાએ ભારતના ઈતિહાસમાં મહિલાઓના સ્થાન તથા આ મહિલાઓની સિધ્ધિમાંથી કેમ પ્રેરણા લઈ સફળ લીડર બનવાની દિશામાં આગળ વધવા સમજણ આપી હતી. સાંસ્કૃતિક સમિતિના ચેરમેનશ્રી રશ્મિકાબેન પટેલે આવકાર પ્રવચન કરતા યુસીડી વિભાગ, સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી રાખીમેળા, નવરાત્રીમેળા, પીંકઓટો પ્રોજેકટ વગેરે દ્વારા મહિલાઓના આજિવિકા સર્જન અંગેના પ્રયાસ અંગે વિસ્તૃત ચિતાર આપ્યો હતો.આ કાર્યક્રમમાં વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મહિલા મ્યુ. સદસ્યશ્રીઓ તથા સખીમંડળના બહેનો હાજર રહયા હતા.

# પ્રેસનોટ

## સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગ વેસુ યુનિટ વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" રોગ અટકાયત અભિયાન અંતર્ગત આદરેલી શાળા ચકાસણી ઝુંબેશમાં અગ્રવાલ વિધા વિહાર સ્કુલમાં ક્ષતિઓ મળી આવતાં રૂા.૫૦,૦૦૦/– (પચાસ હજાર રૂપિયા)વસુલ લેવમાં આવેલ વહીવટી ખર્ચ બાબતની અખબારી યાદી :

હાલમાં ચોમાસાની ઋતુને ધ્યાને રાખી સુરત શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન માં તાઃ–૧૩/૦૮/૧૮ નાં રોજ શાળા ચકાસણી ઝુંબેશ આદરવામાં આવેલ સદર ઝુંબેશ દરમ્યાન વેસુ વિસ્તારમાં આવેલ અગ્રવાલ વિધાવિહાર સ્કુલમાં ડેંગ્યુ ફેલાવનાર મચ્છરનની ઉત્પતિ મળી આવેલ હતી, આ અગાઉ પણ **તાઃ–૨૭/૦૭/૧૮ નાં રોજ સદર શાળામાં મચ્છરની ઉતપતિ જોવા મળેલ ત્યારે અગ્રવાલ સ્કુલનાં સંચાલકોને નોટીસ આપી ૫,૦૦૦/– (પાંચ હજાર)** રૂપિયા વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ હતો. પરંતુ આજ રોજ ફરીથી મચ્છરની ઉત્પતિ મળી અવતાં નોટીસ આપી **૫૦,૦૦૦/– (પચાસ હજાર**) રૂપિયા વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ. અને હજી પણ જો પરિસ્થિતિમાં સુધારો નહી આવેતો શળાને સીલ કરવા સુધીની કામગીરી કરવામાં આવશે.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન થાય અને સંપૂર્ણ સહકાર આપવા માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વઘુમાં વઘુ કડક હાથે કાર્યવાહી હાથ ઘરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

# <u>પ્રેસનોટ</u>

**સરકારશ્રીનાં જીવલેણ એવા શીતળા નાબુદી રસીકરણ અભિયાનના ભાગરૂપે સને ૧૯૭૯ થી આ શીતળાનો રોગ સંપૂર્ણ નાબુદ થયેલો છે. જેનાં આપ વાલી/વડીલો/શિક્ષકો–સાક્ષી છો. જયારે આવા જ પોલીયો નાબુદી અભિયાનમાં પણ આપ વાલી/વડીલોશ્રીના સહયોગથી જ ભારત દેશને ૨૦૧૬ થી પોલીયો મુકત જાહેર કરવામાં આવેલ છે.**

આ મીઝલ્સ–રૂબેલા રસીકરણ કેમ્પેઈન પણ આ જ દિશામાં સને ૨૦૨૦ સુધીમાં મીઝલ્સ નાબુદી અને રૂબેલા નિયંત્રણના ધ્યેયના ભાગરૂપે તા.૧૬/૦૭/૨૦૧૮ થી તા.૧૯/૦૮/૨૦૧૮ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે. જેનાં **પ્રથમ પચ્ચીસ દિવસ**માં શહેરની કુલ ૧૫૩૭ પ્રતિષ્ઠિત ખાનગી / સરકારી શાળાઓમાં તાલીમબધ્ધ મેડીકલ ઓફીસરની નિગરાની હેઠળ રસીકરણની કામગીરી હાથ ધરી **કુલ ૮૭૬૮ સેશનમાં <u>૮,૧૯,૫૦૯</u> બાળકોને આ મીઝલ્સ–રૂબેલાની રસી આપી સુરક્ષિત કરવામાં આવેલ છે. આમ, કુલ <u>આઠ લાખ ઓગણીસ હજારથી વધુ બાળકોને</u> આ પચ્ચીસ દિવસ દરમ્યાન રસી આપ્યા બાદ કોઈપણ બાળકને આડ અસર થયેલ નથી. જેથી, આ રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે. વધુમાં ૧૫૩૬ પ્રતિષ્ઠિત ખાનગી / સરકારી શાળાઓ પૈકી કુલ ૩૨૪ શાળામાં લક્ષ્યાંકિત બાળકોની સરખામણીમાં ૯૦ ટકાથી ઉપર કામગીરી કરવામાં આવી છે.**

ઉપરોકત કામગીરી જોતાં શહેરના જાગૃત વાલીઓ તથા શાળાના શિક્ષકગણ દ્વારા સારો પ્રતિસાદ મળી રહયો છે. વધુમાં, આ રસી સંદર્ભે કોઈ **<u>ખોટી અફવા / ભ્રામક વોટસએપ મેસેજ/સમાચારથી ગેરમાર્ગે ન દોરવાઈ જઈ</u>** આપના બાળકને આ રસી અપાવી સરકારશ્રીનાં મીઝલ્સ–રૂબેલા રસીકરણ અભિયાનમાં શિક્ષકો/વાલીઓ બહોળી સંખ્યામાં જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમુલ્ય યોગદાન આપે તે માટે સુરત મહાનગરપાલિકા તરફથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આ અભિયાન દરમ્યાન ૯ માસથી ૧૫ વર્ષ સુધીનાં તમામ અંદાજે ૧૩,૧૫,૫૦૦ જેટલાં બાળકોને તા.૧૯/૦૮/૨૦૧૮ સુધી આ રસી આપવામાં આવનાર છે. જેમાં શરૂઆતનાં ૧૫ દિવસમાં તમામ શાળાઓ આવરી લેવામાં આવશે. ત્યાર બાદ વિસ્તારમાં નકકી કરવામાં આવેલા સ્થળઓએ સેશન યોજી શાળામાં બાકી રહેલા અને શાળાએ ન જતા બાળકોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત શહેરની હંગામી મજૂર વસાહતો,પેરી અર્બન એરીયા,સ્લમ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર,કન્સ્ટ્રકશન સાઈડ,કડીયા નાકા,ધાર્મિક સ્થળો, ઓવર બ્રિજ નીચે તથા નદી કિનારા વિગેરે સ્થળોએ મોબાઈલ ટીમો મારફતે કામગીરી કરવામાં આવશે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ કુલ ૪૮ શહેરી આરોગ્ય કેન્દ્રો પરથી પણ દરરોજ આ રસીકરણ કાર્યરત છે.

**<u>નોંધ</u> :– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના બાળકને અગાઉ " મીઝલ્સ–રૂબેલા " ની રસી અપાવી હોય તો પણ આ અભિયાન દરમ્યાન આ રસી જરૂરથી અપાવી રક્ષિત કરશો.**

# પ્રેસનોટ

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત** :–

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની તેમજ પાર્કીગ ખુલ્લું કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૬(મજુરા–ખટોદરા) ફા.પ્લોટ નં.૩૪૪ પૈકી સી.સ.નં.૧૧૭૩ થી ૧૧૮૦, પ્લોટ નં.૪૧ થી ૪૫, સોમાકાનજીની વાડી, ખટોદરા, સુરતવાળી મિલકતમાં સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવેલ પરવાનગી વિરૂધ્ધ બાંધકામ થયેલ હોવાનું જણાઈ આવેલ, જેથી સદરહું મિલકતદારોને અત્રેથી મંજૂર પ્લાન વિરૂધ્ધ થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદારો ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૧૩/૦૮/૨૦૧૮ ના રોજ ગ્રાઉન્ડ ફલોર+ પ્રથમ માળનું આશરે ૩૦૦ ચો. ફૂટ ચણતર તેમજ બીજા માળનું આશરે ૧૮૦૦ ચો.ફુટ પતરાનું ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

(૨) વધુમાં ટી.પી.સ્કીમ નં.૬(મજુરા–ખટોદરા) ફા.પ્લોટ નં.૨૮૮ પૈકી બેલા ફેશનના મિલકતદારો ધ્વારા મંજુર પ્લાન વિરૂધ્ધ બેઝમેન્ટમાં પાર્કીગની જગ્યાએ રૂમ બનાવેલ હોવાનું જણાતા, જે અન્વયે આજરોજ તા.૧૩/૦૮/૨૦૧૮ના રોજ આશરે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાંથી ચણતરની રૂમ દુર કરી પાર્કીગ ખુલ્લું કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– મિલકતદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં.૬(મજુરા–ખટોદરા) ફા.પ્લોટ નં.૧૬૬ બી પૈકી ન્યુ ઓપરા હાઉસના મિલકતદારો ધ્વારા મંજુર પ્લાન વિરૂધ્ધ માર્જીન/પાર્કીગના ભાગમાં મટીરીયલ મુકી ગોડાઉન તરીકે ઉપયોગ કરતા હોવાનું જણાતા, જે અન્વયે આજરોજ તા.૧૩/૦૮/૨૦૧૮ના રોજ આશરે ૯૬૦ ચો.ફુટ માપ વિસ્તારમાંથી મટીરીયલ દુર કરી પાર્કીગ ખુલ્લું કરવામાં આવેલ છે.

:: પ્રેસનોટ ::

સુરત મહાનગરપાલિકા આયોજીત ''મહિલા યોગ શિબિર''

વિષય : ''મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ'' અંતર્ગત તા.૧૪/૦૮/૨૦૧૮ ના રોજ કતારગામ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે આયોજીત ''મહિલા યોગ શિબિર''

રાજય સરકાર દ્વારા તા.૦૧/૦૮/૨૦૧૮ થી તા.૧૪/૦૮/૨૦૧૮ દરમ્યાન સમગ્ર રાજયમાં મહિલા સશકિતકરણ કાર્યક્રમ ઉજવણી સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત મહાનગરપાલિકા દ્વારા મહિલા સશકિતકરણ પખવાડિક ઉજવણી કાર્યક્રમ અન્વયે ''મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ'' અંતર્ગત ''મહિલા યોગ શિબિર''નું આયોજન તા.૧૪/૦૮/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૭.૦૦ કલાકે કતારગામ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, ગજેરા સર્કલ,કતારગામ, સુરત(૧૫મી ઓગષ્ટ–૨૦૧૮ની ઉજવણીના ધ્વજવંદન સ્થળ) ખાતે કરવામાં આવ્યું હતું. યોગ એટલે જોડાવું. યોગ્ય માર્ગદર્શનથી યોગ કરવામાં આવે તો બાળક, યુવાન, વૃધ્ધ, રોગી વ્યકિત પણ માનસિક, શારીરિક અને નૈતિક શકિત પ્રાપ્ત કરે છે. યોગના અભ્યાસથી વ્યકિતનું શરીર સ્વસ્થ અને નિરોગી, બુદ્ધિ તેજ બને છે. વ્યકિતનું આયુષ્ય વધે છે. ભારત સરકાર દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૫ના રોજ પ્રથમ ''વિશ્વ યોગ દિન'' અને તા.૨૧/૦૬/૨૦૧૮ના રોજ ચતુર્થ ''વિશ્વ યોગ દિવસ''ની રાષ્ટ્રવ્યાપી ઉજવણી સાથે ભારતીય સંસ્કૃતિના એક અંગ યોગની વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે અને મહિલાઓ રોજીંદા જીવનમાં અપનાવી સ્વસ્થ અને નિરોગી બને તેવા શુભ આશયથી મહિલા યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના પ્રથમ નાગરિક માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલએ દીપ પ્રગટાવી શુભારંભ કરાવતાં જણાવ્યું હતું કે, રાજય સરકારે બહેનોને સામુહિક રીતે સંગઠિત કરી તેઓને આર્થિક રીતે પગભર કરી સ્ત્રી સશકિતકરણનો વિશેષ અભિગમ દાખવ્યો છે. બહેનોએ તંદુરસ્ત આનંદમય જીવન જીવવા યોગનું મહત્વ સ્વીકારી તેને જીવન શૈલીનો એક ભાગ બનાવી અન્ય લોકોને પણ નિરોગી તંદુરસ્ત જીવન જીવવા યોગ માટે પ્રેરિત કરવા અપીલ કરીને ''મહિલા યોગ દિવસ''ની શુભેચ્છા પાઠવી હતી. ત્યાર બાદ યોગ પ્રશિક્ષિકાના નિદર્શન સાથે તાડાસન, વૃક્ષાસન, પવનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેના ફાયદાઓની સમજ સાથે યોગાસનો કર્યા હતા. અંતે સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શિસ્તબધ્ધ રીતે યોગ કાયક્રમમાં જોડવા બદલ તમામનો આભાર માન્યો હતો. ''મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ'' અંતર્ગત યોજાયેલ આ ''મહિલા યોગ શિબિર''માં મહિલા મ્યુ.સદસ્યશ્રીઓ, શહેરના વિવિધ મહિલા સંગઠનો, મહિલા મંડળો, આંગણવાડી વર્કર, આશા વર્કર, કિશોરીઓ, વિદ્યાર્થીનીઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સુમન શાળા સેલની શિક્ષિકાઓ તથા શહેરની હેલ્થ અને યોગપ્રેમી મહિલાઓએ મોટી સંખ્યામાં જોડાઈને યોગાસનો કરી શિબિરનો લાભ લીધો હતો.


સુરત મહાનગરપાલિકા
"મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ" ઉજવણી
અંતર્ગત



# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોનવિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭થી ૨૦૧૭ સુધીમાં કુલ **૧૪૮** મેડીકલ કેમ્પો કર્યા તેમજ ચાલુ વર્ષ ૨૦૧૮માં ૧૨(બાર)મેડીકલ કેમ્પ પૈકી **પાંચ** મેડીકલ કેમ્પ ની કામગીરી પૂર્ણ થયેલી છે.જેમાં જાહેરજનતા તરફથી સારો એવો પ્રતિસાદ મળતો રહયો છે.

ચાલુ વર્ષ ૨૦૧૮નો છઠ્ઠો મેડીકલ કેમ્પતા.૧૮/૦૮/૨૦૧૮ ને શનિવારનાં રોજ ડી.કે.એમ. શહેરી આરોગ્ય કેન્દ્ર, ડી.કે.એમ.અર્બન હેલ્થ સેન્ટર, વાડી ફળિયા, કોટસફીલ રોડ, સુરત ખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશે તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર/મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગોદ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારાઆરોગ્ય શિક્ષણતેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૧૪/૦૮/૧૮ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથઝોન ઉધનાયુનિટમાં આવતી લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીસ ડબ્લયુ–૪૫ અને જે–૧૦૫નાં બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૪૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે,ભેસ્તાનયુનિટમાં આવતી શીવમ ઈન્ડસ્ટ્રીસનાં  બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૪૦૦૦/– વહીવટી ખર્ચ,ચલીયાનગર ઈન્ડસ્ટ્રીસ નાં બાંધકામમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૭૫૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.ઉનયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતા શીવશકિતનગર પ્લોટનં–૨૧,૨૨માં ઓવરહેડ ટાંકીમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.વડોદયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતી ઓમઈન્ડસ્ટ્રીસનાં બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.પાંડેસરાયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતા શીવનગર પ્લોટ નં–૪૬નાં બાંધકામમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૫૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.પાંડેસરાયુનિટમાં આવતા શીવનગર અને હરીનગર–૩માં મચ્છર ઉત્પતિ સ્થાનો જોવા મળતા કુલ ૬ ઈસમો ને અરોગ્ય સંબંધી નોટીસ ના આધારે મોબાઈલ કોર્ટ કેસ કરવામાં આવેલ છે મહાવીર સંસ્કાર વિદ્યાલય પ્લોટ નં–૧૬૦/૧૬૧ કાશીનગરમાં ઓવરહેડ ટાંકીમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૨૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.બમરોલીયુનિટમાં આવતા પુનિતનગર પ્લોટ નં–૪૦૩ થી ૪૦૫નાં બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૩૦૦૦/– વહીવટી ખર્ચ ,ગીતાનગર–૨ પ્લોટ નં–૯૧ બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે તથા મારૂતીનગર–૩ પ્લોટ નં–૦૩ બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

સા–ઈસ્ટ ઝોનના ગોડાદરા યુનિટ દ્વારા તા.૧૪/૦૮/૨૦૧૮ નારોજ  સાલાસાર ટેક્ષટાઈલ માર્કેટ ના  બાંધકામ માથી ૧૦૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૧૪/૦૮/૨૦૧૮

**પૂર્વ(વરાછા)ઝોનના કપાદ્રા તથા નાના વરાછા વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી બાબત.**

પાર્કીંગ સેન્સના અભાવે શહેરમાં ટ્રાફીકનો પ્રશ્ન ઉદભવતો હોય, સુરત મહાનગરપાલિકાની પાર્કીંગ હટાવવાની ઝુંબેશમાં તા.૧૩/૦૮/૨૦૧૮ ને સોમવારના રોજ સુરત મહાનગરપાલિકાના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં કપાદ્રા પોલીસ સ્ટેશન પાસે, ઝડફીયા સર્કલ નજીક ટી.પી.સ્કીમ નં.૧૬(કપાદ્રા), ફા.પ્લોટ નં.૧૨ પૈકીમાં આવેલ "અલંકાર રેસીડેન્સી" ના આગળના ભાગમાં આવેલ પાર્કીંગમાંથી લારી–ગલ્લા તથા શેડ વિગેરેના આશરે ૨૦ જેટલા દબાણો દુર કરવામાં આવેલ છે તેમજ સદરહું પાર્કીંગની કમ્પાઉન્ડ વોલને દુર કરવામાં આવેલ છે. જેને લીધે આશરે ૬૫૦.૦૦ ચો.મી. પાર્કીંગની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ. તેમજ ટ્રાફીક પોલીસના સંકલનમાં રહી રોડ પર પાર્ક કરવામાં આવેલ વાહનો પણ સદરહુ સ્થળેથી ઉચકવામાં આવેલ છે.

ઉકત કામગીરી મે.એડી.સીટી ઈજનેરશ્રી(સિવીલ)ની સૂચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ, સીકયુરીટી સ્ટાફ, ટ્રાફીક પોલીસના પોલીસ ઈન્સ્પેકટરશ્રી એચ.જે.ભટ્ટ સાહેબ તથા ટ્રાફીક પોલીસ સ્ટાફ(બ્રીગેડ) ના સાથે સંકલનમાં રહી, જે.સી.બી. મશીન અને ૬ ગાડી સહિત પાર પાડવામાં આવેલ.

આજરોજ સરથાણા નાકા, નેચરપાર્ક પાસે ટી.પી.સ્કીમ નં.૩૮(નાના વરાછા), ફા.પ્લોટ નં.૩૪/૧ માં આવેલ **દીપકમલ મોલ એન્ડ મલ્ટીપ્લેક્ષ**ના ફ્રન્ટ પાર્કીંગમાં કરવામાં આવેલ ફલાવરબેડ, જાહેરાતના બોર્ડ–બેનર, શેડ વિગેરે દબાણો તેમજ બેઝમેન્ટમાં કરવામાં આવેલ પાર્ટીશનો દુર કરી, આશરે ૩૦૦.૦૦ ચો.મી.ના માપ વિસ્તારમાં પાર્કીંગની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ તેમજ ડેવલપર્સ પાસે થી રૂા.૧,૦૦,૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલવામાં આવેલ છે તેમજ ટ્રાફીક પોલીસના સંકલનમાં રહી રોડ પર પાર્ક કરવામાં આવેલ વાહનો પણ સદરહુ સ્થળેથી ઉચકવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.............................
તા૧૪/ ૮ /૨૦૧૮ 369

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

## પ્રેસનોટ

**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં તા.૧૪/૦૮/૨૦૧૮ ના રોજ ટેક્ષટાઈલ માર્કેટ વિસ્તારમાં પાર્કિંગ એરીયામાં થયેલ બિનઅધિકૃત બાંધકામ / દબાણ દુર કરવાની કામગીરીની વિગત**

ગુજરાત સરકારશ્રીના આદેશાનુસાર જાહેર રસ્તાઓ ઉપરથી દબાણ દુર કરવાની તથા હયાત માર્કેટ વિસ્તારના કોમર્શીયલ મિલ્કતો / ટેક્ષટાઈલ માર્કેટોના પાર્કિંગમાં થયેલ બિનઅધિકૃત બાંધકામ / દબાણો દુર કરવાની ઝુંબેશ સુરત મહાનગરપાલિકાની લિંબાયત ઝોન દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જે ઝુંબેશના ભાગરૂપે આજ રોજ તા.૧૪/૦૮/૨૦૧૮ ના દિવસે લિંબાયત ઝોન ઓફિસના સ્ટાફ તથા સીક્યોરીટી સ્ટાફની હાજરીમાં ટી.પી.સ્કીમ નં. ૦૭ (આંજણા) માં આવેલ કમેલા દરવાજા થી આંજણા ગરનાળા વાળા રસ્તા પર આવેલ ટેક્ષટાઈલ માર્કેટો જેમાં અનમોલ ટેક્ષટાઈલ માર્કેટ, સોમેશ્વર ટેક્ષટાઈલ માર્કેટ, સીલ્ક પ્લાઝા ટેક્ષટાઈલ માર્કેટ તથા કસ્તુરી ટેક્ષટાઈલ માર્કેટનો સર્વે મધ્યસ્થ શહેર વિકાસ વિભાગના સ્ટાફની હાજરીમાં કરી, સદરહું ટેક્ષટાઈલ માર્કેટોના પાર્કિંગમાં થયેલ બિનઅધિકૃત બાંધકામ તેમજ ગેરકાયદેસર થયેલા દબાણો દુર કરવામાં આવેલ છે, તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૪૬,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે, ૬૬૫૦ ચો.ફુટ એરીયા પાર્કિંગ માટે ખુલ્લો કરવામાં આવેલ છે. તથા સદરહું માર્કેટોના મિલ્કતદારોને સદર પાર્કિંગની જગ્યાનો ઉપયોગ વાહનો પાર્ક કરવા માટે જ થાય તે બાબતે સ્પષ્ટ તાકીદ કરવામાં આવેલ છે.

સદર કામગીરી સુરત મહાનગરપાલિકાની મ્યુ.કમિશનરશ્રીની સીધી સુચના અન્વયે લિંબાયત ઝોનના ડેપ્યુટી કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ તથા કાર્યપાલક ઈજનેરશ્રીની દેખરેખમાં લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગ અને દબાણ વિભાગ સાથે સંયુકત રીતે તેમજ સીકયુરીટી સ્ટાફ સાથે રાખી કામગીરી કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.** 370
**તા.૧૪/૦૮/૨૦૧૮**

# <u>પ્રેસ નોટ</u>

તા.૧૪/૦૮/૨૦૧૮ના દિવસે કલેકટર કચેરી ખાતે મળેલ ફરીયાદના આધારે કલેકટર કચેરી તથા સુરત મહાનગરપાલિકાની આધારનોંધણી વિભાગની સંયુકત ટીમ ધ્વારા કરવામાં આવેલ તપાસ દરમ્યાન વરાછાના યોગી ચોક વિસ્તારમાં પાણીની ટાંકી સામે આવેલ શ્રી હરી એસોસેશીયન નામની દુકાન ખાતે ગેરકાયદેસર આધારનોંધણીની કામગીરી ચાલતી હોવાનું જણાયેલ. જે બાબતે વધુ તપાસ કરતા સદરહુ સ્થળે ઈન્ડિયન બેંકને ફાળવવામાં આવેલ કીટ ધ્વારા આધારનોંધણીની કામગીરી કરવામાં આવતી હોવાનું માલુમ પડેલ જેથી સદર દુકાનદાર પાસે થી આધારનોંધણી માટેનું લેપટોપ, વેબકેમ, ફીંગરપ્રિન્ટ ડિવાઈઝ વિગેરે સામગ્રીઓ નિયત કાર્યવાહી કરી જપ્ત કરેલ. સદર બાબતે સ્થળ પરથી સુરત જિલ્લા હસ્તકની આધારનોંધણીની કામગીરી કરતી બેંકો માટે નિયુકત કરેલ લીડ બેંક મેનેજર, બેંક ઓફ બરોડા, સુરતને આ ગેરકાયદેસર ચાલતી કીટ અંગે કાયદેસરના પગલા ભરવા કાર્યવાહી કરવા માટે જાણ કરવામાં આવેલ છે.

## :: પ્રેસનોટ ::

### "સ્વાતંત્ર્ય દિન : ૧૫મી ઓગષ્ટ ૨૦૧૮ની ઉજવણી"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્ય દિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૮ની કતારગામ ઝોનમાં દબદબાભેર ઉજવણી

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વોની ઉજવણી પ્રતિવર્ષ અલગ અલગ ઝોન વિસ્તારમાં કરવામાં આવે છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા ૭૨માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી તા.૧૫/૦૮/૨૦૧૮ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે નોર્થ ઝોન(કતારગામ) : કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ, ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જી લેક ગાર્ડનની બાજુમાં, ગજેરા સર્કલ, કતારગામ, સુરત ખાતે ધામધૂમથી કરવામાં આવી હતી. ૭૨માં સ્વાતંત્ર્ય દિનની ખુશનુમાં પ્રભાતે કતારગામ ઝોન વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓની પ્રભાત ફેરી ટેબ્લોઝ અને દેશભક્તિના નારા સાથે ગજેરા સર્કલ ત્રણ રસ્તાથી શરૂ થઈ કાંસાનગરથી યુ–ટર્ન લઈ લેક ગાર્ડન સર્વિસ રોડ થઈ ધ્વજવંદન સમારોહમાં હર્ષોલ્લાસભેર જોડાયા હતા. ૭૨માં સ્વાતંત્ર્ય દિવસની સુવર્ણમયી સવારે માન.મેયરશ્રી ડૉ. જગદીશ પટેલએ કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના જવાનોની પરેડ સાથે રાષ્ટ્રની આન, બાન અને શાન સમા ત્રિરંગાને રાષ્ટ્રગીતની ધુન વચ્ચે લહેરાવી સન્માનપૂર્વક સલામી આપી હતી.

માન.મેયરશ્રી ડૉ. જગદીશ પટેલએ પ્રસંગોચિત્ત ઉદબોધનમાં પ્રારંભે ૭૨માં સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા પાઠવી દેશની આઝાદી માટે શહીદ થયેલ વીરજવાનોને યાદ કરતાં જણાવ્યું હતું કે, ભારતના અનેક મહાપુરૂષોએ રાષ્ટ્રની આઝાદી માટે અવિરત સંઘર્ષો કર્યા તેના પરિણામ સ્વરૂપ આપણને સ્વરાજય પ્રાપ્ત થયું છે. નગરજનોને માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં અગ્રેસર સુરત મહાનગરપાલિકાએ ૧૦૦ થી વધુ ઓવર બ્રીજોનું નિર્માણ કરવા સાથે બીઆરટીએસ બસનું સુંદર આયોજન કરી પરિવહન સુગમ બનાવવાના સફળ પ્રયાસ કરેલ છે. "સ્માર્ટ સીટી મિશન"યોજનાના ત્રણ વર્ષમાં ૧૭ પ્રોજેકટની કામગીરી પૂર્ણ કરી, અંદાજીત ૨૬ જેટલા પ્રોજેકટસ કાર્યરત / પ્રગતિ હેઠળ અને ૫ નવા પ્રોજેકટ લોન્ચ કરી સુરત શહેરે મોખરાનું સ્થાન મેળવતાં માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના વરદ હસ્તે " India Smart City Award 2018" એવોર્ડથી પુરસ્કૃત કરવામાં આવેલ છે. ગુજરાતના આર્થિક પાટનગર તરીકે ઓળખાતું સુરત શહેર વિસ્તાર અને વસ્તીમાં આઠમું અને વિકાસમાં ચોથા નંબરે રહી વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સ્વચ્છ ભારત' અભિયાન અને ભારતના તમામ નાગરિકોના "પોતાના ઘરનું ઘર"ના સ્વપ્નને સાકારિત કરવામાં મહાનગરપાલિકા સતત પ્રયત્નશીલ છે. રાષ્ટ્ર જયારે વિશ્વ સાથે કદમ મિલાવીને આગેકૂચ કરી રહ્યું છે ત્યારે શહેરને મજબુત અને ઝડપી વિકાસના મહાયજ્ઞમાં જોડાવા અનુરોધ કર્યો હતો.


બાદમાં ત્રિરંગી ફુગ્ગાઓને ઉપસ્થિત જનમેદનીના હર્ષોલ્લાસ સાથે ગગનમાં વિહરતા કર્યા હતા. સ્વાતંત્ર્ય દિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૮ ઉજવણી અંતર્ગત યોજાયેલ રંગપૂરણી અને દેશભક્તિ ગીત સ્પર્ધાઓના વિજેતાઓને ટ્રોફી અને વિજેતા પ્રમાણપત્ર, વર્ષ દરમ્યાન પ્રશંસનીય કામગીરી કરનાર સુરત મહાનગરપાલિકાના ઝોન તથા વિવિધ ખાતાઓની ૧૧ ટીમોને, અધિકારી / કર્મચારીઓ દ્વારા કરેલ વિશિષ્ટ કામગીરી માટે ૫૬ અધિકારી/કર્મચારીઓને શીલ્ડ અને પ્રશંસાપત્ર, એલ.એસ.જી.ડી.પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને વધુ ગુણ મેળવનાર ૨ કર્મચારીઓને તથા સુ.મ.પા.ના કર્મચારીઓના ધો.૧૦ અને ૧૨માં પ્રથમ પ્રયત્ને વધુ ગુણ મેળવનાર ૪ બાળકોને માન.મેયરશ્રીના વરદહસ્તે રોકડ ઈનામ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સ્વાતંત્ર્ય પર્વના ધ્વજવંદન બાદ જનભાગીદારીથી દેશભક્તિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત વીરમતીબેન ફકીરચંદ શાહ સ્કૂલના વિદ્યાર્થીઓના ભારત માતાના વંદનાથી થઈ હતી. જ્ઞાનગંગા વિદ્યાલય અને સુમન હાઈસ્કૂલ નં. ૩ બાળ કલાકારોએ દેશભક્તિનો એક અનેરો નઝારો ખડો કર્યો હતો. શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ વિદ્યાલયના બાળકોની વીરજવાનોની કૃતિ રજૂ કરી આઝાદીના પર્વનો લોકોમાં જોશ ભર્યો હતો. શ્રીમદ રાજચંદ્ર નગર પ્રાથમિક શાળા ક્રમાંક ૧૮૧ના વિદ્યાર્થીઓએ યોગ નિદર્શન સાથે નૃત્યકલા દર્શાવી લોકોના દિલ જીતી લીધાં હતા. અંતિમ વી.એન.ગોધાણી વિદ્યાલયના બાળકોએ રજૂ કરેલ કૃતિએ લોક ચાહના મેળવી હતી. આમ કતારગામ ઝોન વિસ્તારની ખાનગી, સુમન સેલ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિદ્યાર્થીઓએ દેશભક્તિ અને લોકસંસ્કૃતિ પર આધારિત રજૂ કરેલ સાંસ્કૃતિક કાર્યકમોને શહેરીજનોએ મન ભરીને માંણ્યો હતો. અંતે "ભારત માતા કી જય"ના ગગનભેદી જયનાદ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. સુરત મહાનગરપાલિકા દ્વારા ધ્વજવંદન સ્થળે સવારે ૯.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી મફત રોગ નિદાન હેલ્થ કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેને મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રી વિનોદભાઈ મોરડીયા, શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, ડે.મેયરશ્રી નિરવ શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ.થેન્નારાસન,આઈ.એ.એસ. શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, શિક્ષકશ્રીઓ, શાળાના વિદ્યાર્થીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.

સમાચારયાદી નં. 372, તા. /૦૮/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

15 AUG 2018



સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વાતંત્ર્ય દિન : ૧૫ ઓગષ્ટ ૨૦૧૮ની ઉજવણીના ધ્વજવંદન પ્રસંગે કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ, કતારગામ, સુરત ખાતે રાષ્ટ્ર ધ્વજને સલામી આપતા માન.મેયરશ્રી ડૉ. જગદીશ પટેલ અને મ્યુ.કમિશ્નરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ., દ્રશ્યમાન છે




સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વાતંત્ર્ય દિન : ૧૫ ઓગષ્ટ ૨૦૧૮ની ઉજવણીના ધ્વજવંદન પ્રસંગે કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ, કતારગામ, સુરત ખાતે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશભકિત પર આધારિત કૃતિ રજૂ કરતી બાળાઓ દ્રશ્યમાન છે



સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વાતંત્ર્ય દિન : ૧૫ ઓગષ્ટ ૨૦૧૮ની ઉજવણીના ધ્વજવંદન પ્રસંગે કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ, કતારગામ ખાતે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમને માણતાં નગરજનો દ્રશ્યમાન છે.



સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વાતંત્ર્ય દિન : ૧૫ ઓગષ્ટ ૨૦૧૮ની ઉજવણીના ધ્વજવંદન પ્રસંગે કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ, કતારગામ, સુરત ખાતે યોજાયેલ સન્માન સમારોહમાં કર્મચારીને પ્રસંશાપત્ર અને રોકડ પુરસ્કાર એનાયત કરતા માન.મેયરશ્રી ડૉ. જગદીશ પટેલ અને મ્યુ.કમિશ્નરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ., દ્રશ્યમાન છે



સુરત મહાનગરપાલકા દ્વારા સ્વાતન્ત્ર્ય દિન : ૧૫ આંગષ્ટ ૨૦૧૮ની ઉજવણીના ધ્વજવંદન પ્રસંગે કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ, કતારગામ, સુરત ખાતે યોજાયેલ સન્માન સમારોહમાં દેશભક્તિ .ગીત સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કૃત કરતા માન.મેયરશ્રી ડૉ. જગદીશ પટેલ અને મ્યુ.કમિશ્નરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ., દ્રશ્યમાન છે

## :: પ્રેસનોટ ::

### "સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ,સુરત ના સંયુકત ઉપક્રમે આયોજીત ત્રિરંગા યાત્રા–'યાદ કરો કુરબાની' કાર્યક્રમ

વિષય : સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ, સુરતના સંયુકત ઉપક્રમે તા.૧૪/૦૮/૨૦૧૮ના રોજ યોજાયેલ ત્રિરંગા યાત્રા–'યાદ કરો કુરબાની' કાર્યક્રમ બાબત.

ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિન : ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૮ની ઉજવણીની પૂર્વ સંધ્યાએ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજયના જણાવ્યાનુસાર સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ, સુરતના સંયુકત ઉપક્રમે ત્રિરંગા યાત્રા–'યાદ કરો કુરબાની' કાર્યક્રમ અંતર્ગત તા.૧૪/૦૮/૨૦૧૮ના રોજ સાંજે ૫.૦૦ કલાકે બ્રેડ લાઈનર સર્કલ, ઉધના મગદલ્લા રોડથી નીકળી ફલાય ઓવર બ્રીજ થઈ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી થઈ વાય જંકશન, કારગીલ ચોક, એસ.વી.એન્.આઈ.ટી. સર્કલથી પારલે પોઈન્ટ ફલાય ઓવર થઈ, ચોપાટી સર્કલ, સર્કીટ હાઉસ, પોલીસ કોમ્યુનિટી હોલ, પોલીસ હેડકવાર્ટસ, અઠવાલાઈન્સ સુધી ત્રિરંગા સાથેની બાઈકરોની યાત્રા તેમજ પોલીસ કોમ્યુનિટી હોલ ખાતે 'યાદ કરો કુરબાની' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૭૨માં સ્વાતંત્ર્ય દિવસની પૂર્વસંધ્યાએ માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, સાંસદશ્રી દર્શનાબેન જરદોષ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, મ્યુનિસિપલ કમિશનરશ્રી, એમ.થેન્નારાસન,આઈ.એ.એસ., કલેકટરશ્રી ડૉ.ધવલ પટેલ,આઈ.એ.એસ., પોલીસ કમિશનરશ્રી સતીશ શર્મા,આઈ.પી.એસ., શાસક પક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા અને અન્ય ઉપસ્થિત મહાનુભાવોઓએ ઉધના મગદલ્લા રોડ બ્રેડ લાઈનર સર્કલ ખાતેથી ફલેગ ઓફ કરી પોલીસ જવાનો, સુરત મહાનગરપાલિકાના ફાયર–સીકયુરીટી જવાનો, શાળા કોલેજના વિદ્યાર્થીઓ અને નગરજનોને ત્રિરંગા અને હેલ્મેટ સાથેના બાઈકરોને પ્રસ્થાન કરાવ્યું હતું. જે ત્રિરંગા યાત્રા શિસ્તબધ્ધ સાંજે ૬:૦૦ કલાકે પોલીસ કોમ્યુનિટી હોલ, પોલીસ હેડકવાર્ટસ, અઠવાલાઈન્સ ખાતે પહોંચી હતી.સમાપન સ્થળ પોલીસ કોમ્યુનિટી હોલ ખાતે મહાનુભવો દ્વારા મશાલ પ્રજવલન કરી મશાલ સમક્ષ દેશ પ્રત્યે પ્રતિજ્ઞા / સમર્પણનો સંકલ્પ લેવડાવ્યા હતા. માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલએ પ્રાસંગિક ઉદબોધનમાં દેશ માટે તન–મન સમર્પિત કરનારા રાષ્ટ્રપુત્રોને સત–સત વંદન સાથે ભાવાંજલિ આપી તેઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી હતી. ત્યાર બાદ સ્થાનિક કલાકારો દ્વારા દેશભકિતના ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો. દેશભરમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન અને સમર્પણની ભાવના પેદા થાય તે માટે યોજાયેલ આ ત્રિરંગા યાત્રા–'યાદ કરો કુરબાની' કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

સમાચારયાદી નં. 373, તા.[illegible]૦૮/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.



સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ, સુરતના સંયુકત ઉપક્રમે તા.૧૪/૦૮/૨૦૧૮ના રોજ ત્રિરંગા યાત્રા–'યાદ કરો કુરબાની' કાર્યક્રમ અંતર્ગત પોલીસ કોમ્યુનિટી હોલ ખાતે મશાલ પ્રગટાવી શહીદોની કુરબાનીને યાદ કરતા માન.મેયરશ્રી ડો. જગદીશ પટેલ, ડે.મયરશ્રી નિરવ શાહ, સાસંદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, કલેકટરશ્રી ડૉ.ધવલ પટેલ,આઈ.એ.એસ., પોલીસ કમિશનરશ્રી સતીશ શર્મા,આઈ.પી.એસ. તથા અન્ય મહાનુભવો દ્રશ્યમાન છે.



સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ, સુરતના સંયુકત ઉપક્રમે તા.૧૪/૦૮/૨૦૧૮ના રોજ ત્રિરંગા યાત્રાને ફલેગ ઓફ કરાવી પ્રસથાન કરાવતા માન.મેયરશ્રી ડો. જગદીશ પટેલ, સાસંદ સભ્યશ્રી દર્શનાબેન પટેલ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, એમ.થેન્નારાસન,આઈ.એ.એસ., કલેકટરશ્રી ડૉ.ધવલ પટેલ,આઈ.એ.એસ., પોલીસ કમિશનરશ્રી સતીશ શર્મા,આઈ.પી.એસ. તથા અન્ય મહાનુભવો દ્રશ્યમાન છે.



સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ, સુરતના સંયુકત ઉપક્રમે તા.૧૪/૦૮/૨૦૧૮ના રોજ ત્રિરંગા યાત્રામા જોડાયેલ પોલીસ અને ફાયર વિભાગના જવાનો અને જાહેર જનતા દ્રશ્યમાન છે.

"પહેલા પાઠલીયાં અને હવે મીઝબ્લ-રૂબેલાનો વારો"

**પ્રેસનોટ**

**સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગ દ્વારા ઝોન વિસ્તારમાં "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" જેવા મચ્છર જન્ય રોગ અટકાયત અભિયાન અંતર્ગત આદરેલી શાળા ચકાસણી ઝુંબેશમાં ક્ષતિઓ મળી આવતાં એસ.ડી.જૈન સ્કુલમાં રૂા.૫૦,૦૦૦/– તથા સેન્ટ થોમસ શાળામાં ૪૧,૦૦૦/– એમ કુલઃ– ૯૧,૦૦૦/–(એકાણું હજાર રૂપિયા)વસુલ લેવમાં આવેલ વહીવટી ખર્ચ બાબતની અખબારી યાદી :**

હાલમાં ચોમાસાની ઋતુને ધ્યાને રાખી સુરત શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન માં તાઃ–૧૬/૦૮/૧૮ નાં રોજ શાળા ચકાસણી ઝુંબેશ આદરવામાં આવેલ સદર ઝુંબેશ દરમ્યાન વેસુ વિસ્તારમાં આવેલ એસ.ડી.જૈન સ્કુલ તથા ન્યુ સીટીલાઈટ વિસ્તારમાં આવેલ સેન્ટ થોમસ શાળામાં ડેંગ્યુ ફેલાવનાર મચ્છરનાં બ્રિડીંગની ઉત્પતિ મળી આવેલ હતા, **આ અગાઉ પણ સદર સ્કુલનાં સંચાલકોને મૌખિક સુચના આપવામાં આવેલ હતી. તેમ છતાં** આજ રોજ સ્કુલમાં સર્વે કરાવતાં ડેંગ્યુ ફેલાવનાર મચ્છરનાં બ્રિડીંગની ઉત્પતિ મળી અવતાં **એસ.ડી.જૈન સ્કુલમાં નોટીસ આપી ૫૦,૦૦૦/– (પચાસ હજાર)** રૂપિયા વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ તેમજ **સેન્ટ થોમસ શાળામાં નોટીસ આપી ૪૧,૦૦૦/– (એકતાલીસ હજાર રૂા.) એમ કુલઃ–૯૧,૦૦૦/– (એકાણું હજાર રૂા.) વહીવટી ખર્ચ પેટે** વસુલ લેવામાં આવેલ. અને હવે પછી પણ જો પરિસ્થિતિમાં સુધારો નહી આવેતો શળાને સીલ કરવા સુધીની કામગીરી કરવામાં આવશે.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન થાય અને સંપૂર્ણ સહકાર આપવા માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.
તા. ૧૬/૦૮/૨૦૧૮ 374

૩૭૫

<u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ. અને સીટબસની સુવિધા પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં  લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઇ રહેલ છે.

માઅધ્યક્ષશ્રી ., સ્થાયી સમિતિ(મહાનગરપાલિકા સુરત) તથા અધ્યક્ષશ્રી, જાહેર પરિવહન સમિતિના સુચન અનૂવયે રક્ષાબંધનના પવિત્ર તહેવારના દિવસે બહેનો અને તેમના ૧૫ વર્ષ સુધીના બાળકોને BRTS બસો તેમજ સીટીબસમાં ફ્રી મુસાફરી કરવા દેવા અંગે જણાવવામાં આવેલ હોય તા .૨૬૨૦૧/૦૮/૮ ના રોજ રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે સુરત સીટીલિંક લિ કાર્યરત અંતર્ગત .BRTS બસો તેમજ સીટીબસોમાં તમામ બહેનો તેમજ તેમના ૧૫ વર્ષના બાળકોને ફ્રીમાં મુસાફરી કરવા બાબતની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આથી શહેરની તમામ બહેનોને જાહેર પરિવહન સેવાનો લાભ વધુને વધુ કરવા બાબતે અનુરોધ કરવામાં આવે છે.

૩૭૬

"પહેલા પાલવા અને હવે મીઝલ્સ-રૂબેલાનો વારો"

**સુરત મહાનગર પાલિકા**
**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**
**અખબારી યાદી**

**સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગ દ્વારા ઝોન વિસ્તારમાં "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" જેવા મચ્છર જન્ય રોગ અટકાયત અભિયાન અંતર્ગત આદરેલી શાળા ચકાસણી ઝુંબેશમાં ક્ષતિઓ મળી આવતાં એસ.ડી.જૈન સ્કુલમાં રૂ.૫૦,૦૦૦/- તથા સેન્ટ થોમસ શાળામાં ૪૧,૦૦૦/- એમ કુલ:- ૯૧,૦૦૦/-(એકાણું હજાર રૂપિયા)વસુલ લેવમાં આવેલ વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.**

સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન માં તા:-૧૬/૦૮/૧૮ નાં રોજ શાળા ચકાસણી ઝુંબેશ આદરવામાં આવેલ સદર ઝુંબેશ દરમ્યાન વેસુ વિસ્તારમાં આવેલ એસ.ડી.જૈન સ્કુલ તથા ન્યુ સીટીલાઈટ વિસ્તારમાં આવેલ સેન્ટ થોમસ શાળામાં ડેંગ્યુ ફેલાવનાર મચ્છરનાં બ્રિડીંગની ઉત્પતિ મળી આવેલ હતા, **આ અગાઉ પણ સદર સ્કુલનાં સંચાલકોને મૌખિક સુચના આપવામાં આવેલ હતી. તેમ છતાં આજ રોજ** સ્કુલમાં સર્વે કરાવતાં ડેંગ્યુ ફેલાવનાર મચ્છરનાં બ્રિડીંગની ઉત્પતિ મળી અવતાં **એસ.ડી.જૈન સ્કુલમાં** નોટીસ આપી ૫૦,૦૦૦/- (પચાસ હજાર) રૂપિયા વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ તેમજ સેન્ટ **થોમસ શાળામાં નોટીસ આપી ૪૧,૦૦૦/- (એકતાલીસ હજાર રૂા.) એમ કુલ:-૯૧,૦૦૦/- (એકાણું હજાર રૂા.) વહીવટી ખર્ચ પેટે** વસુલ લેવામાં આવેલ. અને હવે પછી પણ જો પરિસ્થિતિમાં સુધારો નહી આવેતો શળાને સીલ કરવા સુધીની કામગીરી કરવામાં આવશે.

વેસ્ટઝોનમાં તા.૧૬/૦૮/૨૦૧૮ના રોજ અડાજણ યુનિટના કાર્યક્ષેત્રમાં આવેલ હોસ્પિટલમાં ખામી જણાતાં રૂા.૫,૦૦૦/- ,બાંધકામમાંથી રૂા.૧,૦૦૦/-, પાલ યુનિટ ના કાર્યક્ષેત્રમાં આવેલ ટી.જી.બી.ની સામે આવેલ બાંધકામમાંથી રૂા.૭,૦૦૦/-, પાલનપુર યુનિટ ખાતે આવેલ સુરભી ડેરી રોડ બાંધકામ માંથી રૂા.૨,૦૦૦/-, અને પાલનપુરગામ યુનિટ ખાતે આવેલ ગૌરવપથ રોડ પર બાંધકામમાંથી રૂા.૬૦૦૦/- તેમજ ધોબીઘાટ પાસે આવેલ કોર્મશીયલમાંથી રૂા.૨,૦૦૦/- ક્ષતિ જણાતાં એમ મળી કુલ-રૂા.૨૩,૦૦૦/- વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

સા-ઈસ્ટ ઝોનમાં તા. ૧૬/૦૮/૨૦૧૮ ના રોજ લિંબાયત યુનિટ દ્વારા બ્રિડીંગ મળતા તે ઈસમોને મોબાઈલ કોર્ટ કેશ-૧૪ મુકવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનમાં ઋષિ બંગ્લોઝ બાંધકામ-૨૫૦૦/-, વેલ્ટેક મોટર્સ-૧૦૦૦/-, એકતા રો હાઉસ બાંધકામ-૧૦૦૦/-, રેસીડેન્સી-૧૬૦૦/- વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. 376
તા. ૧૬-૦૮-૨૦૧૮

# <u>પ્રેસનોટ</u>

**સરકારશ્રીનાં જીવલેણ એવા શીતળા નાબુદી રસીકરણ અભિયાનના ભાગરૂપે સને ૧૯૭૯ થી આ શીતળાનો રોગ સંપૂર્ણ નાબુદ થયેલો છે. જેનાં આપ વાલી/વડીલો/શિક્ષકો–સાક્ષી છો. જયારે આવા જ પોલીયો નાબુદી અભિયાનમાં પણ આપ વાલી/વડીલોશ્રીના સહયોગથી જ ભારત દેશને ૨૦૧૬ થી પોલીયો મુકત જાહેર કરવામાં આવેલ છે.**

આ મીઝલ્સ–રૂબેલા રસીકરણ કેમ્પેઈન પણ આ જ દિશામાં સને ૨૦૨૦ સુધીમાં મીઝલ્સ નાબુદી અને રૂબેલા નિયંત્રણના ધ્યેયના ભાગરૂપે તા.૧૬/૦૭/૨૦૧૮ થી તા.૧૯/૦૮/૨૦૧૮ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે. જેનાં **પ્રથમ સત્તાવીસ દિવસ**માં શહેરની કુલ ૧૫૩૮ પ્રતિષ્ઠિત ખાનગી / સરકારી શાળાઓમાં તાલીમબધ્ધ મેડીકલ ઓફીસરની નિગરાની હેઠળ રસીકરણની કામગીરી હાથ ધરી **કુલ ૯૨૨૯ સેશનમાં <u>૮,૪૨,૫૨૨</u> બાળકોને આ મીઝલ્સ–રૂબેલાની રસી આપી સુરક્ષિત કરવામાં આવેલ છે. આમ, કુલ <u>આઠ લાખ ચાલીસ હજારથી વધુ બાળકોને</u> આ સત્તાવીસ દિવસ દરમ્યાન રસી આપ્યા બાદ કોઈપણ બાળકને આડ અસર થયેલ નથી. જેથી, આ રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે. વધુમાં ૧૫૩૮ પ્રતિષ્ઠિત ખાનગી / સરકારી શાળાઓ પૈકી કુલ ૩૬૬ શાળામાં લક્ષ્યાંકિત બાળકોની સરખામણીમાં ૯૦ ટકાથી ઉપર કામગીરી કરવામાં આવી છે.**

ઉપરોકત કામગીરી જોતાં શહેરના જાગૃત વાલીઓ તથા શાળાના શિક્ષકગણ દ્વારા સારો પ્રતિસાદ મળી રહયો છે. વધુમાં, આ રસી સંદર્ભે કોઈ **<u>ખોટી અફવા / ભ્રામક વોટસએપ મેસેજ/સમાચારથી ગેરમાર્ગે ન દોરવાઈ જઈ</u>** આપના બાળકને આ રસી અપાવી સરકારશ્રીનાં મીઝલ્સ–રૂબેલા રસીકરણ અભિયાનમાં શિક્ષકો/વાલીઓ બહોળી સંખ્યામાં જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમુલ્ય યોગદાન આપે તે માટે સુરત મહાનગરપાલિકા તરફથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આ અભિયાન દરમ્યાન ૯ માસથી ૧૫ વર્ષ સુધીનાં તમામ અંદાજે ૧૧,૮૨,૦૭૨ જેટલાં બાળકોને તા.૧૯/૦૮/૨૦૧૮ સુધી આ રસી આપવામાં આવનાર છે. જેમાં શરૂઆતનાં ૧૫ દિવસમાં તમામ શાળાઓ આવરી લેવામાં આવશે. ત્યાર બાદ વિસ્તારમાં નકકી કરવામાં આવેલા સ્થળઓએ સેશન યોજી શાળામાં બાકી રહેલા અને શાળાએ ન જતા બાળકોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત શહેરની હંગામી મજૂર વસાહતો,પેરી અર્બન એરીયા,સ્લમ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર,કન્સ્ટ્રકશન સાઈડ,કડીયા નાકા,ધાર્મિક સ્થળો, ઓવર બ્રિજ નીચે તથા નદી કિનારા વિગેરે સ્થળોએ મોબાઈલ ટીમો મારફતે કામગીરી કરવામાં આવશે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ કુલ ૪૮ શહેરી આરોગ્ય કેન્દ્રો પરથી પણ દરરોજ આ રસીકરણ કાર્યરત છે.

**<u>નોંધ</u> :– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના બાળકને અગાઉ " મીઝલ્સ–રૂબેલા " ની રસી અપાવી હોય તો પણ આ અભિયાન દરમ્યાન આ રસી જરૂરથી અપાવી રક્ષિત કરશો.**

**ચાલો આપણે સૌ સાથે મળી**

**મીઝલ્સને નાબુદ અને રૂબેલાને નિયંત્રીત કરીએ.....**

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૦/૦૮/૨૦૧૮ થી તા.૧૬/૦૮/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૧૨૫ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૮૮ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૮૧ |
| ૪ | મેજર ઓપરેશન | ૩ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૭ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૪ |

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૧૭/૦૮/૧૮ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઇસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ કામગીરી કરવામાં આવેલ છે.

સા–ઈસ્ટ ઝોનમાં તા.૧૭/૮/૧૮ નાં રોજ લિંબાયત યુનિટ દ્વારા મહાપ્રભુનગર સર્વે નં–૪/૧/૬ના બાંધકામમાંથી ૨૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે

સા–વેસ્ટ ઝોનમાં તા.૧૭/૮/૧૮ નાં રોજ સાંઈ.કે.જી હાઈટર્સ બાંધકામમાં મોસ્કિટો બ્રિડીગ મળતા ૧૫,૦૦૦ રૂ/– તથા સુરત ડાયમંડ બુર્સ બાંધકામમાં મોસ્કિટો બ્રિડીગ મળતા ૫૧,૦૦૦ વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણ થી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, મનીપ્લાન્ટ, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

**સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગ દ્વારા ઝોન વિસ્તારમાં "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" જેવા મચ્છર જન્ય રોગ અટકાયત અભિયાન અંતર્ગત આદરેલી બાંધકામ ચકાસણી ઝુંબેશમાં ક્ષતિઓ મળી આવતાં કુલઃ–૧૨ બાંધકામમાં ૧,૭૧,૧૦૦/–(એક લાખ એકોતેર હજાર એક સો રૂપિયા)વસુલ લેવામાં આવેલ વહીવટી ખર્ચ બાબતની અખબારી યાદી :**

સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોન માં વી.બી.ડી.સી વિભાગ ધ્વારા તાઃ–૧૭/૦૮/૧૮ નાં રોજ જાહેર તહેવારની રજા હોવા છતાં બાંધકામ ચકાસણી ઝુંબેશ હાથ ધરવામાં આવેલ સદર ઝુંબેશ દરમ્યાન ભરથાણા યુનિટ વિસ્તારમાં આવેલ ઓફેરા બાંધકામ, ઓમ એલીગન્સનું બાંધકામ, ઉત્સવા પાર્ટી પ્લોટ પાસેનું બાંધકામ, ડાયમંડ બુસનું બાંધકામ, સંગીની હાઈરાઈસ, સાંઈ કે.જી. હાઈટસ, અવધ ઈન્ફ્રા પ્રોજેકટ, કોપર સ્ટોન બાંધકામ, સાંઈ આશિશ સોસાયટીમાં આવેલ બાંધકામ, રવિશંકર શંકુલ પાસે આવેલ બાંધકામ, વાસ્તુ લકઝરીયા પાસે બી.એમ.ફબ્લ્યુ શો રૂમ, વિગેરે બાંધકામો માથી ક્ષતિઓ મળી આવતાં **કુલઃ–૧૨ જેટલા બાંધકામોમાં કુલઃ– ૧,૭૧,૧૦૦/– (એક લાખ એકોતેર હજાર એક સો રૂા.) વહીવટી ખર્ચ પેટે** વસુલ લેવામાં આવેલ છે.

સાઉથઝોન ભેસ્તાનયુનિટમાં આવતા એસ.એમ.સી. શોપીંગ સેન્ટર ટીપી–૪૮ દેવાંગી કનસ્ટ્રકશનનાં બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૫૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે., ચલીયાનગર પ્લોટનં–૪૯,૫૦,૫૧ નાં બાંધકામમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૪૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. પાંડેસરાયુનિટમાં આવતા પ્રેમનગર અને ભેદવાડ દરગાહ નાં સ્લમ વિસ્તારમાં મચ્છરોનો નાશ કરવા માટે ઈન્ડોર રેસીડયુઅલ સ્પ્રેઈંગ ની કામગીરી કરવામાં આવેલ છે.ઉનયુનિટમાં હેલીમાં રેસીડેન્સી નાં બાંધકામમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

પૂર્વઝોનના લંબેહનુમાન યુનિટનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવતાં સૌરાષ્ટ્ર કોલોની બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૨૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. આમ, પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાંથી આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલઃ– ૨૩૩૮૩ ઘરોમા ૪૦૭૫૨ સ્પોટ સર્વે કરી કુલ ૧૫૩ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.તેમજ ઝોન વિસ્તારમાંથી કુલઃ– ૧૧૨૦૦/– રૂ. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા કુલ ૬૧ નોટીસ આપવામાં આવેલ છે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# <u>પ્રેસનોટ</u>

**સરકારશ્રીનાં જીવલેણ એવા શીતળા નાબુદી રસીકરણ અભિયાનના ભાગરૂપે સને ૧૯૭૯ થી આ શીતળાનો રોગ સંપૂર્ણ નાબુદ થયેલો છે. જેનાં આપ વાલી/વડીલો/શિક્ષકો–સાક્ષી છો. જયારે આવા જ પોલીયો નાબુદી અભિયાનમાં પણ આપ વાલી/વડીલોશ્રીના સહયોગથી જ ભારત દેશને ૨૦૧૬ થી પોલીયો મુકત જાહેર કરવામાં આવેલ છે.**

આ મીઝલ્સ–રૂબેલા રસીકરણ કેમ્પેઈન પણ આ જ દિશામાં સને ૨૦૨૦ સુધીમાં મીઝલ્સ નાબુદી અને રૂબેલા નિયંત્રણના ધ્યેયના ભાગરૂપે તા.૧૬/૦૭/૨૦૧૮ થી તા.૧૯/૦૮/૨૦૧૮ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે. જેનાં **પ્રથમ ઓગણત્રીસ દિવસ**માં શહેરની કુલ ૧૫૩૮ પ્રતિષ્ઠિત ખાનગી / સરકારી શાળાઓમાં તાલીમબધ્ધ મેડીકલ ઓફીસરની નિગરાની હેઠળ રસીકરણની કામગીરી હાથ ધરી **કુલ ૯૫૧૧ સેશનમાં <u>૮,૫૧,૭૯૭</u> બાળકોને આ મીઝલ્સ–રૂબેલાની રસી આપી સુરક્ષિત કરવામાં આવેલ છે. આમ, કુલ <u>આઠ લાખ પચાસ હજારથી વધુ બાળકોને</u> આ ઓગણત્રીસ દિવસ દરમ્યાન રસી આપ્યા બાદ કોઈપણ બાળકને આડ અસર થયેલ નથી. જેથી, આ રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે. <u>વધુમાં ૧૫૩૮ પ્રતિષ્ઠિત ખાનગી / સરકારી શાળાઓ પૈકી કુલ ૪૨૮ શાળામાં લક્ષ્યાંકિત બાળકોની સરખામણીમાં ૯૦ ટકાથી ઉપર કામગીરી કરવામાં આવી છે.</u>**

ઉપરોકત કામગીરી જોતાં શહેરના જાગૃત વાલીઓ તથા શાળાના શિક્ષકગણ દ્વારા સારો પ્રતિસાદ મળી રહયો છે. વધુમાં, આ રસી સંદર્ભે કોઈ **<u>ખોટી અફવા / ભ્રામક વોટસએપ મેસેજ/સમાચારથી ગેરમાર્ગે ન દોરવાઈ જઈ</u>** આપના બાળકને આ રસી અપાવી સરકારશ્રીનાં મીઝલ્સ–રૂબેલા રસીકરણ અભિયાનમાં શિક્ષકો/વાલીઓ બહોળી સંખ્યામાં જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમુલ્ય યોગદાન આપે તે માટે સુરત મહાનગરપાલિકા તરફથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આ અભિયાન દરમ્યાન ૯ માસથી ૧૫ વર્ષ સુધીનાં તમામ અંદાજે ૧૧,૮૨,૦૭૨ જેટલાં બાળકોને આ રસી આપવામાં આવનાર છે. જેમાં હાલમાં શાળામાં બાકી રહેલા અને શાળાએ ન જતા બાળકો તેમજ શહેરની હંગામી મજૂર વસાહતો,પેરી અર્બન એરીયા,સ્લમ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર,કન્સ્ટ્રકશન સાઈડ,કડીયા નાકા,ધાર્મિક સ્થળો, ઓવર બ્રિજ નીચે તથા નદી કિનારા વિગેરે સ્થળોએ મોબાઈલ ટીમો મારફતે રસીકરણની કામગીરી કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ કુલ ૪૮ શહેરી આરોગ્ય કેન્દ્રો પરથી પણ દરરોજ આ રસીકરણ કાર્યરત છે.

**<u>નોંધ</u> :– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના બાળકને અગાઉ " મીઝલ્સ–રૂબેલા " ની રસી અપાવી હોય તો પણ આ અભિયાન દરમ્યાન આ રસી જરૂરથી અપાવી રક્ષિત કરશો.**

**ચાલો આપણે સૌ સાથે મળી**

**મીઝલ્સને નાબુદ અને રૂબેલાને નિયંત્રીત કરીએ.....**

**પ્રેસ નોટ**
**નોર્થ ઝોન (કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

મા.કમિશ્નરશ્રીની સુચના અન્વયે એડી.સીટી ઈજનેરશ્રીની સીધી સુચનાથી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ હાલમાં સુરત શહેરનાં જુદા–જુદા વિસ્તારમાં રોડને લાગુ માર્જીન ખુલ્લા કરાવવાની ઝુંબેશના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાનાં શહેર વિકાસ–દબાણ વિભાગ તથા સિક્યુરીટી સ્ટાફ મારફત નોર્થઝોન(કતારગામ)નાં ધ્વારા તા.૦૮/૦૮/૨૦૧૮ થી તા.૧૬/૦૮/૨૦૧૮ દિન–૦૯ (નવ) દરમ્યાન નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબનાં રસ્તાઓ ઉપર પાર્કિંગ /માર્જિન વાળા ભાગમા કરવામાં આવેલ કોમર્શિયલ હેતુસરનાં અનઅધિકૃત દબાણો દુર કરવાની તેમજ લારી–ગલ્લાં હટાવવાની કામગીરી કરવામાં આવેલ છે.

અમરોલી વિસ્તારમાં હાલમાં અમરોલી સાયણ મેઈન રોડ ઉપર હાલમાં નવનિર્મિત અમરોલી ફ્લાયઓવરની બંને બાજુ ૪૫.૦૦ મી. ના ટી.પી.રોડમાં આવેલ સર્વિસ રોડ તેમજ ઉક્ત રોડને લાગુ કોમર્શિયલ એપાર્ટમેન્ટ ને લાગુ શોટ હોલ્ડરો ધ્વારા મિલ્કતને લાગુ માર્જીનની જગ્યામાં કરવામાં આવેલ આશરે ૪૫,૦૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ફેબ્રીકેટેડ સ્ટ્રકચર ઉપર એ.સી. શીટ લગાવ્યા સહિતનાં બાંધકામો તેમજ તેની નીચે બનાવવામાં આવેલ ઓટલા તોડી જાહેર જનતા માટે રોડ તેમજ પાર્કીગ ખુલ્લુ કરાવવામાં આવેલ છે. આમ કરવાથી અમરોલી ચાર રસ્તાથી સાયણ તરફ જતાં રસ્તા ઉપર થતાં આડેધડ પાર્કીગ હવે લાગુ રોડ માર્જીનમાં થતાં સદર વિસ્તારની વર્ષો જુની સમસ્યાનો કાયમી ઉકેલ થયેલ છે.

અમરોલી માન સરોવર સર્કલથી મનીષા ગરનાળા સુધીનાં ૩૬.૦૦ મી.નાં ટી.પી.રોડને લાગુ માર્જીનમાં તથા હાલમાં નવનિર્મિત મનીષા ગરનાળાથી ઉત્રાણને જોડતાં રેલ્વે ફ્લાય ઓવર બ્રીજનાં સર્વિસ રોડમાં આશરે ૩૭૦૦૦.૦૦ ચો.ફુટ માં બનાવવામાં આવેલ કાચાં –પાકા ઓટલા તેમજ ફેબ્રીકેટેડ સ્ટ્રકચર ઉપર એ.સી. શીટ લગાવ્યા સહિતનાં સ્ટ્રકચર દુર કરી સદર રોડ ઉપરનાં માર્જીન ખુલ્લા કરવામાં આવેલ છે. આમ થવાથી સદર રોડ ઉપર થતી ટ્રાફીક જામની સમસ્યાનો કાયમી ધોરણે નિકાલ થયેલ છે.

તદ્‌પરાંત મહાવીર સોસાયટી થી રજવાડી પાર્ટી પ્લોટ થઈ કોસાડ ગામ તરફ જતાં ૪૫.૦૦ મી.નાં ટી.પી.રસ્તા ઉપર રોડ ને લાગુ માર્જીનમાં આશરે ૩૪૦૦૦.૦૦ ચો.ફુટમાં બનાવામાં આવેલ કાચાં–પાકા ઓટલા તેમજ ફેબ્રીકેટેડ સ્ટ્રકચર ઉપર એ.સી. શીટ લગાવ્યા સહિતનાં સ્ટ્રકચર દુર કરી સદર રોડ માર્જીન પાર્કીગ માટે ખુલ્લા કરવામાં આવેલ છે.સદર ઝુંબેશની સાથે સાથે ઉક્ત જાહેર રસ્તાઓ તેમજ માર્જીન વાળા ભાગમાં શાકભાજી, ખાણી–પીણીનું તેમજ અન્ય પ્રકારનાં વેચાણ કરતાં ફેરીયાઓનાં દબાણ દુર કરવાની કામગીરી અન્વયે આશરે ૧૨૫ લારી–ગલ્લાંઓના દબાણ દુર કરવામાં આવેલ છે. ઉપરોક્ત તમામ વિસ્તારમાં કોમર્શિયલ એપાર્ટમેન્ટો, સ્કૂલો તેમજ ઈન્ડીવીડયુઅલ દુકાન ધારકો ધ્વારા માર્જીનવાળા ભાગમાં કરવામા આવેલ દબાણો દુર કરવાથી કુલ ૧,૧૬,૦૦૦.૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી થવાથી જાહેર રસ્તા ઉપર થતાં પાર્કિગ હવેથી રોડને લાગુ માર્જિનવાળા ભાગમાં થવાથી અમરોલી વિસ્તારમાં કાયમી ટ્રાફિકનાં ભારણ રહેતા માર્ગો પરની વર્ષો જુની ટ્રાફિક જામની સમસ્યાનો મહદ્અંશે નિરાકરણ થયેલ છે.

ઉપરોક્ત તમામ વિસ્તારમાં શાકભાજી માર્કેટ તેમજ સ્કુલો આવેલી હતી. આમ કુલ ૧,૧૬,૦૦૦ ચો.ફુટ રોડ સાઈટ માર્જીન ખુલ્લુ થવાથી હવે જે ટી.પી.રસ્તા ઉપર પાર્કીગ થતાં હતા તે રોડને લાગુ માર્જીનમાં આશરે થશે. જેને કારણે અમરોલી જેવાં ભરચક વિસ્તારમાં વર્ષો જુની ટ્રાફિકજામની સમસ્યા નો મહદઅંશે નિરાકરણ થયેલ છે. ઉકત કામગીરી દરમ્યાન સદરહું વિસ્તારની જાહેર જનતા ધ્વારા સ્વૈચ્છિક રીતે દબાણો દુર કરી મહાનગરપાલિકાની કામગીરીમાં સહભાગી થયેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.............
તા. ૧૮–૦૮–૨૦૧૮

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**જાહેર આરોગ્ય ખાતુ – માર્કેટ વિભાગ** |

## મહાનગરપાલિકાએ ઢોરોના ત્રાસને ડામવા SRP બંદોબસ્ત મળતાં કુલ–૧૧૬ રખડતા ઢોરોને પકડી પાડી મ્યુ.ઢોર ડબ્બામાં પુરવામાં આવેલ.

સુરત શહેર હદ વિસ્તારમાં આવેલા કેટલાંક વિસ્તારોમાં રખડતા – ભટકતા ઢોરોનો ત્રાસ વધુ પ્રમાણમાં રહેતો હોય, તા.૧૮/૦૮/૨૦૧૮ ની વહેલી સવારે એટલે કે, ૦૦:૩૦ કલાકે ઢોર ત્રાસ અંકુશ વિભાગને SRP બંદોબસ્ત ફાળવતાં ઢોર ત્રાસ અંકુશ વિભાગની ટીમોએ ફાળવેલ SRP નો બંદોબસ્ત મેળવી રખડતા ઢોરોના ત્રાસ વિરૂધ્ધ ઝુંબેશ ઉપાડી સુરત શહેરના વિવિધ વિસ્તારો નામે– કતારગામ, બાપા સીતારામ ચોક, લલીતા ચોકડી, સેન્ટ્રલ ઝોન–ધાસ્તી પુરા, ભટાર રોડ, ઉમરા–વેસુ, ડુમસ, રાંદેર રોડ, પાલ રોડ, વેડ–ડભોલી રોડ, સીંગણપોર રોડ, બુટભવાની રોડ, ભકિતનગર, એ.કે.રોડ, વરાછા રોડ, લીંબાયત, ઉધના–પાંડેસરા, પુણા અને કાપોદ્રા વિસ્તારમાંથી છેલ્લા બે દિવસ દરમ્યાન રખડતા ઢોર નંગ–૧૧૬ પકડી પાડી મ્યુ. ઢોર ડબ્બામાં પુરવામાં આવેલ. ઢોર ત્રાસ અંકુશ વિભાગની SRP પોલીસ બંદોબસ્ત હેઠળની કામગીરી જોઈ પશુ પ્રત્યે નિષ્કાળજી દાખવી જાહેર રસ્તા ઉપર રખડતા / ભટકતા છોડી મુકતા પશુપાલકોની અંદર ફફડાટ વ્યાપી ગયેલ છે.

વધુમાં પશુઓ પ્રત્યે નિષ્કાળજી દાખવતા પશુપાલકો સામે ફોજદારી કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે અને આ કામગીરી દિવસે દિવસે વધુ વેગવંતી બનાવવામાં આવશે નું માર્કેટ ખાતાએ એક યાદીમાં જણાવ્યું છે.

# પ્રે સ નો ટ

